# ગુજરાતની એક બહુઅલ્પ અજાણી જાતિ - ગોંડ-રાજગોંડ

## (પરિવર્તન અને વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રી અભ્યાસ)


**લેખન**

ચંદ્રકાન્ત એસ. પટેલ

**સંકલન**

ડૉ.ચંદ્રકાન્ત ઉપાધ્યાય



**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર** ૪૫૦

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૨૦૦૯

# આભાર દર્શન

ગુજરાત રાજ્યમાં ૨૫ આદિવાસી જાતિ સમૂદાયો પોતાની આગવી લાક્ષણિકતાઓ સાથે, વધારે કે ઓછી વસતિ સંખ્યામાં વસવાટ કરે છે. આ આદિવાસી સમૂદાયો એકબીજા સાથે વસે છે. તદ્ઉપરાંત બીજા જાતિ સમૂદાયો સાથે પણ વસતા જોવામળે છે. આવો જ એક ઓછી વસતિ સંખ્યા ધરાવતો, ગુજરાતના બહુ થોડા વિસ્તારોમાં વસતો ગોંડ - રાજગોંડ આદિવાસી સમૂદાય છે. જેની બહુ સંખ્યા વસતિ મધ્યપ્રદેશ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર રાજયમાં પથરાયેલી છે. ગુજરાતના સુરત, વલસાડ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, અમદાવાદ વગેરે,૬ જલ્લાઓમાં ૧૯૬૧, ૧૯૭૧માં માત્ર નોંધાઈ હતી.જે વખત જતાં ૧૯૮૧, ૧૯૯૧ અને ૨૦૦૧ સુધીમાં એકબીજા કારણોસર વિસ્તરતાં અનુક્રમે ૧૭ જિલ્લામાં અને ૧૫ જિલ્લાથી,૧૭ જિલ્લાઓમાં પથરાયેલી છે. આટલા વિસ્તારોમાં નામ પૂરતા કુટુંબો વસવાને લઈને તે હજુ અજાણ છે. તેના વિશે કોઈ લેખિત સાહિત્ય પ્રગટ થયુ નથી. તે કયા વંશ કે મૂળ જાતિ સમૂદાયના છે તે વિશે ગુજરાત રાજય પૂરતી કોઈ આધારભૂત માહિતી નથી. બાકી ભારતની આદિવાસી જાતિઓમાં વસતિ સંખ્યાની રીતે પ્રથમ ક્રમે આવે છે. તેની આસપાસ વસતા જાતિ સમૂદાયો સાથે સાંસ્કૃતિક સામ્યતા છે ? તેમની રહેણીકરણીમાં વિભિન્નતા જોવા મળે છે. કયારેક એક જ જિલ્લામાં વસતા જૂથોમાં ઝીણવટપૂર્વક જોઈએ તો ભિન્નતા જોવા મળે છે.

અહીં આ અભ્યાસ દ્વારા જે પાસાંઓને આવરીને ગોંડ-રાજગોંડ જાતિના સમાજના રચના તંત્રને સમજવા ક્ષેત્રકાર્ય આધારિત માહિતી મૂકવાનો પૂરેપૂરો પ્રયાસ કર્યો છે તે ખૂબ જ ઉપયોગી બનશે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન વલસાડ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, અમદાવાદ, નવસારી વગેરે જિલ્લાના તાલુકા વિસ્તારના ગામોના ગોંડ-રાજગોંડ સમૂદાયના કુટુંબોમાંથી ખૂબ જ સારો સહકાર સાંપડ્યો હતો. તેઓએ પૂછાયેલી દરેક માહિતીનો નિખાલસતાથી અવગણના કર્યા સિવાય માહિતી પૂરી પાડી હતી. તેમનો આભાર માનું એટલો ઓછો છે. કારણ કે તેમના સહકાર વિના આ કામ શકય બની શકયું ન હોત. એટલે આ આદિવાસી વસતી ધરાવતા ગામોનો આભાર માનું છું. જેમને કેટલીક ખૂટતી માહિતી પૂરી પાડી હતી.

ચંદ્રકાન્ત પટેલ

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક-<br>અભ્યાસ વિષયક હેતુંઓ, મહત્વ અને આવરેલ જિલ્લાઓ, ગામો, વિસ્તાર,સ્થાન | ૧ |
| ૨. | ગોંડ-રાજગોંડ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, મૂળ તેમનું સ્થાન<br>વિસ્તાર, વસ્તી | ૫ |
| ૩. | વ્યક્તિત્વ, ભૌતિક સંસ્કૃતિ | ૩૬ |
| ૪. | સામાજિક(સંરચના) આર્થિક જીવન માળખું,<br>શૈક્ષણિક, ધાર્મિક જીવન | ૪૪ |
| ૫. | તારણો, સમસ્યાઓ અને વિકાસલક્ષી સૂચનો-સુઝાવો | ૮૧ |
| | સંદર્ભસૂચિ | ૯૫ |

# પ્રકરણ-૧

# પ્રાસ્તાવિક

## વિષય પ્રવેશ :

અણવિકસીત વિસ્તારોનો અને તેમાં વસતા નાના-મોટા સમૂદાયોના કુટુંબોનો વિકાસ ત્યારે જ શક્ય બને, જયારે વિકાસની પ્રક્રિયાના પ્રયત્નો સતત ચાલુ રહે, અને તો જ સામાજિક, આર્થિક કે બીજા પાસાંઓનો વિકાસ શક્ય બને. આ હકીકત લક્ષમાં રાખી હોવા છતાં,આ એવા વિસ્તારો અને તેમાં વસતા કુટુંબો કે જેવો સમગ્ર પ્રાયોજનાના વિસ્તારોનાં માળખામાં કે તેની બહાર શહેરી વિસ્તારોમાં તેમજ રાજયના પૂર્વ વિસ્તારના સમગ્ર પટ્ટીના,ડુંગરાળ-જંગલ, ખીણોથી ભરેલા,છેક ઊંડાણના વિસ્તારોમાં હોઈ કંઈ કેટલાય કારણસર વિકાસના લાભો તેમના સુધીપહોંચી શક્યા નથી કે લઈ શક્યા નથી. એવા કેટલાક સમૂદાયો છે જે કોઈ જુદા કારણોસર યોજનાઓના વિકાસ કાર્યક્રમથી વંચિત હોય. કેટલાક નાના નાના આદિવાસી સમૂદાયો જેમણી વસતિ સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલી હોઈ, જાગ્રતિનો અભાવ હોઈ, વિકાસની સહાયોથી વંચિત હોય છે. સહાય વિનાના તો રહ્યા,સાથે સાથે પછાત ગરીબ હોઈ,ન્યુનતમ સગવડોના અભાવે ગરીબી રેખા નીચે તેઓ જીવન ગુજારે છે. અહીયાં એવો જ એક નાનો ગુજરાતમાં વસેલો આદિવાસી વસતિ સમૂદાય જે હજુ અજાણ છે,તે જયાં વસે છે,તે વિસ્તારો અને તે સમૂદાયના કુટુંબોને ધ્યાનમાં રાખીને તેને શોધીને અભ્યાસ કરવાનો અહીં ખ્યાલ છે. કારણ કે મોટા આદિવાસી સમૂદાયો વિશે અભ્યાસો ઘણા થાય છે, પરંતુ અનેક નાના આદિવાસી સમૂદાયો વિશે ખાસ કંઈ લખાણ મળતું નથી. અહીયાં એવા નાના સમૂદાયને ધ્યાનમાં રખાયો છે,જેથી કરીને બહુજન સમાજના ધ્યાન પર આવી શકે. બીજા આદિવાસી સમૂદાયોની જેમ,ગોંડ-રાજગોંડ આદિવાસી જાતિને પણ આગવી સમાજરચના અને સંસ્કૃતિ છે. તેમનું સમાજજીવન કેવું છે ? તેમના આર્થિક, સામાજિક, ધાર્મિક જીવન વ્યવહારો કેવી રીતે ગોઠવાયેલા છે ? તેમની પરંપરાગત જીવનપદ્ધતિઓમાં પરિવર્તન જોવા મળે છે ? બહારથી અન્ય સમાજોની અસરોથી તેઓની સ્થિતિ શું છે ?

## સંશોધન સમસ્યા :

સમગ્ર ભારત દેશમાં ઘણા બધા રાજયોમાં આદિવાસી સમૂદાયોની,જૂથોની વસતિ સારા પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાત રાજયમાં પણ ઘણા આદિવાસી સમૂદાયોની વસ્તી જોવા મળે છે. ગુજરાત રાજયમાં વસતિ સંખ્યાની દૃષ્ટિએ પણ સારી એવી વસ્તી તેઓની છે. જો કે તેમાંના કેટલાક જૂથોની વસ્તી વધારે તો કેટલાકની વસ્તી નહીંવત પ્રમાણમાં છે. આ આદિવાસી જાતિ સમૂદાયો કોઈને કોઈ પરિસ્થિતિને કારણે વિકસિત સમાજથી આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રાજકીય બાબતોમાં પોતાની આગવી જીવનપદ્ધતિથી જીવે છે. આ લોકો દબાયેલા, શોષિત તેમજ આર્થિક પછાતપણા હેઠળ જીવે છે. તેથી જ તો દેશ આઝાદ થયો અને બંધારણ ઘડાયું તેમાં,તેમના વિકાસ માટે આગળ જોગવાઈઓ કરીને તેમના વધુ વિકાસને માટે વિકાસ ઘટકો પણ ઉભા કરવામાં આવ્યા હતા. જેને પરિણામેજ તેમની કેટલીક પરંપરાગત જીવન

પ્રણાલીઓમાં ધીમું કે ઝડપથી પરિવર્તન આવેલું જોઈ શકાય છે. તેમ છતાં સભ્ય સમાજના પ્રમાણમાં હજુ તેઓમાંના કેટલાક સમૂદાયો જોજન દૂર રીતે પાછળ જાણે રહી ગયા હોય તેવું લાગ્યા વિના રહેતું નથી. તેમની આવી પરંપરાગત સંસ્કૃતિ અને બહારથી અન્ય સમાજોની અસરો, તેમજ બીજા અનેક વિધ પરિબળોએ જે તેમની મૂળભૂત જીવન પદ્ધતિમાં સંસ્કૃતિમાં ઘણે ઠેકાણે મૂળથી અસરો કરીને બદલી નાખ્યા છે.

ઘણા જૂના સમયથી અને આજે નવા વિકસિત શાસ્ત્રોથી સમાજ વિજ્ઞાનીઓ દ્વારા જે અભ્યાસો થયા તે માત્ર ઉપરછલ્લા કે થોડા પાસો લઈને થયેલા જોવા મળે છે. પરંતુ સમય જતાં પદ્ધતિસર વૈજ્ઞાનિક ઢબે અનેકવિધ માનવ સમૂદાયોના અભ્યાસો થયા છે. આદિવાસી સમૂદાયોમાં જૂના સમયથી તેઓની જીવનપદ્ધતિઓ વિષે જાણકારી પ્રાપ્ત કરી, માત્ર જ્ઞાન મેળવવા કે તેઓના વિકાસના સંદર્ભે એક યા બીજી રીતે પ્રયત્નો થયા છે. શરૂઆતમાં મિશનરીઓ, પરદેશના સંશોધકો ઉપરાંત જુદી જુદી સંશોધન સંસ્થાઓ દ્વારા આવા સંશોધનો થયેલા. આઝાદી બાદ આદિવાસી સમૂદાયોમાં પણ, તેમની જીવન પદ્ધતિઓ જાણી વૈજ્ઞાનિક ઢબે અભ્યાસો થયા છે. તેમાંથી કેટલાક આદિ જૂથો વધુ વસ્તી ધરાવે છે. અને જે જાણીતા પણ છે. તેઓના અભ્યાસો થતાં, માહિતી રજૂ થતાં પ્રકાશમાં આવ્યા છે. તેઓના વિકાસ તથા સ્થાન માટે તેઓએ, તેમજ સરકારી, તેમજ બિનસરકારી સંસ્થાઓએ કે વ્યક્તિઓએ, કંઈને કંઈ પ્રયત્નો કર્યો છે. આવા કેટલાક આદિવાસી જૂથો જે ખૂબ ઓછી વસ્તી ધરાવતા હોવાથી કે અન્ય કારણોસર તેમના વિશે કંઈ માહિતી ન હોવાથી કે માહિતી રજૂ ન થવાથી તેમની સતત અવગણના થઈ છે. જેથી તેઓ ખૂબ જ ઓછી પ્રગતિ કરી શક્યા છે કે પ્રકાશમાં આવ્યા નથીતો આવા નાના સમૂદાયોની સંસ્કૃતિ શું છે ? તેમની દશા શું છે ? ઉપરાંત આવા નાના સમૂદાયો પરિસ્થિતિ વંસ સ્થળ બદલતા રહે છે અથવા અનેક સ્થળોએ તેમની જાતિની વસ્તી પ્રસરતી જાય છે. તેમની મૂળભૂત સંસ્કૃતિ આધુનિક નવીન અનેકવિધ પરિબળોને લઈને નામશેષ થતી જાય છે. તો તે સંસ્કૃતિ નાશ પામે તે પહેલાં જાણી લેવી જોઈએ. તેઓનો અભ્યાસ કરી રસપ્રદ માહિતી ભેગી કરી લેવી જોઈએ.

**અભ્યાસના હેતુઓ-મહત્વ :**

(૧) ગોંડ-રાજગોંડ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં વસે છે. આવા નાના આદિવાસી જૂથો ધ્યાન બહાર હોઈ તેમના વિષે લેખિત માહિતી ઉપલબ્ધ નથી. આવી અજાણી જાતિના જીવનનો ખ્યાલ આવે, એ આશયથી ગોંડ-રાજગોંડ જાતિ અભ્યાસ માટે પસંદ કરી છે.

(૨) ગોંડ-રાજગોંડ જાતિ અલિપ્ત, અજાણ કેમ છે ? આમ કેમ બન્યું છે ? તેમને વિકાસ કાર્યક્રમોના લાભો મળે છે કે વંચિત છે. કારણકે અહીં ગુજરાતમાં નાનો વસતિ સમૂદાય આ જાતિનો છે. તે જાણવા માટે અને અભ્યાસ કરીને, પૂર્તિ કરવા માટે.

(૩) આવી જાતિ મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર વગેરે બીજા રાજયોમાં દેશમાં ખૂબ મોટી વસતિ ધરાવે છે. તેઓ ગુજરાતમાં કેવી રીતે વસ્યા છે. અહીયાં આ આદિવાસી જૂથને તેની

પોતાની આગવી સંસ્કૃતિ, સમાજરચના, સંગઠન કેવુંક છે. તે માળખામાં બાહ્ય અસરોથી શું પરિવર્તન છે,તે જાણવું જોઈએ.

(૪) ગોંડ-રાજગોંડ જાતિનું આર્થિક જીવન માળખું,અહીયા કયા વ્યવસાયોને આધારે છે ? આજે તેઓની શું પરિસ્થિતિ છે ?

(૫) જાતિ,જ્યાં જ્યાં વસે છે, ત્યાં તેની આસપાસ ઘણા પ્રશ્નો છે.તેમાં ગોંડ-રાજગોંડ જાતિના કયા પ્રશ્નો છે ?

(૬) આવા નાના સમૂદાયોના અભ્યાસથી,તેના વિકાસની ગતિશીલતા જાણવા મળશે. અને તે દ્વારા બીજા નાના સમૂદાયોના વિકાસની કેડી મળશે. સાથે સાથે વિકાસ માટે કેવુ આયોજન બનાવીએ તો,આ જાતિનો સર્વાંગી વિકાસ સાધી શકાય.

(૭) આવા અભ્યાસથી આ જાતિ ઉપરાંત બીજા સંશોધકો કે આદિવાસી વિકાસમાં રહેલાઓને માર્ગદર્શન મળી રહેશે.

(૮) સંશોધન અભ્યાસથી જાતિના વિકાસની આડે આવતા,અવરોધક પરિબળો જાણી શકાશે અને વિકાસ માટે ખરેખર શું કરવું જોઈએ,તે જાણી શકાશે. તેમાંથી દિશા સૂચન અને માર્ગદર્શન પણ મળશે.

(૯) યોજનાઓ અંગે આ જાતિના કુટુંબોનો શું અભિપ્રાય છે,તે પણ જાણી શકાશે.

**સંશોધન પ્રવિધિઓ :**

વિષય સંબંધી માહિતીને એકત્ર કરવા માટે ગોંડ-રાજગોંડ જાતિ, જે વિસ્તારોમાં વસે છે તે કુટુંબોની માહિતી મેળવવા માટે અનુસૂચિ, કુટુંબપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. સંશોધનમાં સંખ્યાધિક પાસાંની સાથે ગુણાત્મક પાસાંઓને મહત્વ આપવામાં આવ્યું હતું. સાથે સાથે કેટલીક માહિતી માટે નિરીક્ષણનો ઉપયોગ કર્યો હતો. તપાસના કુટુંબોની સામાન્ય માહિતી,ઉપરાંત અભ્યાસને અનુરૂપ આ જાતિ અંગેની તેને લગતી જરૂરી સઘળી વિગતો મેળવી હતી. પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય અને દ્વૈતિયક માહિતી માટે ગ્રંથાલયનો ઉપયોગ કરાયો હતો. દરેક ગામોમાં જઈને કુટુંબોને મળીને તેમની સંસ્કૃતિ, ધાર્મિક રીતરિવાજો, આર્થિક પ્રવૃત્તિઓ વિષેના પાસાંઓની ઊંડાણથી માહિતી મેળવી હતી. તેમની સમસ્યાઓ, ઉપાયો અને વિકાસને લગતા સૂચનોની માહિતી સ્થાનિક વહીવટી અધિકારીઓ, આ જાતિના સમાજના આગેવાનો અને તેમનામાંથી અનુભવી વ્યક્તિઓને મળીને મેળવી હતી. ઉપરાંત સંશોધકને પોતાને પણ તેમનામાંથી જાણવા મળેલી માહિતીને આધારે અને નિરીક્ષણને આધારે,જે જે જણાઈ,તે અહીં મૂકવાનો પ્રયાસ કર્યો છે.

**તપાસ વિસ્તારો અને કુટુંબ પસંદગી :**

દેશની આદિવાસી જાતિઓમાં વિશાળ જનસંખ્યા ધરાવતી સંથાલ અને ભીલ આદિવાસી જાતિઓ કરતાં પણ વધારે જનસંખ્યા ધરાવતી,ગોંડ-રાજગોંડ આદિવાસી જાતિની વસતી સંખ્યા મહદ્અંશે દેશના કુલ આઠેક રાજયોમાં વસવાટની રીતે નોંધાયેલી છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, કર્ણાટક,

બિહાર, પશ્ચિમ બંગાળ અને ગુજરાત તેમાં પાંચેક રાજયોમાં લાખથી વધારે વસતિ સંખ્યામાં ગોંડ-રાજગોંડ જાતિ વસવાટી છે. મધ્યપ્રદેશમાં ગોંડ જાતિની વસતિ બધા રાજયો કરતાં સવિશેષ પ્રમાણમાં નોંધાયેલી છે. સૌથી ઓછી વસતિ ગુજરાત, પશ્ચિમ બંગાળ અને મ્હૈસુર રાજયોાં નોંધાયેલી છે. ગુજરાત રાજયમાં ૧૯૬૧માં માંડ ૬ (છ) જિલ્લામાં માત્ર ૮૭ (૦.૦૨ ટકા) ની ગુજરાતની કુલ વસતિમાં આદિવાસી વસ્તીએ ૧૯૭૧માં માંડ ૫ (પાંચ) જિલ્લામાં માત્ર ૪૦૨ (૦.૦૨ ટકા)ની ૧૯૮૧માં માંડ ૧૩ (તેર) જિલ્લામાં ૧૦૫૬ (૦.૦૨ ટકા), જયારે ૧૯૯૧માં ૧૭ જિલ્લામાં વિસ્તરીને માંડ ૧૩૪૧ (૦.૦૨ ટકા) અને ૨૦૦૧માં વિસ્તરીને ૨૩ જિલ્લાઓની માંડ ૨૧૫૨ (૦.૦૨ ટકા)ની વસ્તી થવા પામેલી નોંધેલી જોવા મળે છે.

આ અજાણી, ધ્યાન બહાર ગયેલી, જેની ગુજરાતમાં ખાસ કોઈ લેખિત માહિતી નથી. તેવી ગોંડ-રાજગોંડ જાતિની વસતિ સંખ્યા અંદાજિત ક્ષેત્રકાર્ય દરમ્યાન, ગોંડ-રાજગોંડ જાતિના કુટુંબોના લગ્ન જેવા સામાજિક સંબંધો અને વ્યવસાયિક સંબંધોથી જાણવા મળેથી હતી. જે વસતિ ગણતરીના ૨૦૦૧ના આંકડા કરતાં કુટુંબ સખ્યામાં સવિશેષ જણાઈ હતી. ક્ષેત્રકાર્ય દરમયાન જાણવા મળેલા અંદાજિત કુટુંબોમાં વડોદરા (એકતાનગર) ૨૫ કુટુંબો, અમદાવાદ (ઘોડાસર તળાવ-રાજગઢ મહોલ્લો) ૪૦ કુટુંબો, હિંમતનગર, કોલેજ કંપાઉન્ડ સામે) ૨૫ કુટુંબો, ગાંધીધામ-આદિપુર (કોર્ટ સામેના મેદાનમાં) ૫૦ કુટુંબો, રાજકોટ-કેસોદ ૩૦ કુટુંબો અને ગ્રામ્ય વિસ્તારના જાણવા મળેલા કુટુંબોમાં પંચમહાલ શહેરા- સંતરામપુરના ગામોના ૨૫ કુટુંબો, વલસાડ (ધરમપુર-કપરાડા) ના ૧૦ કુટુંબો, નવસારી (વાંસદા- નવસારી) ના સુરત (વાલોડ, બારડોલી) ના બધા મળીને ૨૧૨ જેટલા કુટુંબો, તેમજ શહેરોમાં શિક્ષણ પામીને નોકરી કરતા પાંચ જેટલા કુટુંબો જણાયા હતા. આ તપાસ અભ્યાસ હેઠળ આ નોંધાયેલા અને જાણવા મળેલા કુટુંબોને ખ્યાલમાં રાખીને એ વિસ્તારો અને કુટુંબોને શોધીને, તેમાંથી ૫૦ જેટલા કુટુંબોને સમાવીને, તેમની પાસેથી માહિતી એકત્રીત કરીને, જે વિગતો જાણવા મળી હતી, તે અહીયાં મૂકી છે.

**કોઠા નં.૧.૧**

**આવરી લેવાયેલા વિસ્તારો, ગામો અને કુટુંબોની માહિતી નીચે મુજબ છે.**

| ક્રમ | વિસ્તાર-શહેર | વિસ્તાર/ગામ | આવરેલ કુટુંબો |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ઘોડસર (રાજગઢ મહોલ્લો) | ૧૦ |
| ૨. | વડોદરા | પાણીગેટ (એકતાનગર) | ૧૦ |
| ૩. | પંચમહાલ | શેખપુર | ૧૦ |
| ૪. | સુરત, નવસારી, વલસાડ | (કડોદ, વારોલી જંગલ જોગીપાડા, અનાવલ) | ૧૦ |
| ૫. | હિંમતનગર | કાટવારોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ |
| | કુલ | | ૫૦ |

## પ્રકરણ-૨

## ગોંડ-રાજગોંડ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, મૂળ તેમનું સ્થાન- વિસ્તાર- વસ્તી

ભારતના આદિવાસી પ્રજાતીય જૂથોની ઉત્પત્તિ અંગે વિવિધ સમાજમાનવશાસ્ત્રીઓ, વિવિધ અભ્યાસીઓના અને કેટલાક વિદ્વાનોના વિવિધ મતો પ્રવર્તે છે. તેમાં કેટલીક લોક માન્યતાઓ અને ઐતિહાસિક માહિતીના આધારો પણ છે. પરંતુ તેમાંના કેટલાક માત્ર માન્યતા આધારિત હોય તેવું જોવા મળે છે. તેમાં આગળ કે પાછળ કોઈ સંદર્ભ જ જોવા મળતા નથી. આવી લોકમાન્યતાઓ અને ઐતિહાસિક માહિતી મોટાભાગની આદિવાસી જાતિઓ માટે પ્રચલિત છે. તે રીતે ગોંડ-રાજગોંડ જાતિ અંગે પણ કેટલાક આધારો અને મત,મંતાંતરો જાણવા મળે છે.

**ગોંડ-રાજગોંડ :**

ગોંડ આદિજાતિ સમૂહના લોકો ખાસ કરીને દક્ષિણ એશિયામાં ખૂબ મોટા સમૂદાયમાં જોવા મળે છે. ગોંડ નામનો ઉલ્લેખ એવો થાય છે કે એવા આદિજાતિ લોકો જે સમગ્ર ભારતના પર્વતાળ કે દ્વીપ પર રહે છે. મોટે ભાગે તેથી જ તેમને ગોંડ એટલે કે (ટેકરી પર રહેનારા લોકો) અથવા 'કૂઈ' અથવા કોઈતૂર તરીકે પોતાની જાતને ઓળખાવે છે. વિદ્વાનો માને છે કે ગોંડ જાતિના લોકો ગોંડવાનોમાં સ્થાયી થયા. જે હાલમાં પૂર્વ મધ્ય પ્રદેશ તરીકે ઓળખાય છે. જેઓ નવમી કે તેરમી સદીમાં સ્થાયી થયા. મુસ્લિમ લેખકો ચૌદમી સદી પછીનો ગોંડ રાજયોનો વિસ્તાર વિશે વર્ણવે છે. ગોંડ રાજકુળોએ ચાર રાજયોમાં રાજય કર્યુ. (ગૃહમંડળ, દેવગ્રહ, ચંડા અને ખેરલા) મધ્ય ભાતરમાં ૧૬મી અને અઢારમી સદીની મધ્ય વચ્ચે ગોંડ જાતિના લોકોએ રાજ કરેલું.

૧૭૪૦માં મરાઠા સત્તાએ ગોંડ જાતિના લોકોની જમીન પર પગ પેસારો કર્યો તેઓએ ગોંડ રાજાઓને હરાવ્યા અને તેમના મોટાભાગના પ્રદેશ પર ઘેરો ઘાલ્યો અને તેઓની જમીન કબજે કરી લીધી. જેમાંના કેટલાક ગોંડ જમીનદારો હાલ પણ મોજૂદ છે. જો કે ગોંડ જાતિને ઘણા આદિજાતિ સમૂહો સાથે સરખામણી કરવામાં આવે છે કેમ કે અત્યારે તેઓ ગંભીર આર્થિક મુશ્કેલી વેઠી રહ્યા છે.

ગોંડ જાતિમાં વસવાટી સ્થળોની રીતે બતાવાયુ છે તેમ ગોંડ લોકો સમગ્ર મધ્યભારતમાં અને મહારાષ્ટ્ર અને ઓરિસ્સા રાજયમાં રહે છે. તેઓ પરંપરાગત રીતે ટેકરી અને પર્વતાળ વિસ્તારોમાં એટલે કે ટાપુ પર રહેતા હોવાથી 'પર્વતાળ લોકો' તરીકે ઓળખાય છે. ઘણા ગોંડ લોકો સાતપુરા ટેકરી તેમજ મઈકાલા પર્વત માળા અને સોન-દેવગર ટાપુ પર રહે છે. ઘણી ગોંડ જાતિ ઉત્તર ઓરિસ્સાના ગૃહજાત ટેકરી પર પણ રહે છે.

દરેક પ્રજા અને જાતિને પોતાનો ઈતિહાસ અને કિવદંતિ-દંતકથાઓથી સભર પોતાનું અસ્તિત્વ કાંતો જાળવી રાખ્યું છે કે તેમાં બદલાવ આવેલો હોય છે. અહીં અભ્યાસની ગોંડ-રાજગોંડ જાતિના ઐતિહાસિક ઉલ્લેખો ગોંડ (ભારતની એક પ્રમુખ જનજાતિના સાંસ્કૃતિક અભ્યાસમાં અનુવાદક શ્રી પુરૂષોત્તમ

શાહે સંપાદક- ડૉ ઠાકોરભાઈ નાયક અને શ્રી ગૌરીશ પંડ્યા દ્વારા ૧૯૮૨માં આદિવાસી કેન્દ્ર દ્વારા મૂળ અભ્યાસમાંથી મૂક્યા છે.)

છઠ્ઠાથી બારમા સૈકાના ગાળામાં મધ્યપ્રાંતના વિવિધ ભાગોમાં રજપૂત વંશો રાજય કરતા હતા. પછી તેઓ અદશ્ય થાય છે કે નિષ્ક્રીય રહે છે અને ચૌદમી સદી કે તે પછીના સમય સુધીનો ગાળો ખાલી રહે છે. ચૌદમી સદી પછી ગોંડ રાજયો સ્થપાયેલા માલૂમ પડે છે. બેતુલમાં ખેજલા, છીંદવાડામાં, દેવગઢ, ગટમંડલા, જબલપુર પ્રદેશ સાથે અને બંડકથી ચૌદ માઈલે આવેલ ચંદાવા.

ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઉત્તર હિન્દમાં મુસલમાનોના આક્રમણ થવાથી હિન્દુઓની મધ્યસ્થ સત્તા નબળી પડી અથવા નાશ પામી અને દૂરના સંસ્થાઓને તેમની મદદ મળતી અટકી ગઈ. એ સંજોગોમાં ગોંડ લોકોએ હિન્દુ વંશોને ઉથલાવી પાડ્યા. આમ હિન્દુ રાજયો સ્થપાયા ત્યાર પછી ગોંડ લોકો મધ્ય પ્રાંતમાં આવ્યા હશે, તે પહેલાં નહિ એમ માનવાને થોડુ કારણ છે. પરંતુ આ મુદ્દો અત્યારે શંકાસ્પદ ગણાતો રહ્યો. તો પણ એ બાબતમાં શંકાને સ્થાન નથી કે ગોંડ લોકો ચંદા અને ખેરલા વિસ્તાર મારફતે દક્ષિણમાંથી આવેલા છે.

ચૌદમી સદી અને તે પછી ગોંડ લોકોએ ઉપર ગણાવેલા સ્થળોએ મધ્ય પ્રાંતમાં રાજયો સ્થાપ્યાં હતાં. બે કે ત્રણ સદી સુધી મધ્ય પ્રાંતના મોટાભાગ ઉપર ગોંડ રાજાઓએ રાજય કર્યુ હતું. એમ નરસિંગપુરની રાજય પદ્ધતિ વિષે સ્લીમેને લખ્યું છે.

આ ગોંડ રાજાઓના અમલ દરમ્યાન દેશને મોટેભાગે સાંમતો વચ્ચે વહેંચી નાખવામાં આવ્યો હતો. રાજા જયારે બોલાવે ત્યારે આ સામંતોએ ઠરાવેલું લશ્કર લઈ રાજધાનીમાં હાજર થવું પડતું. જયાં જરૂર હોય ત્યાં એ લશ્કરને મોકલવામાં આવતું. પરંતુ તે સિવાય નાણાંના રૂપમાં કઈ ખંડણી આપવાની નહોતી.આ સામંતો ગોંડ હતા અને તેમના કુટુંબોના નિર્વાહ માટે તથા લશ્કર અને રસાલાને પગાર આપવા માટે જે પ્રદેશો તેમના તાબામાં હતા તે વેરાન જંગલો હતા. ગોંડ લોકોને ખુલ્લા મેદાનોમાં ફાવતું નહિ. ૧૬મી સદીથી હિન્દુ ખેડૂતો શાંત રીતે મધ્યપ્રદેશમાં મોટી સંખ્યામાં આવતા થયા અને ઉત્તમ જમીનો ઉપર વસવા લાગ્યા. એટલે ગોંડ લોકો ક્રમશઃ મેદાનોની આસપાસ આવેલી ડુંગરમાળાઓમાં ભરાયા. મંડલા, ગઢ, ખેરલા, દેવગઢ અને ચંદાના રાજયોમાં મુખ્ય મથક એવી જગાએ આવેલા હતાં કે ત્યાં કોઈ ડુંગર હોય અથવા નદી હોય જયાંથી આક્રમણ સામે બચાવ થઈ શકે. વળી તે ફળદ્રુપ મેદાનોની નજીક આવેલાં હતા. તેમાંથી થતી પેદાશ વડે રાજકર્તાના કુટુંબનું તથા રાજધાનીનું ભરણપોષણ થતું.

ઘણીવાર આ મથકોની બીજી બાજુએ ગીચ જંગલો આવેલા હતા. તેથી જો દુશ્મનના હાથમાં મથક જાય તો ત્યાંના રહીશો એ જંગલોમાં ભરાઈ જતા.

મજબૂત અને વિશાળ કિલ્લાઓ બાંધવામાં આવ્યા હતા. તેમાં પાણી માટે તળાવો અને કૂવા બાંધવામાં આવ્યા હતા. આ ઈમારતો ગોંડ લોકોએ પોતે જ બાંધી હતી કે હિન્દુ યા મુસલમાન કારીગરોની મદદથી બાંધી હતી તે નક્કી નથી.

પરંતુ બહારથી આવેલા હિન્દુઓને ગોંડ સહકાર, દયાળુ અને પરોપકારી માલુમ પડી હતી. આ રાજાઓના સરળ, શાંત રાજ્ય અમલનાં પરદેશ આબાદ બન્યો, એના ઢોરઢાંખર વધ્યાં, તિજોરીઓ ભરાઈ ગઈ.

છેક પંદરમી સદીમાં આપણે ફીરીસ્તાનમાં વાંચીએ છીએ કે બેરલાનો રાજા જે પોતે ગોંડ નહિ હોય, પણ ગોંડ લોકોનો રાજા તો હતો જ. તેણે બહુમતી રાજાનું ખાનદાનીથી સ્વાગત કર્યું હતું અને તેને કિંમતી નજરાણું આપ્યું હતું. જેમાં ઘણા હીરા, માણેક અને મોતી હતા.

ગઢ મંડલાની રાણી દુર્ગાવતી વિષે સ્લીમેને લખ્યું હતું : '' આ વંશના તમામ રાજાઓમાં તે (રાણી) ઈતિહાસની ઘટના ઉપર સૌથી વધારે જીવંત છે અને લોકો તેને આભારપૂર્વક સૌથી વધારે યાદ કરે છે. જબલપુરની નજીક આવેલું તળાવ અને બંધાવ્યું હતું અને પોતાના નામ પરથી એનું નામ રાણી તળાવ પાડયું હતું અને ગઢ નજીક બીજા ઘણાં ઉપયોગી કામો એણે કરાવ્યા હતાં.

૧૫૬૪ માં જયારે અકબરના એક સેનાપતિએ ચાંડગઢના કિલ્લાને ઘેરો ઘાલ્યો હતો ત્યારે ત્યાંથી મળેલાં લૂંટના માલમાં ઝવેરાત, સોના-ચાંદીની મૂર્તિઓ અને બીજી કિંમતી ચીજો ઉપરાંત સોનામહોરો ભરેલા સોથરું અને એક હજાર હાથી મળ્યા હતાં. એમ ફિરિસ્તા લખે છે.

ચંદાના રાજયકર્તાઓ વિષે ત્યાંના સેટલમેટ અધિકારીએ લખ્યું હતું : '' છેલ્લા થોડા વર્ષો બાદ કરીએ તો, તેઓ તેમની પાછળ સંતોષી સુરાજ્ય મૂકી ગયાં હતા. એ રાજય પ્રશસ્થ ઈજનેરી કામોથી શોભતુ હતું અને એવું આબાદ હતું કે એવું આબાદ પછીના રાજયમાં એ કદી થયું નહોતું. રાજ કુટુંબની કબરો, સરોવરો અને મહેલોમાં એમનો વૈભવ અંકતિ થયેલો છે. પરંતુ એમની સૌથી વધારે મોટી યાદગીરીનો ચંદા શહેરની સરહદે એમણે બાંધેલી સાત માઈલ લાંબી પથ્થરની દીવાલ છે. અત્યારે ચંદા શહેર નાનું થઈ ગયું હોવાથી એને માટે એ ઘણી વધારે પહોળી લાગે છે. પરંતુ તે જંગલ અને મેદાનની સરહદે આવેલી છે. એની સામે વર્ધા નદીની ફળદ્રુપ ખીણ આવેલી છે અને શહેરની દીવાલોની પાછળ અને એની હદ સુધી પૂર્વ તરફ વિસ્તરતું ઊંડું જંગલ આવેલું છે.

લોક માન્યતા છે કે ચંદાની મહાન દીવાલ અને ગોંડ રાજાઓની કબરો તથા જૂનો નાના મહેલ જેવી ઈમારતો કાપુ અથવા મુનુરવાર જ્ઞાતિના તેલુગુ કડિયાઓએ બાંધી હતી.

ગોંડ રાજાઓનો બીજો પ્રશસ્થ નિયમ એવો હતો કે જે કોઈ તળાવ બાંધે તેને તે તળાવ નીચે આવેલી જમીન વિના મહેસૂલે બક્ષિસ આપવામાં આવતી. આ સવલતને આધારે વૈનગંગાની ખીણમાં નાનાં સિંચાઈ તળાવો મોટી સંખ્યામાં બંધાયાં હતાં.

પરંતુ અઢારમી સદીમાં મરાઠા સરદારો મોગલો સાથેનાં લાંબા સમયનાં સંગ્રામને લીધે યુધ્ધ વિધ્યામાં પ્રવીણ થયા અને તેમણે ગાંડવાણા તરફ નજર દોડાવી. એમની સામે બચાવ કરવા જેટલી તાકાત ગોંડ

લોકોમાં હતી નહિ. એમની સમાજ વ્યવસ્થા શિથિલ હતી. શાંતિનાં સમયમાં તેનાથી જીવન નભતું. પરંતુ જ્યારે આક્રમણનો સામનો કરવા ઐક્ય સાધવાની જરૂર પડી ત્યારે તે લોકોનું સંગઠન સાધી શકી નહિ. પરિણામે મેદાનોનો પ્રદેશ કંઈ પણ સંગ્રામ વિના જ મરાઠાઓનાં હાથમાં ગયો.

તો પણ ડુંગરાળ પ્રદેશમાં આવેલા કિલ્લાઓમાં રહેતા સામંતોએ સામનો કર્યા કર્યો અને લૂંટ અને ખૂન વડે વેર લીધા કર્યું. આવા લોકો સામે મરાઠાઓની નીતિ એવી હતી કે ગોંડ લોકોને લૂંટવાનું અને હેરાન કરવાનું ચાલુ રાખવું, જેથી આખરે તેઓ મરાઠાની સત્તા કબૂલ રાખે અને ઓછામાં ઓછું વાર્ષિક ખંડણી આપવાનું વચન આપે. આનું પરિણામ એ આવ્યું કે પર્વતોમાં રહેતા ગોંડ લોકોને સુધરવાના સંજોગો બંધ થયા અને તેઓ ક્રૂર અને દગાખોર જંગલીઓ બની ગયા. આનાં વર્ણનો મુસાફરોએ કરેલા છે. તેઓ ડુંગરોમાં થઈને પસાર થતા લોકોને લૂંટતા અને મારી નાખતા. સાતપુડાના અત્યંત દુર્ગમ ગિરિશૃંગો ઉપર બંધેલા કિલ્લાઓમાંથી વરોડ અને નર્મદાની ખીણના મેદાનોમાં તેઓ ધસી આવતા અને આખી રાત લૂંટ અને ખૂનરેજી ચલાવી, જંગલમાં સળગાવેલી હોડીના પ્રકાશને આધારે ઘેર પાછા ફરતા.

આખરે પ્રદેશમાં શાંતિ સ્થપાતા અને બ્રિટિશોની મજબૂત અને ન્યાયી રાજ્યપદ્ધતિ અમલમાં આવતા, તેઓમાં જંગલી લૂંટારૂઓ થાળે પડ્યા અને હાલના શરમાળ અને બિનઉપદ્રવી મજૂરો બન્યા.

**ગોંડ શબ્દનો અર્થ ગોંડ લોકોનું મૂળ :**

**From Ressell & Hiralul's article on Gond :**

ગોંડ શબ્દની વ્યુત્પાત્ત અનિશ્ચિત છે. તેઓ પોતાને કોઈતૂર અથવા કોઈ કહે છે. ગર્યોંડ નામી હિન્દુઓ અથવા મુસલમાનોએ આપેલું છે.

જનરલ કનીંગહામે માનેલું કે ગોંડ નામ ઘણું કરીને ગોંડ ઉપરથી આવ્યું હશે. ગોંડ એ સંયુક્ત પ્રાંતો અને બંગાળનાં અમુક ભાગનું નામ હતું. પરંતુ બંગાળનું નામ મધ્યપ્રદેશની જંગલી જાતિને અપાય તો સંભવિત લાગતું નથી, એમ વિદ્વાનોનો મત હોવાથી આ માન્યતા સંભવિત ગણવામાં આવતી નથી.

મિ. હીસ્લોએ માનેલું કે ગોંડ એ કોંડનું એક રૂપ હશે. તેઓ ગોંડ શબ્દને કોંડ રૂપે લખતા.

ગોંડ લોકો તામીલ, કન્નડી અને તેલુગુ કુટુંબની દ્રાવિડ ભાષા (ગોંડી) બોલે છે. તેથી સંભવિત છે કે તેઓ દક્ષિણમાંથી મધ્ય પ્રાંતોમાં આવ્યા હોય. તેમનો માર્ગ ગોદાવરી નદીની ઉપર ચંદામાં, ત્યાંથી ઈંદ્રાવતી નદીની ઉપર વિસ્તારમાં અને છત્તીસગઢ મેદાનની દક્ષિણ અને પૂર્વના ડુંગરોમાં, ત્યાંથી વર્ધા અને વેનગંગા ઉપર થઈ સાતપુડાના ઉચ્ચ પ્રદેશના જિલ્લાઓમાં હશે. ચંદામાં એક ગોંડ વંશે કેટલાક સૈકા રાજ્ય કર્યું હતું. ત્યાં એ લોકો તેલુગુઓના સંપર્કમાં આવ્યા હશે. ત્યાં તેમને ગોંડ નામ મળ્યું હશે અને ત્યાંથી તેઓએ નામ ઉત્તર અને પૂર્વમાં લઈ ગયા હશે.

**ગોંડવાણા :**

From The Gazettear of the Central Provines of India Sacond Edition, Nagpur, 1870. Edited by Charls Grant Introduction, Page - xiii.

**મધ્યપ્રાંતની રચના :**

૧૮૬૧માં મધ્ય પ્રાંતની રચના થઈ તેમાં તે સમયના નાગપુર પ્રાંત અને સાગર અને નર્મદા પ્રદેશોને જોડવામાં આવ્યા હતા.

From Russell & Hiralali article on Gond

**ગોંડવાણા :**

મધ્ય પ્રાંતોમાં ગોંડ લોકો બે મુખ્ય પ્રદેશોમાં વસે છે, પહેલો પ્રદેશ : મધ્ય પ્રાંતોની મધ્યમાં આવેલો છે. તે સાતપુડાનો ઉચ્ચ પ્રદેશ હોઈ, ભાંગેલા ડુંગરો અને જંગલોનો બનેલો છે. તેમાં મુખ્યત્વે છીંદવાડા, બેતુલ, સીઓની અને મંડલા જિલ્લાઓ તથા તેમને અડીને આવેલાં બીજા કેટલાંક જિલ્લાઓના ભાગોનો સમાવેશ થાય છે. બીજો પ્રદેશ : એથી એ વિશાળ છે અને તેથીએ દુર્ગમ ડુંગરોની હારમાળાનો બનેલો છે. આ ડુંગરોની હારમાળા છત્રીસગઢ મેદાનની દક્ષિણે અને ગોદાવરી નદીની દક્ષિણ-પશ્ચિમે વિસ્તરેલી છે. એમાં છત્તીસગઢનાં જિલ્લાઓ, બસ્તર અને કાંકેરના દેશી રાજયો અને ચંદાનો મોટોભાગ એટલા વિભાગોનો સમાવેશ થાય છે.

મંડલામાં લગભગ અડધી વસ્તી ગોંડ છે અને બસ્તરમાં લગભગ બેતૃતીયાંશ છે. આવા પ્રાંતનો કોઈ જિલ્લો કે દેશી રાજય એવું નથી જયાં ગોંડ લોકો ન વસતા હોય. આમ સંખ્યાને કારણે, તેમજ ગોંડ રાજયઓએ પ્રદેશના મોટાભાગ ઉપર રાજય કરતા હતા તે કારણે મધ્ય પ્રાંતોનો પ્રદેશ પહેલાં ગોંડવાણા એટલે ગોંડલોકોનો દેશ કહેવાતો.

મધ્યપ્રદેશનું હાલનું મહત્વ તાજેતરમાં જ શરૂ થયું છે. છેક ૧૮૫૩માં એક કહેવાયું હતું કે ''હાલ ગોંડવાણાના પર્વતો અને જંગલો એવડો મોટો અજાણ્યો દેશ છે કે આપણા નકશાઓમાં તે કોરો પ્રદેશ બની રહે છે.

આ અજાણ્યા પ્રદેશનો જે ભાગ બ્રિટિશને તાબે છે તેમાં હવે રેલ્વે, સારા રસ્તા અને પાંચથી દસ માઈલને અંતરે નિશાળો થઈ છે. જંગલી પ્રદેશોમાં પણ.

**પૌરાણિક માન્યતાઓ - લિંગોની વાર્તા :**

મિ. હિસ્લોએ એક પરધાન ગોર પાસેથી જગતની ઉત્પત્તિ વિશે અને ગોંડ લોકોનાં મૂળ વિશે એક ગોંડ પુરાણ લખી લીધું હતું. એમાં એવું આવે છે કે ગોંડ લોકોને શિવજીએ એક ગુફામાં પૂરી દીધા હતા. તેમને દૈવી પુરુષ લિંગોએ મુક્ત કર્યા હતા.

જનરલ કનિંગહામ કહે છે કે ગુફા કયાં આવી તે ચોક્કસ જણાતું નથી પરંતુ વાર્તામાં ધવલગિરિનો ઉલ્લેખ હોવાથી તે હિમાલયમાં કોઈક સ્થળે આવ્યું હશે.

ગોંડ લોકો માને છે કે એ ગુફા રાતી ડુંગરમાં કાચી કોંધા લોહગઢમાં (લોખંડની ખીણમાં) આવેલી હતી.

વાર્તામાંથી એટલું સ્પષ્ટ થાય છે કે એના રચનારને ગોંડ લોકોને હિન્દુ પુરાણોમાં સ્થાન આપવું હતું અને શિવનું રહેઠાણ હિમાલયમાં હોવાથી ધવલગિરિ હિમાલયમાં હોવું જોઈએ.

એમ પણ કહેવાય છે કે ગુફા જમના નદીના મૂળમા આવેલી હતી.

પરંતુ મિ. હિસ્લોપની વાર્તામાં જે ગુફામાં ચાર સિવાય બધા ગોંડો પુરાયા હતા તે ગોંડ લોકો કહે છે તે મુજબ કાચી કોયા લોહગઢમાં નથી. પરંતુ તે ચાર ગોંડ બચી ગયા હતા તે એ સ્થળે પહોંચ્યા હતા અને રહ્યા હતા. અને એ વાર્તા એમ પણ બતાવતી નથી કે કાચી કોયા લોહગઢ ધવલગિરિ કે હિમાલય ઉપર કે એની નજીક આવેલું હતું. ઉલટું કાચી કોયા લોહગઢ મધ્ય પ્રાંતોમાં હોય તો તે મિ. હિસ્લોપની વાર્તા સામે બંધ બેસતું થાય.

એવું અનુમાન થઈ શકે કે મૂળ ગોંડ દંતકથામાં એમના પૂર્વજો ખરેખર કાચી કોયા લોહગઢમાં પુરાયા હશે. પરંતુ શિવાજીએ તેમને પૂર્યા નહિ હોય. સંભવ છે કે વાર્તા તેમનાથી શરૂ થઈ હોય. કાચીકોયા લોહગઢની ગુફાથી પરંતુ વાર્તા રચનાર હિન્દુ હશે ને તેણે શિવજીને મુખ્ય પાત્ર બનાવવાના ઈરાદાથી ગુફાને હિમાલયમાં ખસેડી હશે. વાર્તા ઉપરથી આ સંભવિત લાગે છે. કેમકે વાર્તામાં કાચી કોયા લોહગઢ વાસ્તવિક કોઈ ભાગ ભજવતું નથી. પરંતુ મૂળમાં તે હોવાથી જ તે વાર્તામાં આવે છે. અને રાખવું પડે છે.

પરંતુ ગોંડો માને છે કે તેમના પૂર્વજો કાચીકોયા લોહગઢમાં જ પુરાયા હતાં. એક માન્યતા પ્રમાણે આ સ્થળ પંચમઢીમાં આવેલું છે. ત્યાં મોટા ડુંગરો છે અને તેની લાલ જમીનમાં ભયંકર કોતરો પડેલા છે. તે ઉપરથ માની શકાય કે એ બનાવ એ સ્થળે બન્યો હોવાનો સંભવ છે.

બીજા ચાંદમાં કાચીકોયા લોહગઢ ભંડારામાં ઘરકેસાના આંગળ આવેલું બતાવ્યું છે. ત્યાં કચગઢ (લોહગઢ) નામનો કિલ્લો છે.

પરંતુ પંચમઢી વધારે સંભવિત લાગે છે. કેમકે ત્યાં ઊંડી ગુફાઓ આવેલી છે અને તે હંમેશ પવિત્ર મનાય છે.

આ મુદ્દો મહત્વનો છે, કેમકે આ વાર્તામાંની ગુફા હિમાલયમાં આવેલી છે એ હકીકત ઉપરથી એક તારવવામાં આવે છે કે ગોંડ લોકોના પૂર્વજો ઉત્તરમાંથી આવ્યા હતા. એટલે દ્રાવિડ લોકો ઉત્તર-પશ્ચિમ હિન્દ તરફથી આ દેશમાં આવેલા એવી માન્યતાને સમર્થન મળે છે, એમ મનાય છે. પરંતુ ઉપર જણાવેલું દષ્ટિબિન્દુ ખરું માનીએ તો ગુફા હિમાલયમાં હતી એ ખરી માન્યતા નથી, પણ હિન્દુ લેખકે ઘુસાડેલી છે.

એમાં બીજા પણ ક્ષેપકો હિન્દુઓએ ઘુસાડેલ છે. દા.ત. બ્રાહ્મણ સત જેવો ચીતર્યો છે તેને ઉપવાસ અને તપ કરીને દેવોને જીત્યા હતા. શિવજીને ગોંડ લોકોની ગંદી ટેવો અને દુર્ગંધથી ગુસ્સો ચઢવાથી તેમણે તેમને ગુફામાં પુરેલા.

તો પણ બે વાર્તામાં ગોંડ લોકોની પરંપરા સચવાઈ રહેલી છે. તે કંટાળા ભરેલી છે. છતાં ચિ. હસ્સ્લોપના લખાણનો સાર અને આપવામાં આવે છે. એમાં વિસ્તારમાંથી મળેલા પાઠની થોડી વિગતો પણ આપી છે.

**સૃષ્ટિની ઉત્પત્તિની વાર્તા :**

શરૂઆતમાં સર્વત્ર જલ હતું. પ્રભુ કમળના પાંદડામાં જન્મ્યા હતા અને એકલા રહેતા હતા. એક દિવસે તેમણે પોતાનો હાથ ઘસ્યો અને તેના મેલમાંથી કાગડો સજર્યો. એ કાગડો એમના ખભા ઉપર બેઠો. એમણ એક કરચલો પણ બનાવ્યો હતો. તે પણ ઉપર તરવા લાગ્યો.

પ્રભુએ પછી કાગડાને હુકમ કર્યો કે તું પૃથ્વી ઉપર ઊડ અને થોડી માટી લઈ આવ. કાગડો ઊડયો, પણ તેને માટી જડી નહિ. પણ તેણે કરચલાને દીઠો. તે એક પગ દરિયાને તળિયે ટેકવી ઊભો હતો. કાગડો થાકી ગયો હોવાથી કરચલાની પીઠ પર બેઠો. એ પીઠ પોચી હતી તેથી કાગડાનાં પગલાંની નિશાનીઓ તેના ઉપર પડી. એ નિશાનીઓ અત્યારે પણ બધા કરચલાના શરીર ઉપર દેખાય છે. કાગડાએ કરચલાને પૂછયું, ''માટી કયાંથી મળે ?'' કરચલાએ કહ્યું, ''જો ભગવાન મારું શરીર કઠણ કરે તો હું માટી શોધી લાવું.'' એટલે ભગવાને એની પીઠ કઠણ બનાવી. તે હજી પણ કઠણ છે. પછી કરચલાએ દરિયામાં ડૂબકી મારી, ત્યાં તેને કેચના નામનો કીડો જડ્યો એને કરચલાએ પોતાના પંજા વડે ગળેથી પકડ્યો. એનાથી જે નિશાની થઈ તે હજી પણ કીડાંને ગળે જોવા મળે છે. પછી કીડાએ પોતાના મોંમાંથી માટી કાઢી. તે કરચલો ભગવાન પાસે લઈ ગયો. ભગવાને તે દરિયા ઉપર વેરી, તેમાંથી જમીનના ટેકરા નીકળ્યા. ભગવાન એ જમીન ઉપર ચાલ્યા એટલે તેમના હાથે એક ઝુપડું થયું. તેમાંથી મહાદેવ અને પાર્વતીનો જન્મ થયો.

**ગોંડ લોકોની ઉત્પત્તિ અને મહાદેવે તેમને કરેલી કેદ :**

મહાદેવના પેશાબમાંથી સંખ્યાબંધ વનસ્પતિઓ ઊગવા માંડી, પાર્વતીએ તે ખાધી એટલે તેને ગર્ભ રહ્યો. તેણે બ્રાહ્માડોના દેવોના ૧૮ દેવતાને અને ગોંડ લોકોના દેવોના ૧૨ દેવતાને જીવ આવ્યો. તમામ ગોંડો જંગલમાં પસરી ગયો. તે ગોંડની પેઠે વાયાં. હિન્દુઓ પેઠે નહિ. તેથી શોકજનક પરિણામ આવતાં તે નીચે મુજબ છે.

તમામ ગોંડો અહીં તહીં જંગલમાં પસરી ગયા. ડુંગરોમાં, ખાણોમાં, ઝાડોમાં ગોંડ ગોંડ થઈ રહ્યા. જે હાથમાં આવ્યું તેને મારીને ખાતા. કોઈ જાતનો વિવેક વાપરતાં નહિ. શિયાળ હોય તો શિયાળ મારીને ખાય. હરણને પણ છોડે નહિ. કાગોડો, સમડી, ગીધ, ગરોળી, દેડકો, ચામાચીડિયું, ગાય, વાછરડું,

ભેંસ-પાડો, ઉંદર, ખીસકોલી, આ બધુ મારીને તેઓખાતા. કાચું ખાય અને પાકુ પણ ખાય. ''છ માસ સુધી નહાય નહિ. ઉકરડાં ઉપર પણ પડી રહે. મોં ધુએ નહિ. એનાથી જંગલમાં એક દુર્ગંધ પ્રસરી ગઈ. મહાદેવને એમના પ્રત્યે ધૃણા થઈ. એમણે કહ્યું : ગોંડ લોકોની જાત ઘણી ખરાબ. એમને જીવવા નહિ દઉં. તેઓ મારા ધવલગિરિનું સત્યાનાશ વાળશે.'' શરૂઆતમાં જન્મેલા ગોંડ આવા હતા.

મહાદેવે પછી ગોંડ લોકોથી છૂટવાનો નિશ્ચય કર્યો. એમણે એમની એક સભા બોલાવી. તેઓ બેઠા એટલે મહાદેવે પોતાનાં શરીરમાંથી મેલમાંથી એક ખિસકોલી બનાવી ગોંડ લોકો ઉપર છોડી મૂકી, એટલે બધા ગોંડો એકદમ ઊભા થઈ ગયા અને ખાવા માટે એની પાછળ પડવા લાગ્યા. લાકડીઓ, પથરા અને માટીનાં ઢેફાં લઈ તેઓ એની પાછળ પડ્યા. એમના ગંધવાળ વાળામાં કીડવા લાગ્યા. ખિસકોલીએ નાસ્યા કર્યું. આખરે મહાદેવની પ્રેરણાથી તે એક મોટી ગુફામાં પેઠી અને બધા ગોંડો એની પાછળ પેઠા. પછી મહાદેવે એ ગુફાનું મોં એક પથ્થર વડે ઢાંકી દીધુ અને બધા ગોંડોને એમાં પૂરી દીધા. માત્ર ચાર ગોંડો બહાર રહ્યા. તેઓ રાતા ડુંગરમાં આવેલા કાચી કોયા લોહગઢ નામની લોઢાની ગુફામાં નાસી ગયા અને ત્યાં રહ્યા.

દરમ્યાન પાર્વતીએ જોયું કે ગોંડ લોકોની જે ગંધે તેને આનંદ આવ્યો હતો, તે ધવલગિરિમાંથી અદ્રશ્ય થઈ હતી. તે પાછી લાવવા માટે તેણે તપ આદર્યું. છ માંસ સુધી ઉપવાસ કર્યા અને તપ કર્યું. ભગવાન એક ઝૂલામાં ઝૂલતાં હતાં. તે પાર્વતીના નામથી જાગ્યા. તેમણે નારાયણને (સૂર્યને) તપાસ કરવા મોકલ્યા કે આ કોણ તપ કરે છે ? નારાયણે આવી પાર્વતીને પૂછયું કે તમારે શું જોઈએ છે ? તેણે કહ્યું મારા ગોંડ વિના મને ગમતું નથી. તેમને પાછા લાવો. નારાયણે ભગવાનને કહ્યું, એટલે ભગવાને કહ્યું કે હું તેમને પાછા લાવી આપીશ.

**લિંબોનો જન્મ અને ઈતિહાસ :**

ધવલગિરિ ઉપર પાહિન્દી વૃક્ષનાં પીળાં ફૂલ થતાં હતાં. ભગવાને ત્યાં વીજળી અને કડાકા મોકલ્યા એટલે ફૂલમાં ગર્ભ રહ્યો. પ્રથમ તેમાંથી હળદર કે કેસરનો ઢગલો પડ્યો. સવારમાં તડકો થયો. ફૂલ ફાટ્યું અને લિંગોનો જન્મ થયો. લિંગો સંપૂર્ણ બાળક હતો. એની નાભિ ઉપર હીરો હતો. અને કપાળે ચંદનનું તિલક હતું. તે ફૂલમાંથી હળદરના ઢગલા ઉપર પડ્યો. તે હળદરમાં રમ્યો અને હીંચકે સૂતો. તેજ નવ વરસનો થયો, એને થયું અહીં મારા જેવું કોઈ નથી. માટે ચાલ મારા બંધુઓ જયાં હોય ત્યાં જાઉં. તે સોય જેવા અણીદાર ડુંગર ઉપર ચડ્યો અને દૂરથી તેણે કાચીકોયા લોહગઢ અને પેલા ચાર ગોંડને દીઠા. તે તેમની પાસે ગયો. એમણે જોયું કે એ પોતાના જેવો હતો. અને તેને ભાઈ થવા કહ્યું. તેઓ આમ પ્રાણીઓ ખાતાં. લિંગોએ તેમને કહ્યું, મારે માટે કાળજા વિનાનું પ્રાણી શોધી લાવો. તેમણે આખા જંગલમાં શોધ કરી, પણ એવું પ્રાણી મળ્યું નહિ. એટલે લિંગોએ કહ્યું, ''ઝાડો કાપી નાખી ખેતર બનાવો.'' તેમણે અંજન વૃક્ષો કાપવા માંડ્યા, પણ એમના હાથે ફોલ્લાં પડ્યા અને તે કાપી શક્યા નહિ. લિંબો ઊંઘી ગયો હતો. તે

દેવતાં હશે લઈ આવો.'' દરેકે કહ્યું, ''હું નહિ જાઉ. આખરે સૌથી નાનો ગયો.

તેણે દેવતા દીઠો અને તે તેની નજીક ગયો. પછી તેણે ઝાડના થડિયા જેવો એક ડોસો દીઠો. દૂરથી એ ડોસાનું ખેતર દેખાયું. તેની આજુબાજુ વાડ બનાવેલી હતી. ત્યાં જવાનો એકજ રસ્તો હતો અને ઝાંપા ઉપર પડદો બાંધેલો હતો. ખેતરની વચમાં દેવતા બળતો હતો. ડોસો દેવતામાં મહુડાનાં, અંજુનના અને સાંજના લાકડાં નાખતો હતો. એનાથી દેવતા સળગ્યો હતો. એની ગરમીમાં સિકાડ ગવાડી ઘસઘસાટ ઊંઘતો પડ્યો હતો. એ રીતે તે ડોસો રાક્ષસ જેવો લાગતો હતો.

પેલા ગોંડ છોકરાએ તેને જોયો અને તે ધ્રુજવા લાગ્યો. તેનું હૃદય ધડકવા લાગ્યું. તેને બીક લાગી, તે બોલ્યો જો આ બુઢ્ઢો ઊઠશે તો મને જોશે અને ખાઈ જશે. મને આ દેવતા ઉઠાવી જવા દે, એટલે હું બચી જઈશ.'' એમ કહીને તે છાનો માનો દેવતા નજીક ગયો, અને ટેંડુ વૃક્ષનો સળગતો કાકડો ઉપાડયો. તેને ઊંચકતો હતો તેવામાં એક તણખોં ઊડ્યો અને ડોસાના ધગડા ઉપર પડ્યો.તણખો મોટો હતો. રાક્ષસને ફોલ્લો થયો, તે ભડકયો ને જાગી ઊઠયો. પછી બોલ્યો મને ભૂખ લાગી છે, ખાવાનું કંઈ મળતું નથી. મને માંસ ખાવાની ઈચ્છા થઈ છે. કુમળી કાકડી જેવો તું મારી પાસે આવ્યો છે.'' એવું એણે પેલા ગોંડ છોકરાને કહ્યું.

છોકરો ભાગવા માંડ્યો. ડોસો એની પાછળ પડ્યો,એટલે છોકરાએ પેલો સળગતો ટૂકડો ફેંકી દીધો. તે દોડ્યા કર્યો અને પકડાયો નહિ. આખરે થાકીને ડોસો પાછો ફર્યો. ત્યાંથી તે પોતાના ખેતરમાં પાછો આવ્યો, દેવતા આગળ ગયો, બેઠો અને બોલ્યો. ''આ કેવું બેહુદું ? સરસશિકાર આવ્યો હતો, તેને જલ્દી વધેરી નાખીશ,એમ ધારતો હતો, પણ એ છટકી ગયો ! ભલે ગયો, ફરી આવશે. એને હું પકડીશ. અત્યારે તો એ ગયેલો છે.''

પેલો ગોંડ છોકરો તેના ભાઈઓ પાસે પાછો ફર્યો કહ્યું, '' ભાઈઓ, સાંભળો તમે મને મોકલ્યો એટલે હું પેલા ખેતરમાં દેવતા લેવા ગયો, ત્યાં મેં રાક્ષસ જેવો એક ડોસો દીઠો. ત્યાંથી હું મુઠ્ઠીઓ વાળી નાઠો અને મહાપરાણે બચ્યો.''

ભાઈઓએ લિંગોને કહ્યું, ''આપણે જવું નથી.'' લિંગોએ કહ્યું, ''તમે અહીં બેસો, આ રાક્ષસ તે કેવો હશે ? મને જઈને જોવા દો.'' એમ કહીને લિંગો ગયો અને એક નદીએ પહોંચ્યો. ત્યાંથી ઊભો થઈ આગળ ચાલ્યો. તેણે ઊંચે જોયું તો ત્રણ તુંમડા દેખાયાં. પછી એક વાંસની લાકડી દેખાઈ તે તેણે લઈલીધી. નદીમાં જયારે પુર આવ્યું, ત્યારે તુમડીનું ઝાડ ધોવાઈ ગયું. તેનું બીજ પડ્યું. તેમાંથી તુમડાં પાક્યાં. તુમડામાં લાકડી ખોસી તેણે સિતાર બનાવી, પોતાના માથામાંથી બે વાળ કાઢી તે સિતારને બાંધ્યાં. પછી એક કામઠું લઈ પેલી લાકડીને અગિયાર ચાવીએ જડી અને તે ઉપર સંગીત વગાડયું. લિંગોને આથી બહુ આનંદ થયો.

સિતાર હાથમાં પકડી, લિંગો પેલાં રાક્ષસનાં ખેતર તરફ ચાલ્યો. રિકાડ ગવાડી જયાં ઊંઘતો હતો

તે દેવતાં આગળ તે આવ્યો. લિંગો તેને જોઈ રહ્યો. તેણે થયું, ''આ ડોસો ઊંઘે છે, તેને અત્યારે ઉપાડવાનો સમય નથી.'' તેણે પીપળાનું ઝાડ દીઠું. તેના ઉપર ચઢયો અને ટોંચે જઈ બેઠો. પછી મરવાડો બોલ્યો, લિંગો કહે છે, ''સવાર થયું, હવે ડોસો ઊઠશે.'' એમ કહી તેણે સિતાર લીધી અને વિવિધ સૂરો છોડ્યા. સંગીત સાંભળી ડોસો જાગ્યો અને સાંભળવા લાગ્યો. આમ તેમ જોયું, પણ સંગીત કયાં આવતું હતું તે સમજાયું નહિ. તે બોલ્યો, ''આવું એના જેવું સિતાર કયાંથી આવ્યું હશે ?'' એણે ઝાડ તરફ જોયું, પણ નીચે કંઈ દેખાયું નહિ. આમ તેમ જોયું, પણ કંઈ દીઠું નહિ. પછી રસ્તા ઉપર આવી, ખેતર વચ્ચે દેવતા નજીક આવી ઊભો. સંગીતની અસરથી તે નાચવા લાગ્યો. દિવસ ઊગ્યો તેમ સંગીત વાગ્યા કર્યું. એની ડોસી બહાર આવી અને આમ તેમ જોવા લાગી. ખેતર તરફ સંગીત વાગતું હતું. તે ત્યાં ગઈ. તેણે પોતાના ધણીને બોલાવ્યો. ડોસો નાચવા લાગ્યો. ડોસીએ પણ કાછડો છોડી નાચવા માંડયું.

**લિંગોનું મૃત્યુ અને નવજીવન :**

પછી લિંગો છતો થયો અને ડોસા સાથે મૈત્રી બાંધી. રાક્ષસે તેના ભાઈને ખાવાનો પ્રયત્ન કર્યા બદલ માફી માંગી અને લિંગોને ભત્રીજો બનાવ્યો. લિંગોએ તેને પેલી ૧૬ કોડી નીલ ગાયોના માંસની મિજબાની ખાવા નોંતર્યા. રાક્ષસે પોતાની સાત દીકરીઓને બોલાવી અને તે બધી લિંગોને પરણાવવાં કહ્યું. છોકરીઓએ પેલુ તીર રાખી મૂકેલું. પોતાને વર મળશે એવું એ ઉપરથી એમણે માનેલું. તે તીર તેમણે બહાર કાઢયું. લિંગોએ કહ્યું, ''હું પોતે તો નહિ પરણું, પણ આ છોકરીઓને મારા ભાઈઓને પરણાવવા લઈ જઈશ.'' એ રીતે બધા ગુફામાં પાછા ગયાં. લિંગોને ત્રણ ભાઈઓને બબ્બે છોકરીઓ આપી અને સૌથી નાનાને એક આપી.

પછી આનું અહેસાન દર્શાવવા ભાઈઓએ કહ્યું, ''અમે જંગલમાં જઈને શિકાર કરીશું ને માંસ અને ફળલાવીશું. તમે હીંચકે બેસજો અને આ સાતે સ્ત્રીઓ તમને હીંચકો ખવડાવશે.''

પરંતુ લિંગો આંખો મીંચીને બેઠો હતો, અને પેલી સ્ત્રીઓ તેને હીંચકો નાખતી હતી, તે દરમ્યાન એને દિયર માની એની સાથે રમત રમવાનું એમને મન થયું. એમણે એના હાથપગ ખેંચ્યા, એટલે તે જાગી ગયો. પછી તેણે તેમને ઠપકો આપ્યો અને મા-બહેન કહી બોલાવી. પણ તે નહિ ગણકારતાં તે તેને ભેટવા લાગી. એટલે લિંગોને ગુસ્સો ચડ્યો. તેકૂદકો મારી નીચે આવ્યો અને એક સાંબેલું લઈ તે બધીને સારી પેઠે મેથીપાક આપ્યો.

સ્ત્રીઓ ઘેર ગઈ ને રડી અને લિંગો ઉપર વેર લેવાનું નક્કી કર્યું. પછી જ્યારે પેલા ભાઈઓ ઘેર આવ્યા ત્યારે,તેમને એ સ્ત્રીઓએ કહ્યું કે અમે જયારે લિંગોને ઝુલાવતાં હતાં ત્યારે તેણે અમારી લાજ લૂંટવા પ્રયત્ન કર્યો હતો. એટલે હવે અમે તો અમારે ઘેર જઈશું. જયાં આવો માણસ રહેતો હોય એ કાચીકોયામાં અમારે રહેવું નથી.'' આ સાંભળી ભાઈએ લિંગો ઉપર ખૂબ ગુસ્સે થયા. તેણે પરણવાની ના પાડી, સાધુ હોવાનો ઢોંગ કર્યો હતો અને આપણને છેતર્યા હતા એમ તેમણે માન્યું. તેમણે તેને મારી નાખવાનું ઠરાવ્યું.

તેમણે તેને કહ્યું કે, એક મોટા પ્રાણીએ અમને નસાડ્યા છે, તેને તું મારી નાખ." એમ કહી તેઓ તેને જંગલમાં લઈ ગયા. ત્યાં તેને તીરથી વીંધી નાખ્યો અને તેના ડોળા કાઢી તેનાવડે દડાની જેમ રમવા લાગ્યા.

પણ ભગવાનને ખબર પડી કે લિંગો રોજની પેઠે પ્રાર્થના કરતો નથી. એટલે તેમણે કાગેશ્વર નામના કાગડાને તેની તપાસ કરવા મોકલ્યો. કાગડે આવી કહ્યું કે લિંગો તો મરી ગયો છે. એટલે ભગવાને કાગડાને અમૃત લઈ મોકલ્યો અને તે તેના શરીર ઉપર છાંટી તેને સજીવ કરવા કહ્યું, કાગડે તે પ્રમાણે કર્યું.

**લિંગો ગોંડ લોકોને ગુફામાંથી છોડાવે છે અને જાતિ રચે છે :**

લિંગોએ પછી વિચાર કર્યો કે "આ ચાર ભાઈઓ સાથે હવે બહુ થયું. એમણે કહ્યું હતું કે બીજા ૧૬ કોડી ગોંડ કોઈક સ્થળે કેદ કરાવેલ છે, તેમણે હવે શોધી કાઢું.

એમ કહીને લિંગો નીકળ્યો. પહાડોમાં અને જંગલોમાં રાત સુધી રખડ્યો. રાત્રે જંગલમાં ચિત્તા અને રીંછના અવાજો સંભળાયા. એ લોકો મને ખાઈ જશે,એમ એને લાગ્યું એટલે તે વિરદા નામના ઝાડ ઉપર ચઢી ગયો. રાત વધી તેમ રીંછ, શિયાળ, મરઘડો, મોર વગેરેના અવાજ સંભળાવા લાગ્યા. ચંદ્ર ઉગ્યો, તેના રૂપેરી પ્રકાશમાં તે તેના ૧૬ કોડી કોઈતુરોનો વિચાર કરવા લાગ્યો. તેણે કહ્યું, "લાવ ચંદ્રને કહું." પછી ચંદ્રને કહે, "હે, અંધકારને ફેંકનાર ચંદ્ર, મારા ૧૬ કોડીભાઈઓ કયાં છે તે તું મને કહે," ચંદ્રએ તો ચાલવા માંડ્યું. તેનાં કિરણોએ કહ્યું, "મે તારા ગોંડ દીઠા નથી." પછી તેણે તારાને પૂછ્યું. તારાએ પણ એવો જ જવાબ આપ્યો.

પ્રભાત થયું, સૂર્ય ઉગ્યો એટલે તેને સૂર્યને પૂછ્યું. તેણે પણ કહ્યું કે મને ખબર નથી.

પછી લિંગો આગળ ચાલ્યો. એક સાધુની ગુફા દેખાઈ ત્યાં જઈને પૂછ્યું. સાધુએ કહ્યું, "એવા ગદા ગોંડ વિષે તું મને કેમ પૂછે છે ? છતાં તે પૂછ્યું તો કહું છું કે મહાદેવે તેમને પકડીને ધવલગિરિની ગુફામાં પૂર્યા છે અને તેનો ભસ્માસુર નામનો દીકરો ત્યાં ચોકી કરે છે." એમ કહીને સાધુ ગુફામાં જતો રહ્યો.

પરંતુ લિંગો તો આગળ ચાલ્યો. તીક્ષ્ણ કાંટાની પથારી ઉપર એણે તપ આદર્યુ. ઉપવાસ કર્યા. હાથપગ સ્થિર કરી, આંખો બંધ કરી દીધી. બાર માસ આવું તપ કર્યુ. તે સુકાઈ ગયો અને એના હાડકા દેખાયા. એના તપથી મહાદેવનું આસન ડોલવા લાગ્યું. મહાદેવ તપાસવા નીકળ્યા. લિંગોને તપ કરતા દીઠો. પૂછ્યું, "અલ્યા, તું આ શું લઈ બેઠો છે ? "લિંગોએ કહ્યું, "જયાં સુધી મારા ૧૬ કોડી ગોંડ મને પાછા નહિ આપો ત્યાં સુધી આ તપ હું છોડીશ નહિ. મહાદેવે કહ્યું, "તું માગે તે આપું, પણ એ ગંધાતા કોઈટુરની વાત છોડી દે." પણ લિંગોએ માન્યું નહિ એટલે મહાદેવે કહ્યું, "એક શરતે તને તારા ગોંડ પાછા આપું." કાળા પાણી નામને દરિયા કાંઠે કાળો બિન્દો નામનું પક્ષી રહે છે. એના બચ્ચાં મને લાવી આપ. મારે અને બલિદાન આપવું છે. આટલું કર, એટલે તારા ગોંડ તને પાછા મળશે."

લિંગો ઊઠ્યો અને બિન્દોની શોધમાં નીકળ્યો. દરિયા કિનારે આવી જુએ છે તો એ પક્ષી ત્યાં ન મળે. એ લોકો શિકારે ગયાં હતાં. તેઓ હાથીનો શિકાર કરતાં. હાથીને મારીને તેના માથામાંથી તેનું મગજ કાઢી બચ્ચાંને ખવડાવતાં. એમની ગેરહાજરીમાં ભાવરનાગ નામનોસાપ સાત વખત એમના બચ્ચાં ખાઈ ગયેલો. એટલે આ બચ્ચાં આઠમી વારના હતાં. લિંગોએ વિચાર કર્યો. ''જો આ બચ્ચાંને એમનાં મા-બાપની ગેરહાજરીમાં હું ઉઠાવી જઈશ તો તેઓ મને ચોર કહેશે. માટે તેઓ આવે ત્યાં સુધી હું રાહ જોઈશ.'' એમ કહીને બચ્ચાં નજીક સુઈ ગયો અને ઊંઘી ગયો. દરમ્યાન પેલો સાપ આવ્યો, બચ્ચાંને ખાવા માટે ફૂંફાડા માર્યા. બચ્ચાં ફફડી ઊઠ્યા. લિંગો જાગી ગયો. તેણે તીર વડે સાપને મારી નાખ્યો અને તેનું ઊંશીકુ કરી તેના ઉપર, બચ્ચાંની નજીક ઊંઘી ગયો.

થોડી વારમાં પેલા પક્ષીઓ ખોરાક લઈ આવી પહોંચ્યા. બચ્ચાઓએ કહયું, ''તમે અમને એકલા મૂકીને ગયા પણ પેલો સાપ આવી અમને ખાઈ જતો હતો. તેને આ લિંગોએ મારી નાખ્યો અને અમને બચાવ્યા. માટે તમે જે ખાવાનું લાગ્યા છો તે એને આપો.'' એમણે લિંગોના માથા નીચે સાપને દીઠો અને રાજી થઈ કહ્યું, ''બહાદુર લિંગો, તારે જે જોઈએ તે માગ.''

લિંગાએ બચ્ચાંની માંગણી કરી. થોડી આનાકાની પછી મા-બાપ કબૂલ થયાં. માદા બિંદોએ પોતાની એક પાંખ ઉપર બચ્ચાંને બેસાડ્યા અને બીજી ઉપર લિંગોને બેસાડ્યો. છ માસ સુધી ઊડીને તે ધવલગિરિ પહોંચ્યો. નારાયણે મહાદેવને ખબર આપી કે આ બહાદુર લિંગો બિંદો બચ્ચાને લઈને આવી પહોંચ્યો છે. પછી મહાદેવે ગુફા ઉપાડી અંદર પૂરેલ ગોંડોને છૂટા કર્યા. એલોકો ખુશ થયાં. તે ભૂખ્યા હતા. તેમણે લિંગોને ખાવાનું આપ્યું. અનાજ આપ્યું. તે લઈને નદીએ જઈ તેમણે રાંધ્યું ને ખાધું.

પછીનો બનાવ બીજેથી મળેલ પાઠમાંથી લીધો છે.

તેઓ નદી ઉપર રાંધતા હતા તેવામાં પુર આવ્યું. બધા ગોં નદી નદી ઊતરી ગયા. માત્ર ચાર રહી ગયા. ટેકમ, મરકમ, પુષમ, ટલંગમ. આ રહી ગયા તેનું કારણ એ હતું કે હિન્દુ દેવસ્થાનમાંથી ચોરી લાવેલા ઘી વડે એમણે ખાવાનું રાંધ્યું હતું. પછી કિનારે ઊભા રહી એમણે બૂમ મારી :

ઓ નદીના દે ! ઓ સરહદના દેવ !

તમેજો અહીં હો તો અમને પાર લઈ જાઓ !

આ સાંભળીને કાચબો અને મગર આવી પહોંચ્યા અને તેમને નદી પાર લઈ જવા કહ્યું. એટલે મારકમ અને ટેકમ મગરની પીઠ પર બેઠા અને પુષમ અને ટેલંગમ કાચબાની પીઠ પર બેઠા. ઉપડતા પહેલા દેવોએ મગર અને કાચબાને સોગંદ આપ્યા કે તેઓ આ લોકોને ખાઈજશે નહિ કે ડુબાડશે નહિ. પરંતુ નદીની વચ્ચે ગયા એટલે કાચબો અને મગર ડૂબવા લાગ્યા. ગોંડને ડુબાડીને પોતાના બચ્ચાંને તે ખવડાવવાનો તેમનો ઈરાદો હતો. આથી ગોંડોએ બૂમો પાડી. રાયગીધણી- ગીધે તે સાંભળી. આ પક્ષી બિંદો જેવું લાગે છે. કેમકે તે પણ પોતાનાં બચ્ચાંને હાથી ખવડાવતું. એ ગીધ ગોંડ પાસે ઊડી ગયું અને

તેમને પોતાની પીઠ પર બેસાડી કિનારે લઈ ગયું. ગુસ્સામાં એણે મગરની જીભ ખેંચી કાઢી અને કાચબાની ગરદન ભાંગી નાખી. આથી જ આજે પણ મગરને જીભ નથી અને કાચબાની ડોક ભાગેલી છે. આ બન્ને પ્રાણીઓની પીઠે દોરીના કાપા દેખાય છે. દેવાએ એમને નદી પાર મોકલતી વખતે બંનેને ગળે દોરી બાંધેલી તેના એ કાપા છે.

આ રીતે બધા ગોંડ ભેગા થઈ ગયા. લિંગો તેમનેજંગલમાં લઈ ગયો. ત્યાં તેમણે ગામ વસાવ્યું. તે વધ્યું અને આબાદ થયું. પછી લિંગોએ બધા ગોંડોના વિભાગ પાડ્યા. સૌથી મોટાને [illegible]બનાવ્યો અને જ્ઞાતિ બહાર લગ્ન કરવાની પ્રથા શરૂ કરી. તેણે ગોંડના દેવોની પણ સ્થાપના કરી. જેનું વર્ણન અન્યત્ર આપ્યું છે. એ દેવોની પૂજા કરી તેણે એક વાછરડાનો અને દારૂનો બાલિ આપ્યો. અને તેમની સમક્ષ નૃત્ય કર્યું. એણે લગ્નની વિધિ પણ નક્કી કરી આપી. જે હજી ચાલુ છે. આ બધુ કર્યા પછી લિંગો દેવો પાસે ગયો.

**ગોંડ લોકોની વસ્તી :**


૧૯૧૧માં ગોંડ લોકોની વસ્તી ૩૦ લાખ હતી, અને તે ઝડપથી વધતી જાય છે. ૧૯૩૧માં ૩૩,૮૯,૮૭૯ હતી જે ૧૯૪૧માં ૩૪,૨૪,૧૯૪ થઈ. જયારે ૧૯૬૧ માં રાજયવાર વસ્તી નીચે પ્રમાણે હતી.


| | | |
|---|---|---|
| મધ્યપ્રદેશ | : | ૩૧,૦૭,૨૨૫ |
| ઓરિસ્સા | : | ૫,૦૦,૯૮૯ |
| આંધ્રપ્રદેશ | : | ૩,૬૭,૨૧૮ |
| મહારાષ્ટ્ર | : | ૨,૭૨,૫૯૭ |
| બિહાર | : | ૩૯,૩૪૦ |
| મૈસુર | : | ૮૯૦ |
| પશ્ચિમ બંગાળ | : | ૭૩૫ |
| ગુજરાત | : | ૮૭ |
| **કુલ** | : | **૪૨,૮૯,૦૮૧** |

૧૯૬૧ કરતાં વધીને ૧૯૭૧માં કુલ ગોંડ વસ્તી ૭૨૧૬૨૪ ઘટીને થયેલી હતી.

**વિસ્તાર, વસતી :**

ભારતમાં આશરે ૬૧૩ જેટલા આદિવાસી જાતિ સમૂદાયોમાં ગોંડ-રાજગોંડ સંખ્યાની દ્દષ્ટિએ ભારતની મહત્વની આદિવાસી જાતિઓમાંની સૌથી વધુ વસતિ સંખ્યા ધરાવતી જાતિ છે. વસતિ સંખ્યાની


INDIA
DISTRIBUTION OF GOND SCHEDULED TRIBE 1991
Boundary, International...
Boundary, State/UT...
Boundary, District...
KILOMETRES
100 50 0 100 200 300 400 500
AFGHANISTAN
N.A.
PAKISTAN
CHINA
NEPAL
BHUTAN
BANGLADESH
MYANMAR (BURMA)
INDIA
ARABIAN SEA
BAY OF BENGAL
SRI LANKA
INDIAN OCEAN
PERCENTAGE OF GOND SCHEDULED TRIBE POPULATION IN DISTRICT TO TOTAL GOND SCHEDULED TRIBE POPULATION
0.001 - 0.010
0.011 - 0.100
0.101 - 1.000
1.001 - 3.000
3.001 - 13.555
NEGLIGIBLE
N.A. The 1991 Census was not held in Jammu & Kashmir
EAST OF GREENWICH


N
ભારત: રાજ્યવાર ગોંડ, રાજગોંડ
૧૯૯૧ – ૯૩,૧૯,૭૯૫
૧,૦૪,૪૦૨
બિહાર
૫,૯૬૬
પ.બંગાળ
૧૩૪૨
ગુજરાત
૬૭,૨૭,૮૩૮
મધ્યપ્રદેશ
૭,૦૧,૧૩૯
ઓરિસ્સા
૧૪,૪૨,૯૮૬
મહારાષ્ટ્ર
BAY
OF
BENGAL
ARABIAN
SEA
૨૧,૨૦,૫૮
આંધ્રપ્રદેશ
૧,૨૪,૦૬૫
કર્ણાટક
Map not to Scale
Copyright © 2007 Compare Infobase Limited
INDIAN OCEAN

દષ્ટિએ પ્રથમ ક્રમમાં આવે છે. સંથાલ અને ભીલ સંખ્યાની દષ્ટિએ તેના પછીના ક્રમે આવે છે. સંખ્યાની દષ્ટિએ મધ્ય પ્રદેશમાં આ જાતિ સૌથી વધુ વસવાટી છે. તે પણ ભારતમાં મુખ્યત્વે મોટી સંખ્યામાં ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને બિહારમાં વસે છે. કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં અલ્પ સંખ્યામાં વસે છે. ગુજરાતમાં ૧૯૬૧ અને ૧૯૭૧માં ચાર પાંચ જિલ્લાઓમાં તેમનો વસવાટ જણાયો હતો. જે વખત જતાં ૧૯૮૧, ૧૯૯૧ અને ૨૦૦૧માં અલ્પમાત્રામાં વિસ્તારીને ૧૮ જિલ્લાઓ અને તે પછી ૨૩ જેટલા જિલ્લાઓમાં નોંધાયેલી છે. આદિવાસી જાતિઓમાં ભીલ જાતિની જેમ જ ગોંડ-રાજગોંડ પ્રાચીન પ્રજા છે.


ભારતની કુલ આદિવાસી વસ્તીમાં ૧૯૨૧ના વર્ષથી ૨૦૦૧ના વર્ષો દરમ્યાન જાણવા મળેલ ગોંડ-રાજગોંડ જાતિની વસતિ જોઈએ તો ૧૯૨૧માં ૨૯૦૨૫૯૨ની એટલે કે ભારતની કુલ આદિવાસી વસ્તીએ ૨૯.૧૦ ટકા હતી. જે ૨૦૦૧ સુધીની પ્રાપ્ય ૭૧૫૦૪૮૫ની એટલે કે ૮.૪૮ ટકાની વસતી નોંધાઈને સાંખ્યક રીતે વધવા પામી હતી. ભારતમાં ૧૯૨૧થી ૨૦૦૧ના વર્ષો દરમ્યાન ભારતની કુલ આદિવાસી વસતિએ ગોંડ-રાજગોંડની વસતિ વધઘટ સાથે નોંધાઈ હતી. તે અને તેનો વસ્તી વૃધ્ધિ દર નોંધાવા પામ્યો હતો, તે નીચે મુજબ છે.

**કોઠા નં.૨.૧**

**ભારતની કુલ આદિવાસી વસતિ અને ગોંડ-રાજગોંડની કુલવસતિ, ટકા અને વૃધ્ધિદર**

| અ.નં. | વર્ષ | ભારતની કુલ આદિવાસી વસ્તી | ગોંડ-રાજગોંડની વસતિ | ભારતની કુલ આદિવાસી વસ્તીએ ગોંડ-રાજગોંડની વસ્તી ટકામાં | ગોંડ-રાજગોંડ જાતિની વસ્તી વૃધ્ધિ દર |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૨૧ | ૯૯૭૫૦૦૦ | ૨૯૦૨૫૯૨ | ૨૯.૧૦ | ૫.૭૪ |
| ૨. | ૧૯૩૧ | ૮૨૮૦૦૦૦ | ૩૦૬૯૦૬૯ | ૩૭.૦૭ | ૪.૨૯ |
| ૩. | ૧૯૪૧ | ૨૫૪૪૧૪૮૯ | ૩૨૦૧૦૦૪ | ૧૨.૫૮ | ૬૧.૪૮ |
| ૪. | ૧૯૫૧ | ૧૯૧૪૭૦૫૪ | ૧૨૩૨૮૮૬ | ૬.૪૩ | ૨૪૭.૮૮ |
| ૫. | ૧૯૬૧ | ૩૦૧૩૦૧૮૪ | ૪૨૮૯૦૮૧ | ૧૪.૨૪ | -૮૩.૧૮ |
| * ૬. | ૧૯૭૧ | ૩૮૦૧૫૧૬૨ | -- | -- | -- |
| ૭. | ૧૯૮૧ | ૫૧૬૨૮૩૩૦ | -- | -- | -- |
| ૮. | ૧૯૯૧ | ૬૭૭૫૮૩૮૦ | ૯૩૧૯૭૯૫ | ૧૩.૭૫ | ૭૮.૨૪ |
| ૯. | ૨૦૦૧ | ૮૪૩૨૬૨૪૦ | ૭૧૫૦૪૮૫ | ૮.૪૮ | -૨૩.૨૮ |

* Tribal Demography in India, Census of India - 1921., Vol.I. PtI. P. 112; Ibid, 1931. Vol. I. Pt 1P. 391 and Ibid-1941 and census of India, Paper No. I PIO-17.


ભારત : રાજ્યવાર, ગોંડ, રાજગોંડ,
૨૦૦૧-૭૧,૫૦,૪૮૫
૫,૧૭૯૨
બિહાર
પ.બંગાળ
૯,૮૨૬
૨,૧૫૨
ગુજરાત
૪૩,૫૭,૯૧૮
મધ્યપ્રદેશ
૭,૮૨,૩૪૭
ઓરિસ્સા
૧૫,૫૪,૮૯૪
મહારાષ્ટ્ર
BAY
OF
BENGAL
ARABIAN
SEA
૨,૫૪,૮૫૬
આંધ્રપ્રદેશ
૧,૩૬,૦૦૦
કર્ણાટક
www.mapsofindia.com
Map not to Scale
Copyright © 2007 Compare Infobase Limited
INDIAN OCEAN

ભારતમાં ગોંડ-રાજગોંડ જાતિનો વસ્તીવૃધ્ધિ દર અસ્થાયી ચઢાવ-ઉતાર સાથે વધવા કે ઘટવા પામેલો એકબીજા કારણોસર જોવા મળે છે. જેમકે ૧૯૨૧ થી ૧૯૩૧ દરમ્યાન નોંધાયેલો ૫.૭૪ ટકાનો વૃધ્ધિદર ૧૯૩૧ થી ૧૯૪૧ દરમ્યાન થોડો ઘટીને ૪.૨૯ ટકાનો નોંધાયો હતો. જે પાછો વધીને ૧૯૪૧ થી ૧૯૫૧ દરમ્યાનના દાયકામાં ૬૧.૪૮ ટકાનો નોંધાયો હતો. જે સતત વધતો રહીને ૧૯૫૧ થી ૧૯૬૧ના દાયકામાં સૌથી વધુ વધારા સાથે ૨૪૭.૮૮ ટકાનો નોંધાયો હતો. જેમાં ૧૯૬૧ થી ૧૯૭૧ દરમ્યાન ૮૩.૧૮ ટકાના ઘટાડા સાથે તેમની વસ્તી નોંધાવા પામી હતી.

કોઠા નં.૨:૨

ભારતમાં ગોંડ-રાજગોંડ રાજયવાર ૧૯૬૧, ૧૯૭૧, ૧૯૯૧ અને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજયવાર ટકા સહિત નીચે પ્રમાણે છે.

| ક્રમ | રાજય | ૧૯૬૧ | ટકા | ૧૯૭૧ | ટકા | ૧૯૮૧ | ટકા | ૧૯૯૧ | ટકા | ૨૦૦૧ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | મધ્યપ્રદેશ | ૩૧૦૭૨૨૫ | ૭૨.૪૫ | ૩૧૪૯૯ | ૪.૩૭ | — | — | ૬૭૨૭૮૩૮ | ૭૨.૧૯ | ૪૩૫૭૯૧૮ | ૬૦.૭૫ |
| ૨. | ઓરિસ્સા | ૫૦૦૯૮૯ | ૧૧.૬૮ | ૪૯૯૨૬૭ | ૬૯.૧૯ | — | — | ૭૦૧૧૩૯ | ૭.૫૨ | ૭૮૨૩૪૭ | ૧૦.૯૪ |
| ૩. | આંધ્રપ્રદેશ | ૩૬૭૨૧૮ | ૮.૫૬ | ૧૫૭૪૮૯ | ૨૧.૮૨ | — | — | ૨૧૨૦૫૮ | ૨.૨૮ | ૨૫૪૮૫૬ | ૩.૫૬ |
| ૪. | મહારાષ્ટ્ર | ૨૭૨૫૯૭ | ૬.૩૬ | ૨૩૦૬ | ૬.૭૭ | — | — | ૧૪૪૨૯૮૬ | ૧૫.૪૮ | ૧૫૫૪૮૯૪ | ૨૧.૭૪ |
| ૫. | બિહાર | ૩૯૩૪૦ | ૦.૯૨ | ૪૮૮૬૯ | ૬.૭૭ | — | — | ૧૦૪૪૦૨ | ૧.૧૨ | ૫૧૭૯૨ | ૦.૭૨ |
| ૬. | કર્ણાટક | ૮૯૦ | ૦.૦૨ | ૨૧૯૪ | ૦.૩૦ | — | — | ૧૨૪૦૬૫ | ૧.૩૩ | ૧૩૬૭૦૦ | ૧.૯૧ |
| ૭. | પશ્ચિમબંગાળ | ૭૩૫ | ૦.૦૧ | - | - | — | — | ૫૯૬૬ | ૦.૦૬ | ૮૯૨૬ | ૦.૧૨ |
| ૮. | ગુજરાત | ૮૭ | - | ૪૦૨ | ૦.૦૬ | ૧૦૫૬ | ૦.૦૨ | ૧૩૪૧ | ૦.૦૧ | ૨૧૫૨ | ૦.૦૩ |
| | કુલ | ૪૨૮૯૦૮૧ | ૧૦૦.૦૦ | ૭૨૧૬૨૪ | ૧૦૦.૦૦ | — | — | ૯૩૧૯૭૯૫ | ૧૦૦.૦૦ | ૭૧૫૦૪૮૫ | ૧૦૦.૦૦ |

દેશની કુલ ગોંડ-રાજગોંડ વસ્તીમાંથી ૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૭૨.૪૫ ટકા અને ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૪.૩૭ ટકા, ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે અપ્રાપ્ય ટકા, ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૭૨.૧૯ ટકા અને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૬૦.૭૫ ટકાવારીએ સૌથી વધુ વસ્તી મધ્ય પ્રદેશમાં જોવા મળે છે. એ સિવાય ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્રમાં પણ સંખ્યામાં લાખથી વધુની વસ્તી જોવા મળે છે. બિહાર, કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં અલ્પ સંખ્યામાં તેમની વસ્તી જોવા મળે છે.

ગુજરાતમાં ગોંડ-રાજગોંડ જાતિનો વસ્તીવૃધ્ધિ દર ૧૯૬૧ થી ૧૯૭૧ દરમ્યાનનો ખૂબ જ ઉંચો ૩૬૨.૦૬ ટકાનો નોંધાવા પામ્યો હતો. જે ઘટીને ૧૯૭૧ થી ૧૯૮૧ ના વર્ષો દરમ્યાન ૧૬૨.૬૮ ટકા થવા પામ્યો હતો. જે ૧૯૮૧ થી ૧૯૯૧ના વર્ષોદરમ્યાન ઘટીને ૨૭.૮૯ ટકાનો થવા પામ્યો હતો. જે પાછો વધીને ૧૯૯૧ થી ૨૦૦૧ના વર્ષ દરમ્યાન વધીને ૬૦.૬૦ ટકાનો થવા પામ્યો હતો. આમ તેમના વસતીવૃધ્ધિ દરમાં ચઢાવ-ઉતાર સાથે તેમની વસ્તી નોંધાયેલી છે.

**કોઠા નં.૨:૩**

**વસતિવૃધ્ધિ દર ૧૯૬૧ થી ૨૦૦૧**


| ક્રમ | વિસ્તાર-વિગત | ૧૯૬૧ થી ૧૯૭૧ | ૧૯૭૧ થી ૧૯૮૧ | ૧૯૮૧ થી ૧૯૯૧ | ૧૯૯૧ થી ૨૦૦૧ |
|---|---|---|---|---|---|
| ૧. | ગુજરાતનીવસ્તીનો | +૨૯.૩૯ | +૨૬.૬૭ | ૨૧.૧૯ | ૨૨.૪૭ |
| ૨. | ગુજરાતના આદિવાસીઓનો | ૩૫.૫૭ | ૨૯.૮૩ | ૨૭.૦૭ | ૨૧.૪૧ |
| ૩. | ગોંડ-રાજગોંડ જાતિનો | ૩૦.૦૬ | ૧૬૨.૬૮ | ૨૬.૮૯ | ૬૦.૬૦ |

ગોંડ-રાજગોંડ જાતિના વસ્તીવૃધ્ધિ દર સાથે ૧૯૬૧ થી ૨૦૦૧ સુધીમાં ગુજરાતની વસ્તીનો, ગુજરાતની આદિવાસી વસ્તીનો સતત ચાર દાયકાઓનો જોઈએ તો મહદ્અંશે ઘટવા પામેલો ઉપરના દર્શાવેલા આંકડાઓ ઉપરથી જોવા મળે છે. અભ્યાસની ગોંડ-રાજગોંડ જાતિનો વસ્તી વૃધ્ધિ દર એકાદ દાયકાને બાદ કરીએ તો સરખામણીમાં ઉંચો નોંધાયેલો માલુમ પડે છે. જે વિસ્તાર-વિગત પ્રમાણે વસ્તી વૃધ્ધિ દર ૨:૩ કોઠો જોતાં ખ્યાલ આવશે.

ગુજરાતની ૨૦૦૧ની વસ્તી ગણતરીના અહેવાલ મુજબ ૫,૦૬,૭૧,૦૧૭ પાંચ કરોડ છ લાખ ઈકોતેર હજાર અને સત્તરની વસ્તીમાં ૭૪,૮૧,૧૬૦ લાખ જેટલી એટલે કે ૧૪.૭૬ ટા વસ્તી આદિવાસી જાતિઓની છે.જેમાં મુખ્યત્વે ભીલ, હળપતિ-તલાવિયા, ધોડિયા, ગામિત, રાઠવા, ચોધરી, ધાનકા, કુંકણા, વારલી, વસાવા જેવી વધુ વસ્તી ધરાવતી અને કોટવાળિયા, કોલચા, પટેલીયા, નાયક-નાયકડા, કાથોડી, કોલઘા, પઢાર, સીદી, બાવચા, પોમલા, બરડા અને ગોંડ-રાજગોંડ જેવી ઓછી વસ્તી ધરાવતી જાતિઓનો સમાવેશ થાય છે. ગુજરાતની કુલ આદિવાસી વસ્તીમાં ગોંડ-રાજગોંડ જાતિની વસ્તી ૧૯૬૧માં



વસાહતમાં ખુશખુશાલ ગોંડ-રાજગોંડ જાતિના વારસો (બાળકો)




વિચારોમાં બેઠેલો વૃધ્ધ ગોંડ પુરુષ

માત્ર ૮૭ની એટલે કે ૦.૦૨ ટકાની, ૧૯૭૧માં ૪૦૨ની એટલે કે ૦.૦૨ ટકાની, ૧૯૮૧માં ૧૦૫૬ની એટલે કે ૦.૦૨ ટકાની, ૧૯૯૧માં ૧૩૪૧ની એટલે કે ૦.૦૨ ટકાની અને ૨૦૦૧માં ૨૧૫૨ની વસતી એટલે તેમાં પણ ૦.૦૨ ટકાની વસ્તી થવા જાય છે. ગુજરાતની અન્ય આદિવાસી જાતિઓની વસ્તીની સરખામણીમાં આ જાતિનો વિચાર કરીએ તો કુલ વસ્તી સંખ્યામાં ૨૧ ક્રમે જોવા મળે છે. વસ્તી વધારાની દૃષ્ટિએ આ જાતિ છેલ્લા ચાર દાયકાઓમાં નહીંવત વસ્તી સંખ્યા ધરાવે છે. વસ્તી વૃધ્ધિ દર પણ ૧૯૮૧ થી ૧૯૯૧ અને ૨૦૦૧માં ઘટાડો નોંધાયો છે.

ગુજરાત રાજયના જુદા જુદા જિલ્લાઓમાં તેમની વસ્તી સંખ્યાની રીતે જોવા જઈએ તો સુરત, પંચમહાલ, અમદાવાદ,વલસાડ માં ૧૯૬૧ થી ૧૯૯૧ના વસ્તી ગણતરી વર્ષમાં જયારે ૨૦૦૧માં સુરત, વલસાડ ઉપરાંત વડોદરા, નવસારીના અને અમદાવાદના વિસ્તારોમાં તેમની વસ્તી વધુ વિસ્તરેલી જોવા મળે છે. માત્ર ચાર પાંચ જિલ્લામાં નોંધાયેલી વસ્તી ૨૦૦૧માં ૨૩ જેટલા જિલ્લાઓમાં વિસ્તરેલી જોવા મળે છે.

ગોંડ રાજગોંડ ૧૯૯૧ કુલ વસતિ ૮૭



ગોડ રાજગોડ ૧૯૭૧ કુલ વસતિ ૪૦૨




ગોંડ રાજગોંડ ૧૯૮૧ કુલ વસતિ ૧૦૫૬






ગોડ: રાજગોડ ૧૯૯૧ કુલ વસતિ ૧૩૪૧

ગોડ, રાજગોડ ૨૦૦૧ કુલ વસતિ—૨૧૫૨



## કોઠા નં.૨:૪

૧૯૬૧-૧૯૭૧-૧૯૮૧-૧૯૯૧ અને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં જિલ્લાવાર ગોંડ-રાજગોંડની વસતિ : ટકામાં વસ્તીવૃધ્ધિ દર સાથે.

| ક્રમ | રાજ્ય | ૧૯૬૧ | ટકા | ૧૯૭૧ | ટકા | ૧૯૮૧ | ટકા | ૧૯૯૧ | ટકા | ૨૦૦૧ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરત | ૫૨ | ૫૯.૭૭ | ૭૦ | ૧૭.૪૧ | ૩૪૮ | ૩૨.૯૫ | ૬૬૧ | ૫૦.૭૮ | ૪૮૨ | ૨૨.૪ |
| ૨. | વલસાડ | - | - | ૧૨ | ૨.૯૯ | ૪૭૯ | ૪૫.૩૬ | ૪૮૮ | ૩૬.૩૯ | ૧૧૬ | ૫.૩૯ |
| ૩. | ડાંગ | - | - | - | - | ૩ | ૦.૨૮ | ૩ | ૦.૨૨ | - | - |
| ૪. | ભરૂચ | ૯ | ૧૦.૩૪ | - | - | ૫૨ | ૪.૯૨ | ૧૩ | ૦.૯૭ | ૫૮ | ૨.૭૦ |
| ૫. | પંચમહાલ | ૧૧ | ૧૨.૬૪ | ૩૦૪ | ૭૫.૬૨ | ૨૩ | ૨.૧૮ | ૧૪ | ૧.૦૫ | - | - |
| ૬. | વડોદરા | ૧૨ | ૧૩.૭૯ | - | - | ૧૦ | ૦.૯૫ | ૪૨ | ૩.૧૩ | ૧૩૫ | ૩.૨૭ |
| ૭. | સાબરકાંઠા | - | - | - | - | ૩૮ | ૩.૬૦ | ૧૦ | ૦.૭૫ | - | - |
| ૮. | બનાસકાંઠા | ૧ | ૧.૧૫ | - | - | ૪૫ | ૪.૨૬ | ૭ | ૦.૫૨ | ૬ | ૦.૨૮ |
| ૯. | ખેડા | - | - | ૧૨ | ૨.૯૯ | - | - | ૯ | ૦.૬૭ | ૧ | ૦.૦૫ |
| ૧૦. | ગાંધીનગર | - | - | - | - | - | - | ૩ | ૦.૨૨ | ૭ | ૦.૩૨ |
| ૧૧. | સુરેન્દ્રનગર | - | - | - | - | ૭ | ૦.૬૬ | ૪ | ૦.૨૯ | ૯ | ૦.૪૨ |
| ૧૨. | જામનગર | - | - | - | - | - | - | ૧૦ | ૦.૭૪ | ૮ | ૦.૩૭ |
| ૧૩. | જૂનાગઢ | - | - | - | - | ૧૫ | ૧.૪૨ | ૩ | ૦.૨૨ | ૩૧૩ | ૧૪.૫૪ |
| ૧૪. | કચ્છ | - | - | - | - | - | - | ૧૯ | ૧.૪૨ | ૮ | ૦.૩૭ |
| ૧૫. | અમદાવાદ | ૨ | ૨.૩૦ | ૪ | ૦.૯૯ | ૨૫ | ૨.૩૭ | ૪૬ | ૩.૪૩ | ૫૬૧ | ૨૬.૦ |

કોઠા નં.૨:૪ (ચાલુ)

૧૯૬૧-૧૯૭૧-૧૯૮૧-૧૯૯૧ અને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં જિલ્લાવાર ગોંડ-રાજગોંડની વસતિ : ટકામાં વસ્તીવૃધ્ધિ દર સાથે.

| ક્રમ | રાજ્ય | ૧૯૬૧ | ટકા | ૧૯૭૧ | ટકા | ૧૯૮૧ | ટકા | ૧૯૯૧ | ટકા | ૨૦૦૧ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬. | મહેસાણા | - | - | - | - | ૨ | ૦.૧૯ | ૧ | ૦.૦૭ | - | - |
| ૧૭. | ભાવનગર | - | - | - | - | ૬ | ૦.૫૭ | - | - | - | - |
| ૧૮. | રાજકોટ | - | - | - | - | - | - | ૮ | ૦.૬૦ | - | - |
| ૧૯. | પોરબંદર | - | - | - | - | - | - | - | - | ૨ | ૦.૦૯ |
| ૨૦. | આણંદ | - | - | - | - | - | - | - | - | ૨૯ | ૧.૩૫ |
| ૨૧. | દાહોદ | - | - | - | - | - | - | - | - | ૧૯ | ૦.૮૮ |
| ૨૨. | નર્મદા | - | - | - | - | - | - | - | - | ૨૦ | ૦.૯૩ |
| ૨૩. | નવસારી | - | - | - | - | - | - | - | - | ૩૭૮ | ૧૭.૫૭ |
| | કુલ | ૮૭ | ૧૦૦ | ૪૦૨ | ૧૦૦ | ૧૦૫૬ | ૧૦૦ | ૧૩૪૧ | ૧૦૦ | ૨૧૫૨ | ૧૦૦ |
| | ગુજરાતની કુલ આદિ.વસ્તીએ | ૦.૦૨ | - | ૦.૦૨ | - | ૦.૦૨ | - | ૦.૦૨ | - | ૦.૦૨ | - |
| | વસ્તી વૃધ્ધિદર | - | - | ૩૬૨.૦૬ | - | ૧૬૨.૬૮ | - | ૨૬.૮૯ | - | ૬૦.૬૦ | - |

ગોંડ-રાજગોંડ જાતિના વસવાટ સંદર્ભમાં જોઈએ તો ગુજરાતની કુલ વસતિ, ગુજરાતની કુલ આદિવાસી વસતિની સરખામણીએ ગુજરાતની આદિવાસી વસતિ શહેર કરતાં ગ્રામ્ય સ્તરે હજુ પણ મોટા પ્રમાણમાં વસે છે. ગુજરાતની કુલ વસ્તીએ ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરોમાં વસ્તીનું પ્રમાણ સતત વધતુ જોવા મળે છે જે કોઠો ૨:૬ જોતાં ખ્યાલ આવે છે. અહીયાં અભ્યાસની ગોંડ-રાજગોંડ જાતિની વસતિ ગુજરાતની કુલ શહેરી વસ્તી કરતાં ૧૯૬૧ અને ૧૯૭૧માં અને ૧૯૮૧માં શહેરી વસ્તીએ ઓછી નોંધાવા પામી હતી. જે ૧૯૯૧ અને ૨૦૦૧ની ગણતરી પ્રમાણે શહેરી વસ્તી ગોંડ-રાજગોંડની વધેલી જોવા મળી હતી. ગુજરાતની આદિવાસી શહેરી વસ્તી કરતાં ગોંડ-રાજગોંડની શહેરી વસ્તી વધુ નોંધાયેલી જોવા મળે છે. જે કોઠા ૨:૩માં ટકાવારી જોતાં વિગતે ખ્યાલ આવશે. ગોંડ-રાજગોંડની શહેરી વસ્તીના આંકડા તેઓમાંના શિક્ષિતોની નોકરી સંદર્ભે અને રોજગારી, કામધંધાને લઈને પણ વધુ જોવા મળે છે. તેઓ શહેર વિસ્તાર વધુ પસંદ કરે છે. ગ્રામ્ય વિસ્તારોની વસ્તીના તેમના જાણવા મળેલા આંકડા ખેતી ખેતમજૂરીના વ્યવસાયના સંદર્ભે અને તેઓ જયાંથી સ્થળાંતર કરીને આવેલા છે ત્યાં તેમનો મૂળ વ્યવસાય ખેતીનો જ હોય અહીંયાં પણ તેઓ ખેતી, ખેતમજૂરી સાથે સંકળાયેલા જાણવા મળે છે.

**કોઠા નં.૨:૫**

**ગોંડ-રાજગોંડ ગ્રામ્ય-શહેરી વસતિ વર્ષવાર**

૧૯૬૧-૧૯૭૧-૧૯૮૧-૧૯૯૧ અને ૨૦૦૧

| ક્રમ | વર્ષ | ગ્રામ્ય | શહેરી | કુલ | ગુ.કુ.વસતિએ ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૬૧ | ૭૪ | ૧૩ | ૮૭ | ૦.૦૨ |
| ૨. | ૧૯૭૧ | ૩૯૦ | ૧૨ | ૪૦૨ | ૦.૦૨ |
| ૩. | ૧૯૮૧ | ૮૪૦ | ૨૧૬ | ૧૦૫૬ | ૦.૦૨ |
| ૪. | ૧૯૯૧ | ૮૭૯ | ૪૬૨ | ૧૩૪૧ | ૦.૦૨ |
| ૫. | ૨૦૦૧ | ૧૦૪૪ | ૧૧૦૮ | ૨૧૫૨ | ૦.૦૨ |

કોઠા નં.૨ઃ૬

ગોંડ-રાજગોંડ ૧૯૬૧ અને ૧૯૭૧ ગ્રામ્ય શહેરી વસતિ

| ક્રમ | વિસ્તાર | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામ્ય | શહેરી | કુલ | ગ્રામ્ય | શહેરી | કુલ |
| ૧. | સુરત-ધરમપુર | પર | - | પર | - | - | - |
| ૨. | ચોર્યાસી | - | - | - | - | ૫ | ૫ |
| ૩. | માંડવી | - | - | - | ૩ | - | ૩ |
| ૪. | વાલોડ | - | - | - | ૬૦ | - | ૬૦ |
| ૫. | બારડોલી | - | - | - | - | ૨ | ૨ |
| ૬. | વલસાડ | - | - | - | ૧૦ | - | ૧૦ |
| ૭. | પારડી | - | - | - | ૧ | - | ૧ |
| ૮. | ગણદેવી | - | - | - | - | ૧ | ૧ |
| ૯. | ભરૂચ-આમોદ | ૯ | - | ૯ | - | - | - |
| ૧૦. | અમદાવાદ-દસક્રોઈ | ૧ | ૧ | ૨ | - | - | - |
| ૧૧. | અમદાવાદ સીટી | - | - | - | - | ૪ | ૪ |
| ૧૨. | ઠાસરા | - | - | - | ૧૦ | - | ૧૦ |
| ૧૩. | મહેમદાવાદ | - | - | - | ૨ | - | ૨ |
| ૧૪. | પંચમહાલ-શહેરા | ૧૧ | - | ૧૧ | ૪૫ | - | ૪૫ |
| ૧૫. | ગોધરા | - | - | - | ૨૫૦ | - | ૨૫૦ |
| ૧૬. | ઝાલોદ | - | - | - | ૯ | - | ૯ |
| ૧૭. | વડોદરા | - | ૧૨ | ૧૨ | - | - | - |
| ૧૮. | બનાસકાંઠા-વડગામ | ૧ | - | ૧ | - | - | - |
| | કુલ | ૭૪ | ૧૩ | ૮૭ | ૩૯૦ | ૧૨ | ૪૦૨ |

ગોંડ-રાજગોંડ જાતિની વસતિ ૧૯૬૧ અને ૧૯૭૧ની વસ્તીગણતરીએ ગ્રામ્ય વિસ્તારોમાં પથરાયેલી વધુ પ્રમાણમાં જોવા મળે છે.

કોઠા નં.૨:૭

ગોંડ-રાજગોંડ જાતિવાર વર્ષવાર વસતિ

| ક્રમ | વર્ષ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૬૧ | ૪૫ | ૪૨ | ૮૭ |
| | ટકા | ૫૧.૭૨ | ૪૮.૨૮ | ૧૦૦.૦૦ |
| ૨. | ૧૯૭૧ | ૨૦૮ | ૧૯૪ | ૪૦૨ |
| | ટકા | ૫૧.૭૪ | ૪૮.૨૬ | ૧૦૦.૦૦ |
| ૩. | ૧૯૮૧ | ૫૫૩ | ૫૦૩ | ૧૦૫૬ |
| | ટકા | ૫૨.૩૭ | ૪૭.૬૩ | ૧૦૦.૦૦ |
| ૪. | ૧૯૯૧ | ૭૦૪ | ૬૩૭ | ૧૩૪૧ |
| | ટકા | ૫૨.૫૦ | ૪૭.૫૦ | ૧૦૦.૦૦ |
| ૫. | ૨૦૦૧ | ૧૧૭૦ | ૯૮૨ | ૨૧૫૨ |
| | ટકા | ૫૪.૩૭ | ૪૫.૬૩ | ૧૦૦.૦૦ |

ગોંડ-રાજગોંડ જાતિના ૧૯૬૧ થી ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ જાતિવાર પુરુષ-સ્ત્રી પ્રમાણે જે આંકડા જાણવા મળ્યા હતા. તેમાં સ્ત્રીઓની સંખ્યા પુરુષો કરતાં પ્રમાણમાં ઓછી જોવા મળી હતી. પણ બહુ મોટું અંતર જાતિવાર વસતિમાં જોવા મળ્યું નથી.

કોઠા નં.૨:૮

ગુજરાત, ગુજરાતના આદિવાસીઓ અને ગોંડ-રાજગોંડ જાતિની ગ્રામ્ય - શહેરી વસતિ ટકામાં વર્ષવાર
૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧, ૧૯૯૧ અને ૨૦૦૧

| ક્રમ | રાજ્ય | ૧૯૬૧ | | ૧૯૭૧ | | ૧૯૮૧ | | ૧૯૯૧ | | ૨૦૦૧ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી |
| ૧. | ગુજરાતની કુલ વસતિ | ૭૪.૨૩ | ૨૫.૭૭ | ૭૧.૯૨ | ૨૮.૦૮ | ૬૮.૯૦ | ૩૧.૧૦ | ૬૫.૬૦ | ૩૪.૩૦ | ૬૨.૬૪ | ૩૭.૩૬ |
| ૨. | ગુજરાતની આદિ. વસતિ | ૯૪.૯૯ | ૫.૦૧ | ૯૩.૯૧ | ૬.૦૯ | ૯૨.૬૮ | ૭.૩૨ | ૯૧.૯૧ | ૮.૦૯ | ૯૧.૭૯ | ૮.૨૧ |
| ૩. | ગોંડ-રાજગોંડ જાતિની વસતિ | ૮૫.૦૬ | ૧૪.૯૪ | ૯૭.૦૧ | ૨.૯૯ | ૭૯.૫૫ | ૨૦.૪૫ | ૬૫.૫૫ | ૩૪.૪૫ | ૫૪.૩૭ | ૪૫.૬૩ |

ગોંડ-રાજગોંડ અનુસૂચિત જનજાતિની વસતિ ૧૯૬૧ થી ૨૦૦૧ સુધીની વસ્તી ગણતરીએ જોઈએ તો ગ્રામ્ય વિસ્તારમાં તેમની વસતિ ૧૯૬૧ અને ૧૯૭૧માં તેમજ ૧૯૮૧ અને ૧૯૯૧માં પ્રમાણમા વધારે પ્રમાણમાં નોંધાવા પામેલી જોઈ શકાય છે. પણ સાથે સાથે તેમની શહેરી વસતિમાં સતત વધારો નોંધાયેલો પણ જોવા મળે છે. જે આપેલા ઉપરોક્ત કોઠાના આંકડા પરથી જોવાથી ખ્યાલ આવશે.

કોઠા નં.૨:૯

ગોંડ સાક્ષરતા પ્રમાણ, જાતિ પ્રમાણ વર્ષવાર

| ક્રમ | રાજ્ય | ગુજરાતની કુલ વસ્તીમાં | | | ગુજરાતની આદિવાસી વસ્તીમાં | | | ગોંડ-રાજગોંડની વસ્તીમાં | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | ૧૯૬૧ | ૪૧.૧૩ | ૧૯.૦૧ | ૩૦.૦૫ | ૧૯.૦૧ | ૪.૧ | ૧૧.૭ | ૧૧.૧૧ | ૩.૩૮ | ૭.૦૮ |
| ૨. | ૧૯૭૧ | ૪૬.૦૧ | ૨૪.૭૫ | ૩૫.૭૯ | ૨૧.૦૮ | ૬.૧૫ | ૧૪.૧૨ | ૩૦.૪ | ૧૨.૬૩ | ૧૪.૦૫ |
| ૩. | ૧૯૮૧ | ૫૪.૫ | ૩૨.૦૩ | ૪૩.૦૮ | ૩૦.૦૪ | ૧૧.૦૬ | ૨૧.૦૧ | ૫૯.૦૫ | ૩૬.૦૮ | ૪૮.૦૭ |
| ૪. | ૧૯૯૧ | ૭૩.૧૩ | ૪૮.૬૪ | ૬૧.૦૩ | ૩૯.૩૭ | ૧૯.૬૫ | ૨૯.૦૨ | ૬૪.૯૨ | ૪૯.૭૬ | ૫૭.૦૭ |
| ૫. | ૨૦૦૧ | ૭૯.૦૭ | ૫૭.૦૮ | ૬૯.૦૧ | ૫૯.૦૨ | ૩૬.૦૦ | ૪૭.૦૭ | ૪૭.૦૪ | ૩૫.૪૪ | ૪૧.૯૧ |

ગોંડ-રાજગોંડ જાતિમાં સાક્ષરતા પ્રમાણ, ગુજરાત રાજય અને ગુજરાતની આદિવાસી જાતિઓમાં જોવા મળતું સાક્ષરતા પ્રમાણ જોઈએ તો, તેમનામાં સાક્ષરતાનો આંક નીચો જોવા મળે છે. તેમાંય સ્ત્રીઓમાં સાક્ષરતા આંક પ્રમાણમાં પુરુષોની સરખામણીએ ઓછો જોવા મળે છે. જો કે જેમ જેમ સમય જાય છે તેમ તેમ શિક્ષણની સુવિધાઓ વધવાથી અને જાગ્રતિ આવવાથી તેમનામાં શિક્ષણની ભૂખ ઉગડવાથી વસતી ગણતરીના શરૂના વર્ષો કરતાં શિક્ષણની ટકાવારી સતત વધતી માલૂમ પડે છે. જે ખરેખર સરાહણીય પ્રયત્નને કારણે થતુ હોય તેમ જોવા મળે છે. ગોંડ-રાજગોંડ જાતિમાં તપાસમાં આવરેલા કુટુંબોમાંથી ૭૯.૬૩ ટકા પુરુષો અને ૮૫.૮૩ ટકા સ્ત્રીઓ અશિક્ષિત જાણવા મળી હતી. માત્ર ૨૦.૩૭ પુરુષો અને ૧૪.૧૭ ટકા સ્ત્રીઓજ શિક્ષિત જણાઈ હતી. તે પણ શહેર અસર હોઈ છતાં જોવા મળે છે, તે બરાબર નથી.

**ઉત્પત્તિ ઈતિહાસ મૂળ, તેમનું સ્થાન અને વિસ્તારો :**

ગુજરાતની આદિવાસી જાતિઓમાં ભીલ, હળપતિ-તલાવિયા, રાઠવા, ચોધરી, ગામિત, વસાવા, નાયક-નાયકડા, ઢોડિયા પટેલ જેવી બહુ સમ્યક-વધુ વસતિ સંખ્યા ધરાવતી જાતિઓ અને બહુ અલ્પ સંખ્યા ધરાવતી આદિવાસી જાતિઓ બરડા, ભરવાડ, ચારણ અને બાવચા, પોમલા, કોટવાળિયા, સીદી, કાથોડી, કોલઘા, ગોંડ, રબારી વગેરે જાતિઓમાં વસતિ સંખ્યાની દષ્ટિએ ગોંડ-રાજગોંડ જાતિ (બરડા-૦.૦૧ ટકા, ભરવાડ-૦.૦૨ ટકા અને ૦.૦૩ ટકા ધરાવતી ચારણ જાતિ સાથે સૌથી ઓછી વસતિ સાથે ત્રીજા સ્થાને પોતાનું સ્થાન ધરાવે છે. ગોંડ-રાજગોંડ જાતિ આર્થિક, સામાજિક રીતે પછાતપણાનો નિમ્ન દરજ્જો ધરાવે છે. શિક્ષણ અને વિકાસની દષ્ટિએ ગુજરાતમાં નિમ્ન કક્ષાનું જીવન વ્યતીત કરતી અને આર્થિક, સામાજીક રીતે પછાતપણું ભોગવતી જાતિઓમાં ગોંડ-રાજગોંડ જાતિનો સમાવેશ થાય છે. ગોંડ-રાજગોંડ જાતિની ઉત્પત્તિ, સ્થળાંતર કે મૂળ જાતિ શબ્દના નામાભિધાન વિશેના,કોઈ ચોક્કસ દસ્તાવેજી પુરાવાઓ ગુજરાતમાં મળતા નથી. છતાં કેટલાક છૂટાછવાયા સરકારી અહેવાલો, કેટલાક અભ્યાસો અને કેટલીક કિવદંતીઓ અને હાલમાં તેઓના વસવાટી વિસ્તારોમાંથી રૂબરૂ સંપર્ક દ્વારા મેળવેલી માહિતીને આધારે જે કેટલીક વિગતો જાણવા મળી અને ઉપલબ્ધ છે, તે આ મુજબ છે.

ગુજરાતની આદિવાસી જાતિઓમાં,જેની કોઈ ખાસ નોંધ લેવાઈ નથી, જે અજાણી છે, જેને શોધવી પણ મુશ્કેલ પડે તેવી, ગુજરાતમાં વસેલી ગોંડ-રાજગોંડ જાતિની વસતિ ૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧, ૧૯૯૧ અને ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ જયાં જયાં નોધાઈ છે, ત્યાં ત્યાં બધે એક સરખી વસતિ સંખ્યાએ નોંધાયેલી નથી. જે પાછળ આપેલા નકશાઓમાં દર્શાવેલી વસ્તી જોતાં ખ્યાલ આવશે. જેમાં વલસાડ, નવસારી, સુરત, વડોદરા, અમદાવાદ, જૂનાગઢ, પંચમહાલ, દાહોદ જિલ્લાઓના કેટલાક ગામોમાં તેમની નોંધાયેલી કુલ વસતિ સંખ્યાની રીતે વધુ નોંધાયેલી છે. ભરૂચ, આણંદ, નર્મદા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, ગાંધીનગર, કચ્છ, જામનગર વગેરે જિલ્લાઓમાં તેમની વસ્તી અલ્પ સંખ્યામાં નોંધાયેલી જાણવા મળે છે. ઉપરોક્ત દર્શાવેલા વિસ્તારોમાં તેઓ બીજા આદિવાસી તેમજ બિનઆદિવાસી સમૂદાયો

સાથે વસે છે. આ સમગ્ર વિસ્તારોમાં તેમની માટે ખાસ વાત એ છે કે માત્ર ગોંડ-રાજગોંડ વસતા હોય એવો એકેય પ્રદેશ નથી કે જેથી તેને તેમનું મૂળ વતન કહી શકાય. એક સ્વાયત જાતિ તરીકે સ્વતંત્ર રીતે જીવવાની એમનામાં શક્તિ કે વૃત્તિ હોય તેમ જણાતું નથી. તેમની ઓળખ થવાની હજી બાકી છે. સામાન્ય રીતે તેઓ જુદા જુદા વ્યવસાયો કરીને દરેકે દરેક વિસ્તારોમાં કરીને,પોતાનો જીવનનિર્વાહ ગોઠવતા જોવા મળે છે. જેમ કે જયાં તેઓ અમદાવાદ, વડોદરા, સુરત જેવા મોટા શહેરી વિસ્તારોમાં વસે છે, ત્યાં જંગલની જાણીતી જડીબુટ્ટીઓની દવાઓ વેચવાનો વ્યવસાય કરેછે. દક્ષિણ ગુજરાતના વિસ્તારના ગામોમાં વસેલી આ જાતિ ખેતી, ખેતમજૂરી, પશુપાલન અને કવચિત નોકરી વગેરે જેવા વ્યવસાયો કરે છે અને જીવનનિર્વાહ ગોઠવે છે. તે જ રીતે પંચમહાલના કેટલાક ગામોમાં વસવાટી કુટુંબો પણ ખેતી અને ખાસ કરીને ખેતમજૂરી, પશુપાલન ઉપર પોતાનું જીવન નભાવે છે. જૂનાગઢ, કેશોદ વગેરે વિસ્તારોમાં અને કચ્છમાં ગાંધીધામ, આદિપુરમાં તેઓ જંગલની જડીબુટ્ટીઓ,દવાઓ વેચીને જીવનનિર્વાહ ગોઠવવાનો સંઘર્ષમય પ્રયત્ન કરે છે. શહેરી વિસ્તારોમાં તેમના રહેઠાણ માટે તેમની પોતાની માલિકીની જમીન કે મકાનો તેઓ ધરાવતા જોવાતા નથી. અલબત્ત જયાં જયાં તેઓ ગ્રામય વિસ્તારોમાં વસે છે તેઓને રહેઠાણના મકાનો અને કેટલાકને જમીન પશુપાલનની સગવડો જોવા મળે છે. તેઓમાંથી ગ્રામ્ય વિસ્તારોમાંથી જૂજ કિસ્સામાં નોકરી કરતા જાણવા મળ્યા હતા. તેમ છતાં તેમનામાં એવો કોઈ વ્યવસાય નથી કે તેમને સામાજિક મોભો કે પ્રતિષ્ઠા મળે. તેમની પાસે સારી-વધારે જમીન મિલકત, પશુઓ કે રહેઠાણ પણ નથી જેથી તેઓ જયાં વસે છે ત્યાં તેમની કંઈ ઓળખાણ હોય. ટૂંકમાં તેઓ પછાત વિસ્તારો કે સમૂહો વચ્ચે વસે છે. તેઓ આર્થિક પછાતપણાની સાથે સામાજિક પછાત રહી જવા પામ્યા છે.

ગોંડ-રાજગોંડ લોકો ગુજરાતમાં વેરવિખેર રીતે વસેલા માલૂમ પડે છે. તેઓનો વસવાટ દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં વારોલી જંગલ, જોગીપાડા, અસ્ટોલ અને કરચોડ ગામો ધરમપુર તાલુકામાં નારવાડ, ટીપનપાડા જેવા આદિવાસી વિસ્તારોના ગામો અને ઉત્તર મધ્ય ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, હિંમતનગરના શહેરી વિસ્તારોમાં અને ઉત્તર-મધ્ય ગુજરાતમાં અમદાવાદ (ઈસનપુર-ઘોડાસર તળાવ પાસે રામગઢ મહોલ્લામાં, નરોડા-કલ્યાણમિલ- મસ્જીદ પાસે, વડોદરા, હરણી-આજવા રોડ બાજુ એકતાનગરમાં, હિંમતનગરમાં, જયારે કચ્છમાં ગાંધીધામમાં જૂની કોર્ટ પાસે, આદિપુરમાં સ્મશાન પાસેના મેદાનમાં, રાજકોટમાં મોરબી જકાતનાકા પાસે રેલ્વે ફાટક પાસે, જૂનાગઢ-કેશોદમાં ઈન્દ્રનગર જેવા શહેરી વિસ્તારોમાં તેઓ આર્થિક, સામાજિક પછાત સમૂદાયો વચ્ચે વસવાટ કરતા હોઈ અને રહેઠાણ રીતે સ્થિર મોભો ન હોઈ અને શિક્ષણનો પ્રસાર ઓછો હોઈ,તેમનામાં અશિક્ષિતોનું પ્રમાણ શહેર-તાલુકામાં સવિશેષ પણે જોવા મળે છે. મધ્ય ગુજરાતમાં પંચમહાલ જિલ્લામાં શહેરા, બોરીયા, શેખપુર, સંતરામપુર તાલુકામાં ડોડી, વાંકડા, મોરા, મોટીરેલ, ચીપવાડા વગેરે ગામોમાં ભીલ, નાયકા, કોળીવગેરે જાતિ સમૂદાયો સાથે ખેતી, ખેતમજૂરી, પશુપાલન વ્યવસાયો કરી વસે છે.

દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વસેલી ગોંડ-રાજગોંડ આદિવાસી જાતિ વિશે ૧૯૬૪માં લખાયેલા નિબંધમાં ''સુરત જિલ્લાની ધનનગર જ્ઞાતિની આર્થિક-સામાજિક તપાસમાં ''આ જાતિ મૂળે મહારાષ્ટ્રના નાગપુર, નાસિક, સતારા, પૂના, અહમનગર, ખાનદેશ, કોંકણપટ્ટી વગેરે સ્થળોએથી આવેલી છે. જે મૂળ તેઓમાં ચાલતા આંતરિક ઝઘડા સંબંધોને લઈને ગુજરાતના આ દક્ષિણ ભાગમાં વર્ષો પહેલાં ઉતરી આવેલા જણાવાયું છે. આજે બહુ જીવંત સંબંધો,તેઓ વચ્ચે મૂળવતના સાથેના જોવા મળતા નથી. મહારષ્ટ્રના વિસ્તારોમાં તેમની ધનનગર જાતિના સંબંધીઓ પણ છે. આ ધનગટ અટક પણ તેમના વ્યવસાય ઉપરથી આવેલી તેઓ કહે છે. વર્ષો પહેલાં ભરવાડો, ગોપાલકો પુષ્કળ ગાયો રાખતા, તેઓએ પ્રતિષ્ઠા વધારવા તેમને જુદા નામો રાખ્યા હશે. તે પરથી 'ધનગર' ધન ધણ ગાયો, ગાયોના રખેવાળ, આમ તેઓમાં ગોપાલકો- ભરવાડોમાં એમ નવી જ્ઞાતિ ઉભી થઈ છે, તે આ ''ધનગર'' ધનગરો શરૂમાં ઉનના ધાબળા ઘેટા બકરાના ઉનમાંથી બનાવતા અને ખેતી જેવા વ્યવસાયો પણ કરતા હતા. હવે ધાબળા-કામળા બનાવવાનો વ્યવસાય પડી ભાંગ્યો છે. માત્ર ખેતી અને ખેતમજૂરી કે પશુપાલનના વ્યવસાયો કરીને દક્ષિણ ગુજરાતમાં વસાવટી આ વ્યવસાયોની આસપાસ તેઓ પોતાનું જીવનનિર્વાહ ગોઠવે છે. ધનગરોના પેટા કૂળોમાં (૧) હટકટ (૨) હોલકર ૩) ખીલારા (૪) ગાવલી (૫) હાસકસ (૬) આહીર વગેરે જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતમાં વસતા ગોડ-રાજગોંડ, ધનગરો તેમના દર્શાવેલા કૂળોની અટકો સાથે દક્ષિણ ગુજરાતમાં વસવાટી એવી કોંકણા, વારલી, ધોડિયા, કોલઘા જેવી જાતિઓ સાથે કપરાડા-ધરમપુર તાલુકાના વિસ્તારોમાં (વારોલી, જોગીપાડા અસ્ટોલ, કરચોડ, નારવાડ, ટીમનપાડા ગામોમાં વસે છે. સામાજિક મોભાની રીતે ધનગયો-ગોડજાતિ ધોડિયા પછતના અને વારલી જેટલો જાતિ મોભો અને કોલઘા કરતાં ઉપરના મોભાના સ્થાને વ્યવહારોથી સંકળાયેલા જોવા મળે છે. નવસારી, સુરત જિલ્લાના વિસ્તારોમાં વાસંદા, ગણદેવી, બારડોલી, પારડી વગેરેમાં તેઓ કોળી પટેલો, અનાવિલો, હળપતિઓ, ધોડિયા પટેલો વગેરે જેવા જાતિ અને જ્ઞાતિ સમૂદાયો સાથે વસે છે. તેમાં હળપતિઓ સિવાય બીજા સમૂદાયો અનાવિલો, કોળી પટેલો તેમને નીચેના ક્રમે ગણે છે. હળપતિઓ કરતાં સામાજિક મોભામાં ઉપરના સ્થાને તેઓ સાથેનો વ્યવહાર તેઓનો જોવા મળે છે.

મહારાષ્ટ્રના નાસિક અને બીજા વિસ્તારોમાંથી ગુજરાતના શહેરી વિસ્તારોમાં અમદાવાદમાં ઈસનપુર તરફ ઘોડાસર તળાવ પાસે રામગઢ મોહલ્લામાં, નરોડા- કલ્યાણમિલ, ફોટગન ફલો સામે, વડોદરામાં પાણીગેટથી આગળ આજવા-હરણીરોડ તરફ એકતાનગરમાં, સુરત વિસ્તારમાં અન્ય પછાત સમૂદાયો સાથે ખૂબજ સામાન્ય કહી શકાય તેવા તાડપાડી, પ્લાસ્ટીકના છાજવાળા ઝૂપડાઓમાં વસે છે. તેઓનું આર્થિક જીવન ધોરણ નિમ્નકક્ષાનું જોવા મળે છે. કારણકે તેઓ માત્ર જડીબુટ્ટીઓ દવાઓ વેચીને પોતાનો ગુજરો કરતા જોવા મળે છે. અન્ય કોઈ વ્યવસાયોમાં સાથે તેઓ સંકળાયેલા જોવા મળતા નથી. તેઓની આ વિસ્તારોમાં સારી ઓળખ નથી. એટલે સામાજિક મોભાની રીતે નિમ્ન કક્ષાનું સ્થાન ધરાવે

છે. સરકારી વિભાગોમાં તેમની ખાસ ઓળખ કે જાણકારી નથી. માત્ર સ્થાનિક ચૂંટણી સંદર્ભે તેઓ પાસે ઓળખ છે. જે તેમની ઓળખ માત્ર તેઓ ધરાવે છે. ગોંડ-રાજગોંડ જેઓ પોતાને મહારાષ્ટ્રના નાસિકથી આવીને અહીંયાં વસ્યા છે. તેમનામાં તેમની કેટલીક કુળોની ગોત્ર અટકો જાણવા મળી હતી. જે અટકોથી તેઓ ઓળખાય છે. ગોત્રોમાં સડમાકી, વલકા, મરાપલ, જામકર, ગોળીપણ, કડાસમ, પેઠમ, મરામે-કિઈકે વગેરે જોવા મળે છે. જેમાં મરાયલ ગોત્રના કુટુંબો સવિશેષ પણે જણાયા હતા. વડોદરામાં વલ કે કુટુંબો સવિશેષ જોવા મળ્યા હતા.

આગળ દર્શાવ્યું તેમ ગુજરાતના વિસ્તારોમાં વસેલી ગોંડ-રાજગોંડ જાતિમાં મુખ્યત્વે બે ભાગ સ્પષ્ટપણે જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના કપરાડા, વાંસદા, ગણદેવીના ગામોમાં વસેલી અને પંચમહાલના શહેરા, સંતરામપુર તાલુકાઓના ગામોમાં વસેલી આ જાતિ ખેતી, ખેતમજૂરી અને પશુપાલનના વ્યવસાયોથી પોતાનું જીવનનિર્વાહ ગોઠવે છે. જયારે વડોદરા, અમદાવાદ, હિંમતનગર, રાજકોટ, કેશોદ, ગાંધીધામ (કચ્છ), આદિપુર જેવા શહેરી વિસ્તારોમાં વસેલા આ જાતિના કુટુંબો માત્રને માત્ર જંગલની જડીબુટ્ટીઓ વેચીને તેના દ્વારા પોતાનો જીવનનિર્વાહ ગોઠવે છે. બહુ જૂજ કુટુંબો શહેરમાં મજૂરીનો વ્યવસાય કરે પણ તે જવલ્લે તેમ કરે છે.



વસાહતમાં ખુશખુશાલ ગોંડ-રાજગોંડ જાતિના વારસો (બાળકો)



વિચારોમાં બેઠેલો વૃધ્ધ ગોંડ પુરુષ



ગોંડ-રાજગોંડ - વિચારમગ્ન વૃધ્ધ મહિલા

ગાળે છે. યજમાનનો ત્યાં મરઘુ કે ડુક્કર મારી મિજબાની કરે છે. ગોંડો આનંદી છે. તેમના પરિચયમાં આવે છે, તેને માટે સારા સ્મરણો મૂકતા જાય છે. તેઓ સાચા બોલા અને હંમેશાં હસતા રહે છે. તેઓ જંગલના રસ્તા, ફૂલો, પ્રાણીઓના જાણકાર છે. આળસુ ખરા પણ બીજા માટે સારી આગતા સ્વાગતાવાળા છે. પહોળા નાકવાળા, ડાબા કાને ગલગોટાનું ફૂલ ખોસેલા, શિકાર માટે હાથમાં કુહાળીવાળો, દાંત દેખાય તેવા ચહેરાવાળો, ગોંડ શિકાર કરી મહેતાણ વડે દારૂ પીવે છે અને છોકરા માટે મીઠાઈ લઈ જાય છે. તે નિષ્ફળ જાય (તેના ખેતીના વ્યવસાયમાં) તો પણ ફળફૂલ, કંદમૂળ ખાય, તો પણ કરેલી કમાણી સંઘરવાનું તેને સ્વપ્ન ન આવે તે ગોંડો છે.

**બીકણપણું, અજ્ઞાનતા :**

ગોંડો અજાણ્યા બહારના લોકોથી ખૂબ બીતા હતા. એટલે તે વખતના રાજાઓને અપાતી ખંડણી, અનાજના રૂપમાં અપાતી હતી, એ ઉઘરાવનાર અધિકારી ઠરાવેલ સ્થળથી દૂર સંતાઈ જતો અને લોકો અનાજ મૂકી જતા. કર્નલ ગ્લેસર્ફેડ નોંધ્યું છે કે ગોંડો ઘોડાથી બહુ બીતા હતા. ઘોડેસ્વારને જોઈ આખુ ગામ નાસી જતું. આ અનુભવ કરનારે ઘોડેસ્વારને જોઈ સ્ત્રી ઝાડ ઉપર જવાનો પ્રસંગ વર્ણવ્યો છે. તેમની અજ્ઞાનતાનું ઉદાહરણ પણ તેમને આપેલું. કેરીઓના ટોપલામાંથી કેરી ઓછી ન થાય તે રીતે પહોંચાડવી, પણ કેરી ખાવાથી સાથે રહેલા કાગળથી પકડાઈ જવાશે એમ માની કાગળ જમીનમાં દાટી દે છે. જેની ખબર ન પડે એમ તેમાં માનતા હતા. આખરે તે પકડાઈ ગયા. કાગળ જોયા ન હોવા છતાં કેમ પકડાયા એ સમજી શક્યા નહિ. આવી તેમની અજ્ઞાનતા જોવાયેલી.

કર્નલે નોંધ્યુ છે કે હવે તેઓ દસ સુધી ગણી શકે છે. ઢોર, અનાજ કે રૂપિયા ગણવામાં વીસથી વધારે સંખ્યા માટે તેઓ કોડી વાપરે છે. દસ. હાથની આંગળીઓ ને દસ પગની આંગળીઓ એ સાથે વીસ સુધી પોતે ગણતા શીખ્યા હતા એમ તેઓ કહે છે.

**નાચગાન :**

ગોંડ લોકો નાચવા ગાવાના બહુજ શોખીન હોય છે. તેથી તેઓ નાચતાં નાચતાં ગાય છે અને ભરપુર આનંદ અને મનોરંજન મેળવે છે. તેઓનું મુખ્ય નૃત્ય કમનૃત્ય છે. આ નૃત્ય તેઓ ચોમાસામાં જંગલમાંથી એક ઝાડની પાંદડાંવાળી ડાળખી લાવવાના પ્રસંગે જયારે થોડો ફાજલ સમય હોય અને દારૂ મળી રહેતો હોય ત્યારે રાત્રે નૃત્ય કરી મનોરંજન કરે છે.

માડિયા ગોંડોમાં એક મોટા કુંડાળામાં નાચે છે. દરેક પુરુષ તેની બાજુની છોકરીને એક બાજુ ગળેથી પકડીને અને બીજી બાજુ પગેથી વારા ફરતી પકડીને વર્તુળમાં હાર તૂટે નહિ એ રીતે ફરતાં ફરતાં નાચે છે. તેમના આ નૃત્યમાં માત્ર અપરિણિત છોકરા છોકરીઓ જોડાઈ શકે છે. એક વખત લગ્ન થાય એટલે આ નૃત્ય કરી શકે નહિ. ઘરના સુખ માટે નિયમ સારો છે. કારણ કે કેટલીક વખત નૃત્ય અને દારૂથી ઉત્તેજિત થઈ યુગલો નાચમાંથી જંગલમાં ભાગી જાય છે. ત્યાં એક બે દિવસ રહે છે. સગાંઓ ઘરે લાવે અને પરણેલા માને છે.



પ્રસન્ન મુદ્રામા ગોંડ પરણિત યુવતિ.

માડિયા નૃત્યમાં પુરુષો વાઘ, ચિતા, હરણ અને બીજા પ્રાણીઓની ચામડા પહેરે છે. કેટલાક મોરના પીંછા ધારણ કરે છે. કમરે કંદોરો, પીઠે ઘંટડી બાંધે છે. જે નાચનાં વાગે છે. ગાયકો ઢોલનાગરા જુદા જુદા વગાડે છે. ૩૦ જેટલા વાજા વગાડનારા હોય છે. નાચતાં ચોખા કે કોડા અને દારૂનું ખર્ચ પણ આવે છે.

અન્ય સ્થળોએ નૃત્ય ઓછુ ચિત્રમય હોય છે. કારણ કે સ્ત્રી-પુરુષો સામ સામે હારમાં ઉભા આઘાપાછા થઈ માત્ર નૃત્ય કરે છે. આમાં પરિણીત સ્ત્રીઓ નૃત્ય કરી શકે છે અને પુરુષો તેમને પકડ્યા વિના નૃત્ય કરે છે. તેઓ વચ્ચે વચ્ચે દારૂ પીવે છે. પડીયામાં કે ખોબામાં આપી પીવાય છે તેથી ઢોળાય છે.

**ગોંડ-રાજગોંડ : રંગરૂપ, ગુણ અને સ્વભાવ :**

ગોંડ-રાજગોંડો રંગે કાળા, કવચિત ઘઉવર્ણ પણ જોવા મળે છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, કસાએલા, મધ્યમ ઉંચાઈવાળા હોય છે. તેઓ સાહસિક, નિમકહલાલ અને સંતોષી હોય છે. પરંતુ તેઓનું બીજુ પાસુ જોઈએ તો આળસુ, વ્યસની હોય છે. બહુ વિશ્વાસપાત્રની તેઓની છાપ જોવા મળતી નથી. સ્વભાવે મધ્યમ મીઠાસવાળા, બહુ ઉદાર નહીં હોવાથી છાપવાળા અને કવચિત મહેમાનોની આગતા સ્વાગતા તેમની ગરજ અનુસાર કરનાર હોય છે.

ગુજરાતમાં વસેલી ગોંડ જાતિ બેભાગમાં વહેંચાયેલી તો છે. પરંતુ તેમની વસવાટી કે આર્થિક પરિસ્થિતિમાં છેલ્લા ઘણા વર્ષોથી બહુ ઝાઝુ પરિવર્તન આવેલું જોવા મળતું નથી. હા તેમને શહેરી અસરો જરૂર થઈ છે. તેમના રહેઠાણમાં હજુ કંતાન પ્લાસ્ટીક તંબુથી હજુ વિશેષ કંઈ જોવા મળતું નથી. ગ્રામ્ય વિસ્તારોમાં કાચા ઝૂંપડા વાંસ, કરોઠી, લીંપણની ભીંતો, છાજમાં નળિયા કે ઘાસ જોવા મળે છે. શિક્ષણમાં પણ ઝાઝો કોઈ ફેરફાર જોવા મળતોનથી. તેમનામાં કોઈ સંસ્થા કે સરકારનો ફાળો હોય તેવું પણ જોવા કે જાણવા મળ્યું નથી. હજુ તે અલિપ્ત કે અજાણ છે. એના ઉપરથી લાગે છે કે ગરીબો માટેના જે વિકાસ કાર્યક્રમો છે, તે આ જાતિને હજુ સ્પર્શ્યા નથી. એટલે કદાચ કાગળ ઉપર દૂધ દેખાય છે, તેટલું ઉજળું નથી જ. તેમની આર્થિક પરિસ્થિતિ સારી નથી જ તે ધ્યાને આવ્યા વિના રહેતુ નથી. તેને કારણે તેમના જીવનમાં અનેક સમસ્યાઓ પણ ઉભી થયેલી છે.

**ભૌતિક સંસ્કૃતિ અને સાધનો :**

ગુજરાતની આદિવાસી જાતિઓમાં જેમ તેના આચાર વિચારો, પ્રથાઓ, વિધિઓ જોવા મળે છે. તેમ ગોંડ-રાજગોંડ જાતિમાં પણ શહેરી વિસ્તારોની અસરોને લઈને, તેમનામાં જોવા મળતી વિધિઓ, પ્રથાઓ, આચારોમાં મંદ ગતિએ પરિવર્તન પ્રક્રિયા થઈ રહેલી છે. જો કે તેના સામાજિક રચનાતંત્રમાં આજે કોઈ સીધુ પરિવર્તન આવેલું દેખાતું નથી. ગોંડ-રાજગોંડ જાતિમાં અનેક વિધ આંતર-બાહ્ય પરિબળો દ્વારા પરિવર્તનની અસરો થતી જોવા મળે છે. જો કે તેમનામાં આંતર કરતાં બાહ્ય પરિબળોએ તેમનામાં પરિવર્તન માટે સવિશેષ અસર કરેલી જાણવા કે જોવા મળે છે. શિક્ષણની વધતી જતી સુવિધાઓ, પંચાયત



પ્લાસ્ટીકના તંબુના ઘરમાં ઘરવખરી સાથે નિરાશ બેઠેલું કુટુમ્બ



પ્રસન્ન મુદ્રામાં ઉભેલી ગોંડ યુવતિઓ

રાજની પ્રવૃત્તિઓ, જુદા જુદા ધર્મોની અસરો, શહેરીકરણની તેમજ નવા નવા ઉદ્યોગોની ઔદ્યોગિકરણની અસરો, નવીનતમ ટેકનોલોજીની અસરો, રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસ કાર્યક્રમો, સિંચાઈ યોજનાઓ અને તેમના આસપાસ વસવાટી એવા જુદા જુદા જાતિસમૂદાયોની અસરો તેમના ઉપર જોવા મળે છે. આ ધીમા છતાં મક્કમ ગતિના પરિબળોએ અસરો કરી છે. જેને લઈને તેમનામાં નવી ચેતના સાથે જાગૃતિ જોવા મળે છે. આ નવીન પરિબળો દ્વારા તેમનામાં સારી તેમજ ખરાબ અસરો પણ વર્તાયેલીછે. કેટલીક સમસ્યાઓએ,પણ તેમને ઘેરી લીધેલા છે. કેટલેક ઠેકાણે શહેરી સમૂદાયો સાથે સંપર્કમાં હોવા છતાં, તેમનામાં હજુ શિક્ષણની ભૂલ જાગી નથી. શહેરોમાં ઘણે ઠેકાણે વસતા હોવા છતાં તેમના માટેની યોજનાઓથી અજાણ છે અને પ્રાયોજના વિસ્તારની બહાર હોય તેના લાભોથી પણ તેઓ વંચિત છે. તેમની આર્થિક પરિસ્થિતિથી ઘણી નાજૂક હોય તેમનામાં જોવા મળતા ભૌતિક સાધનો ખૂબ જ નહીંવત પ્રમાણમાં છે. દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને પંચમહાલના શહેરા, સંતરામપુર વિસ્તાર વસવાટી ગોંડો પાસે ખેતી, ખેતમજૂરી, પશુપાલન હોય,તેમની ભૌતિક સુવિધા શહેરી ગોંડો કુટુંબો કરતા કંઈક અંશે વધુ સ્થિતિએ સારી છે. તેમનામાં ત્યાં થોડા શિક્ષીતો પણ જોવા મળે છે. એટલે એ બન્ને ગ્રામ્ય-શહેરી વિસ્તારના વસતા ગોંડ-રાજગોંડ કુટુંબોમાં સામાજિક તેમજ આર્થિક પરિસ્થિતિમાં અંતર છે.

ગોંડ-રાજગોંડ જાતિના અભ્યાસના આવરેલા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના કુટુંબોમાંથી જે ભૌતિક સંપદા જાણવા મળી હતી.

**ઘર-રહેઠાણ :**

કોઈપણ જાતિ સમુદાયમાં પરિવર્તન આવે છે, ત્યારે તે અભૌતિક બાબતો કરતાં ભૌતિક બાબતોમાં વિશેષ ઝડપથી આવે છે. જો કે કેટલાક આદિવાસી સમૂદાયોમાં જેવો વિકાસની પગદંડીએ પગ પણ મૂકી શકયા નથી. માત્ર ગરીબીની અવસ્થામાં જ વર્ષોપયંતથી જીવે છે. તેમનામાં ભૌતરિક પરિવર્તન અત્યંત મંદ ગતિએ તેમની ગરીબી અવસ્થાને કારણે આવતું હોય છે. તેમની ઈચ્છા હોવા છતાં ગરીબાઈને કારણે તેઓ ભૌતિક ચીજવસ્તુ સિવાય ચલાવી લઈને જીવન વિતાવે છે. અહીયાં એવો એક અલ્પ સંખ્યક આદિવાસી સમૂદાય ગોંડ-રાજગોંડ જેની વસ્તીસંખ્યા ૨૦૦૧ની વતી ગણતરીએ માત્ર ૨૧૫૨ની સમગ્ર ગુજરાત રાજયના કેટલાક શહેરી વિસ્તારોમાં અને બીજી કેટલીક ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. જેને લઈને તેમની રહેઠાણ વ્યવસ્થામાં ભિન્નતા જોવા મળે છે. એક સરખાપણું તેમની વસવાટી ઢબમાં કયાંય જોવા મળતું નથી. આમ સમગ્ર રીતે જોઈએ તો ગુજરાતના જંગલ, ડુંગરાળ વિસ્તારોમાં વસતા મોટાભાગના આદિવાસી સમુદાયોની વસવાટી ઢબ, ત્યાંની સ્થાનિક મળતી લાકડાની કે જંગલની જુદી જુદી વનસ્પતિઓની ચીજોમાંથી જોવા મળે છે. પરંતુ અહીયાં ગોંડ-રાજગોંડ જેઓ શહેરી વિસ્તારોમાં વસીને માત્ર જંગલની જડીબુટ્ટીઓ વેચીને વસે છે. તેમના રહેઠાણની ઢબ જોઈએ તો, જયાં શહેરની ખુલ્લી જગ્યા મળે ત્યાં પ્લાસ્ટીકના કોથડા ફાડીને ઢાંકીને તંબુ જેવું નાનકડું ઝૂંપડું બનાવીને તદ્દન ગંદકીવાળા સ્લમ વિસ્તારોમાં



તૂટી-ફૂટી પ્લાસ્ટીકના તંબુની વસાહતમાં ઉભેલા
ગોંડ-રાજગોંડ બાળકો અને મોટેરાઓ.

વસે છે, જેમકે અમદાવાદમાં કેડીલા રોડથી આગળ ઘોડાસર તળાવના ખુલ્લા પ્લોટમાં, હિંમતનગરમાં પી.ટી.સી. કોલેજના સામેના ખુલ્લા મેદાનમાં, નરોડામાં કલ્યાણમિલ, મસ્જીદ સામે, વડોદરામાં પાણીગેટ તરફ એકતાનગરમાં, કચ્છમાં, ગાંધીધામમાં જૂની કોર્ટના સામેના મેદાનમાં, જૂનાગઢ-કેશોદમાં ઈન્દ્રનગરના ખુલ્લા મેદાનમાં, રાજકોટ- મોરબી જકાતનાકા રેલ્વે ફાટકના મેદાનમાં, કચ્છમાં આદિપુરમાં સ્મશાન સામેના મેદાનમાં, ઉપર બતાવ્યા તેવા જ પ્રકારના પ્લાસ્ટીકના ઢાંકેલા ઝૂંપડાઓમાં વસે છે. તેમની પોતાની માલિકીની ઘરથાળની કોઈ જ જગ્યા શહેરી વિસ્તારોમાં જોવા મળતી નથી.

બીજી તરફ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં,ગોંડ-રાજગોંડ જાતિના જે કુટુંબો વસેલા જાણવા મળ્યા હતા. તેઓની રહેઠાણની ઢબ આ ઉપરોક્ત શહેરી વિસ્તારોમાં વસેલા કુટુંબોથી તદ્દન ભિન્ન પ્રકારની જોવા મળી હતી. જેમ કે પંચમહાલના શહેરા તાલુકાના શેખપુરા ને તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં જે કુટુંબો વસે છે. તેઓ ખેતી, ખેતમજૂરી, પશુપાલન, છૂટકમજૂરી અને બીજા બાહ્ય મજૂરીના કામો કરીને જીવન નિર્વાહ ગોઠવે છે. તેઓ ત્યાંની સ્થાનિક મળતી ચીજવસ્તુઓમાંથી પોતાના ઘર-ઝૂંપડા બનાવે છે. જેમાં વાંસ, કપાસની કરાંઠી, જંગલની સાંઠી, ઘાસ, નળિયા, માટી,છાણનો ઉપયોગ કરેછે. વલસાડના કપરાડા, ધરમપુરના જંગલ વિસ્તારના ગામોમાં પણ વાંસ, સાગ, સાદડ અને મળતા ઘાસ, માટી છાણનો ઉપયોગ કરીને પોતાની રહેઠાણ વ્યવસ્થાનું ઝૂંપડું બનાવે છે.દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના બારડોલી, નવસારી, વાંસદાના ગોંડ કુટુંબો કે જેઓ પોતાની અટક પેટાગોત્ર ધનગર દર્શાવે છે. તેઓના ઘર રહેઠાણની સ્થિતિ આગળ દર્શાવ્યા તે શહેરી તેમજ જંગલ વિસ્તારના ગોંડ કુટુંબો કરતાં તદ્દન ભિન્ન પ્રકારની જોવા મળે છે. તેમના ઘરો ઈંટમાટીના કે સીમેન્ટની ચણેલી દીવાલોવાળા, પતરાથી છાજેલા કે ધાબાવાળા ઘરો જોવા મળે છે. આમ કુલ ત્રણ પ્રકારની રહેઠાણ વ્યવસ્થા ધરાવતી ગોંડ જાતિ વિસ્તારને અનુસંધાને પોતાની વસવાટી વ્યવસ્થા બનાવે છે.

ગોંડ-રાજગોંડ જાતિની આ ત્રણ પ્રકારની વસવાટી વ્યવસ્થા તો જોવા મળે છે. પણ સાથે સાથે તેની ઘરવખરી પણ ભિન્ન માલૂમ પડે છે. જેમકે શહેરી વિસ્તારમાં સ્ટીલ અને પ્લાસ્ટીકનો વપરાશ, ફાટેલા તૂટેલા પ્લાસ્ટીકના તંબુના વસવાટમાં જોવા મળે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના તેમના કુટુંબોમાં સ્ટીલ ઉપરાંત માટીના સ્થાનિક વપરાશના સાધનો માટલુ, ખાવાપીવાના વાસણો, ખાટલા, ખુરશી, ટી.વી. ફોન, વીજળી સુવિધા, પાણીની સુવિધા, સંડાસ, બાથરૂમ વગેરેની સુવિધાઓ આવાસમાં ઘણાં બધાં કુટુંબોમાં જોવા મળે છે. દક્ષિણના જંગલ વિસ્તારના ધરમપુર, કપરાડાના તાલુકાઓના,ગામોમાં તદ્દન ઝૂંપડાના માટીના વાસણો, સ્ટીલના વાસણો, ઘંટી વગેરે જોવા મળે છે. બાકીના સાધનોથી તેઓ વંચિત છે.

**ભાષા-બોલી :**

ગોંડ-રાજગોંડ જાતિની તેમની પોતાની આગળ બોલી છે. તેઓ તેમની ગોંડી પ્રવિડિયન ભાષા

તમિલ અને કન્નડ સાથે સંબંધ ધરાવે છે બોલે છે. પણ હાલમાં તેઓ ગુજરાતમાં જયાં વસે છે,ત્યાં ગુજરાતી સાથે વિસ્તારોની અસરવાળી બોલી બોલે છે. જયાં તેમની સવિશેષ વસ્તી છે તે રાજયમાં તેમની લેખિત ભાષા છે. પણ ગુજરાતના વિસ્તારોમાં તેમની લિપીબધ્ધ કરેલ કોઈ ભાષાનો લેખિત સ્વરૂપે પ્રકાશ પડાયો નથી. તેઓ દક્ષિણ ગુજરાતમાં જયાં વસે છે,ત્યાં મરાઠી મિશ્રિત બોલી, ઉપરાંત ત્યાં વસતા વારલી, ધોડિયા, કુંકણા જાતિઓની બોલી બોલે છે. તે ઉપરાંત તેઓ પંચમહાલના ભીલો, બારિયા, પટેલિયા જાતિઓની પ્રભાવ હેઠળની બોલી બોલે છે. શહેરોમાં વસતા તેમના કુટુંબો મહદ્અંશે ગુજરાતી બોલી બોલે છે અને તેમના પોતાના સમૂદાય જોડે તેમની આંતરિક દ્રવિડિયન બોલી બોલે છે. એટલે જયાં વસે છે ત્યાં હિંદી, મરાઠી કે તેલુગુ શબ્દો તેમની બોલીમાં આવે છે.

તેમના દ્વારા જાણવા મળેલા તેમની પોતાની બોલીના કેટલાક શબ્દો મૂકયા છે.

| ક્રમ | ગુજરાતી | ગોંડી |
|---|---|---|
| ૧. | મા | બૈયે |
| ૨. | બાપ | બા |
| ૩. | છોકરા | ટૂંડા |
| ૪. | છોકરી | ટૂંડી |
| ૫. | પત્ની | બાઈકો |
| ૬. | પતિ | મિદો |
| ૭. | જમાઈ | સડે |
| ૮. | ફોઈ | આતી |
| ૯. | ફૂવા | મામા |
| ૧૦. | માસા | મોસા |
| ૧૧. | માસી | મૌસી |
| ૧૨. | દિયર | સેરડુ |
| ૧૩. | દાદા | તાદો |
| ૧૪. | દાદી | આજી |
| ૧૫. | નણંદ | તગોરાર |
| ૧૬. | ખોરાક | દિનદાના |
| ૧૭. | પાણી | પેર |



શહેરના આધુનિક પરિવેશમાં ગોંડ-રાજગોંડ સ્ત્રીઓ

**પહેરવેશ-કપડાં :**

ગોંડ-રાજગોંડમાં પરંપરાગત રીતે પુરુષો લૂંગી, શર્ટ, ઓપન શર્ટ, બંડી પહેરે છે. કોઈ કોઈ સારી સ્થિતિવાળા શહેરી અસરોને લઈને પેન્ટ, શર્ટ પહેરતા જોવા મળે છે. છેવાડાના આદિવાસી ગામોમાં ધોતી, ખમીસ પહેરે છે. ગરીબ યુવાન, અભણ યુવાનો પેન્ટ, ચડ્ડી, શર્ટ, ખમીસ પહેરે છે. તેઓમાં જે શિક્ષિતો કે નોકરી કરવાવાળા છે, તે બુશર્ટ, પેન્ટ, જાકીટ પહેરે છે. તે જીન્સ કે ટેરીકોટનના સારા કાપડના કપડા પહેરે છે. સ્ત્રીઓ પણ પરંપરાગત કછોટો મારી ઘાઘરા ઉપર સાડલો વીંટે છે. જો કે તેમાં મહારાષ્ટ્રની ઢબે કછોટો મારી સહેજ ઉંચો પહેરે છે. તેમનામાં શિક્ષિત સ્ત્રીઓ, છોકરીઓ ડ્રેસ, સાડી, મેક્સી જેવા કપડાં પહેરે છે. જો કે તેમનામાં વ્યવસાયિક ગરીબાઈને કારણે વર્ષ દરમ્યાન બે જોડ કપડાંથી મોટાભાગના ચલાવી લે છે. તેઓમાં પાણીના અભાવે પરિસ્થિતિવશ મેલાઘેલાં કપડાં પહેરેલા ઘણા બધા પુરુષો, સ્ત્રીઓ, છોકરા-છોકરીઓ જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના અભ્યાસના કુટુંબોમાં જમીન, વ્યવસાયો અને રોજગારીની તકોને લઈને પહેરવેશની બાબતમાં થોડા સારા કપડાં પહેરતા જોવા મળે છે. વડિલ સ્ત્રીઓ, પુરુષો છૂંદણા છૂદાયેલા જોવા મળે છે.

**ઘરેણાં :**

પુરુષો હાથમાં કડુ, આંગળીઓએ સોના, ચાંદીની વીંટી પહેરે છે. સ્થિતિપાત્ર મહદ્અંશે સોનાના ઘરેણાં પહેરે છે. પુરુષો કરતાં, સ્ત્રીઓ ઘરેણાની ભારે શોખીન તેમનામાં જોવા મળે છે. હાથમાં બંગડી, વીંટીઓ નાની કડીઓ, સ્ત્રીઓ ચાંદીના ઘરેણાં પણ પહેરે છે. ગળામાં માળાઓ, કંદોરો, નાકે નથણી, ગળામાં માદળીયુ કાળી ઘંટીવાળુ પહેરીને ઘરેણાંનોશોખ પુરો કરે છે. આર્થિક સ્થિતિ બહુ બહેતર ન હોવાને લઈને શહેરી વિસતારોમાં હવે ઘરેણાં ઓછા થતા જતા જોવા મળે છે.

**ખોરાક :**

ગોંડ લોકો ખોરાકમાં ભાગ્યે જ કોઈ પ્રતિબંધ પાળે છે. તેઓમાં બન્ને પ્રકારનો ખોરાક ખવાય છે. તેઓ માંસાહારી તેમજ શાકાહારી છે. તેઓ બકરા, મરઘા-કુકડા તેમજ માછલી જેવા માંસાહારી ખોરાક ખાય છે. જેમને સારા સંપર્ક છે, તેઓ શાકાહારી ખોરાકમાં ઘઉં, ચોખા, બાજરી અને બીજા શાકભાજીનો ઉપયોગ પણ કરે છે. તેઓ તહેવાર કે ઉજાણી પ્રસંગે માંસાહારી મરઘા-બકરા કે માછલી ખોરાકમાં બનાવી ખાય છે. તેજ રીતે હિંદુ તહેવારોના ભાગરૂપે દાળ ચોખા, ઘઉંની ચીજવસ્તુઓ બનાવીને, તળીને ખોરાકમાં ખાતા હોય છે. જેઓ જંગલ વિસ્તારમાં વસે છે. તેઓ કંદમૂળ, ભાજીઓ અને વાડાના શાક પણ ખાય છે. તેઓ સસલા, તેતર, હરણ વગેરેનું માંસ રાંધી ખાય છે. તેઓ ચોખા, ખુરશાણી, વરાઈ, અડદદાળ કે બીજા કઠોળ ચણા, ઝાલરનો પણ ખાવામાં ઉપયોગ કરે છે. દક્ષિણ ગુજરાતમાં જેઓ હિંદુ જાતિઓના સંપર્ક છે તેઓ તેમના રિવાજો મુજબ અનુકરણ ખોરાકમાં કરે છે. જે ગોંડ કુટુંબો શહેરમાં વસે છે, તે માંસાહારી તેમજ શાકાહારી બન્ને પ્રકારના ખોરાકો ખાય છે. ગોંડ લોકો હિંદુઓના ખોરાક લઈ શકે છે.



યુવતિ અને બાળકો પોતાના નાનકડા તંબૂમાં રસોઈની જગ્યામા.

પણ તેમની સાથે વસેલી બીજી પછાત જાતિઓ પાસેથી ખોરાક લેતા નથી. જેમકે જંગલ વિસ્તારના કોલચા, કોટવાળિયા, શહેરી વિસ્તારની અનુસૂચિત જાતિઓ તેમજ બક્ષી જાતિઓની દેવીપુજક જેવી જાતિઓ પાસેથી ખોરાક લેતા કે ખાતા નથી. દક્ષિણ ગુજરાતમાં ઢોડિયા, કુકણા જાતિઓનો ખોરાક તેઓ ખાય છે, પણ તેઓ તેમની એ ઉપર ગણાતી જાતિઓને ખોરાક માટે બોલાવી શકતા નથી. આમ સામાજિક મોભાની રીતે ગોંડ જાતિનો તેઓ પોતાને હજુ નિમ્ન કક્ષાએ ગણે છે. તેઓ કયાંય અપગ્રેડ થયેલા જોવા મળતા નથી.

**પીણાં- વ્યસનો :**

ગુજરાતના મોટાભાગના આદિવાસી જાતિ સમૂદાયોમાં જેમ દારૂનું પીણું એ કોઈ અજુગતી બાબત નથી. તેમ ગોંડ સમુદાયમાં પણ દારૂ-તાડીનાં પીણાં એ સામાન્ય બાબત ગણાય છે. ગોંડ લોકો રોજબરોજના જીવનમાં દારૂ પીવે છે. તેવી રીતે પ્રસંગોપાત પણ દારૂ તેઓમાં પીવાય છે. તેમાં તેઓ બાંધછોડ કરતા નથી. પરંતુ જયારે કોઈ શિક્ષિતો તેમનામાંના દારૂ-તાડીના વ્યસનોની નિષેધવાળા તેમને ત્યાં મહેમાન બનીને આવે કે મુલાકાતે આવે ત્યારે તેઓ તેમનું સ્વાગત ચા-પાણી કે ઠંડા પીણાંથી કરે છે. તેમનામાંના જેઓ શિક્ષિત બન્યા છે તેઓ દારૂ, તાડીથી અળગા થયા છે. તેઓ ચા કે ઠંડાપીણાં જ માત્ર પીવે છે.

ગોંડ લોકોમાં બીડી, તમાકુ, પાન, ગુટકા ખાવાની ટેવવાળા પણ તેમનામાં ઘણા બધા જોવા મળે છે. તેઓમાં બીડી-તમાકુ અને ગુટકા પુરુષ સાથે કેટલીક સ્ત્રીઓ પણ ખાય છે.



સીગારેટ સળગાવતો વૃધ્ધ ગોંડ-રાજગોંડ પુરુષ.

કુટુંબો, સાબરકાંઠાના હિંમતનગર શહેરી વિસ્તારમાંથી (કાટવારોડ, પી.ટી.સી. કોલેજ) ૧૦ કુટુંબો અને ગ્રામ્ય વિસ્તાર પંચમહાલ (શહેરા) શેખપુર ગામમાંથી ૧૦ કુટુંબો, સુરત, નવસારી, વલસાડના કડોદ, અનાવલ, વારોલી જંગલ, જોગીપાડામાંથી ૧૦ કુટુંબોને આવરી લઈને દરેક શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને રૂબરૂ મળીને તેમના સંબંધી સઘળી વિગતો અહીયાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. ગોંડ-રાજગોંડ જાતિની વસતિ કોઈ જગ્યાએ તેમજ કોઈ એક ગામમાં સ્થાઈ ન હોઈ છૂટાછવાયા કુટુંબો હોઈ. તે જયાં મળ્યા ત્યાંથી,વિગતો એકઠી કરીને મૂકવાનો પ્રયાસ કર્યો છે. શહેરોમાં ગોંડ-રાજગોંડ નામો લેખથી તેઓ પોતાને ઓળખાવે છે. જયારે દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ધનગર-ગોંડ તરીકે પોતાની ઓળખ આપે છે.

તપાસના વિસ્તારો - ગામોમાંથી પસંદ કરાયેલા કુટુંબોમાંથી જે તે કુટુંબોની જાતિવાર સભ્ય સંખ્યા જાણવા મળી હતી. જે દરેક શહેરના, ગામોના સમાવેલા કુટુંબોમાંથી જાતિવાર પુરુષ-સ્ત્રી વાર સભ્ય સંખ્યા જાણવા મળી હતી. તેની વિગતો કોઠા નં.૪.૧ માં જોવાથી ખ્યાલ આવશે.

**કોઠા નં.૪.૧**

**પસંદ કરેલ ગામોના લાભાર્થી કુટુંબો અને પુરુષ-સ્ત્રી સભ્ય સંખ્યા**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામો વિસ્તાર | કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | ૩૭<br>૫૯.૬૮ | ૨૫<br>૪૦.૩૨ | ૬૨<br>૧૦૦.૦૦ |
| ૨. | વડોદરા | વડોદરા સીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | ૪૧<br>૫૪.૬૭ | ૩૪<br>૪૫.૩૩ | ૭૫<br>૧૦૦.૦૦ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૨૬<br>૪૯.૦૬ | ૨૭<br>૫૦.૯૪ | ૫૩<br>૧૦૦.૦૦ |
| ૪. | સુરત, નવસારી, વલસાડ | બારડોલી, વાલોડ નવસારી, ધરમપુર કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૨૫<br>૫૪.૩૫ | ૨૧<br>૪૫.૬૫ | ૪૬<br>૧૦૦.૦૦ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવારોડ, પી.ટી.સી.કોલેજ સામે | ૧૦ | ૨૮<br>૫૮.૩૩ | ૨૦<br>૪૧.૬૬ | ૪૮<br>૧૦૦.૦૦ |
| | કુલ<br>ટકા | | | ૫૦ | ૧૫૭<br>૫૫.૨૮ | ૧૨૭<br>૪૪.૭૨ | ૨૮૪<br>૧૦૦.૦૦ |

કોઠા નં.૪.૨
મકાનનો પ્રાર અને સામાન્ય સુવિધાઓ

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | મકાન માલિકી જમીનમાં | | હા તો કોની પોતાની | ના તો સરકારી | મકાન | | ઓરડા | | | છાજ શેનું | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા | ના | | | કાચુ | પાકું | એક | બે | ત્રણ | પ્લા-સ્ટીક | પતરા | ધાબું |
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | - | ૪ | ૬ | - | ૧૦ | - | - |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | - | - | ૫ | ૫ | ૪ | ૬ | - |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | - | - | ૬ | ૪ | ૧૦ | - | - |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૧૦ | - | ૧૦ | - | ૯ | ૧ | ૨ | ૪ | ૪ | ૩ | ૪ | ૩ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | - | ૧૦ | - | - | ૧૦ | - | - |
| | | | કુલ | ૫૦ | ૨૦ | ૩૦ | ૨૦ | ૩૦ | ૪૯ | ૧ | ૧૬ | ૨૧ | ૧૩ | ૩૭ | ૧૦ | ૩ |
| | | | ટકા | ૧૦૦ | ૪૦.૦૦ | ૬૦.૦૦ | ૪૦.૦૦ | ૬૦.૦૦ | ૯૮.૦૦ | ૨.૦૦ | ૩૨.૦૦ | ૪૨.૦૦ | ૬૦.૦૦ | ૭૪.૦ | ૨૦.૦૦ | ૬.૦૦ |



સામાન્ય પ્લાસ્ટીકના તંબૂમાં જોવા મળેલું ગોંડ કુટુમ્બ

અભ્યાસમાં પસંદ કરાયેલા કુટુંબોની કેટલીક સામાન્ય માહિતી (મકાન, કુટુંબના સભ્યોની વયજૂથની વિગતો, કુટુંબ પ્રકાર, વૈવાહિક દરજ્જો, લગ્નવય, શિક્ષણ, સ્થાવર મિલકત, વ્યવસાય, આવક, ખર્ચ, દેવું) જાણી હતી,તે નીચે પ્રમાણે છે.

**મકાનનો પ્રકાર અને સામાન્ય સુવિધાઓ :**

તપાસના આવરેલા સમગ્ર કુટુંબોના મકાનોમાંથી પોતાની જમીનમાં ૨૦ (૪૦.૦૦ ટકા) મકાનો અને બાકીના ૩૦ (૬૦.૦૦ ટકા) મકાનો જે મકાનો નહીં પણ પ્લાસ્ટીક કે કોથળાના બનાવેલા તંબુ પ્રકારના જે પોતાની જમીનમાં નહી પણ સરકારી ખુલ્લા પ્લોટમાં બનાવેલા જણાયા હતા. તપાસના કુટુંબના લગભગ બધા જ મકાનો (તંબુ સહિતના) કાચા જાણવા મળ્યા હતા. માત્ર એક મકાન પાકુ જોવા મળ્યું હતું. તપાસમાં મકાનના ઓરડા અને છાજની વિગતો મેળવી હતી, જેમાં એક ઓરડાવાળા ૧૬ (૩૨.૦૦ ટકા), બે ઓરડાવાળા ૨૧ (૪૨.૦૦ ટકા) અને ત્રણ ઓરડાવાળા ૧૩ (૨૬.૦૦ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. તેમના મકાનો કે તંબુઓના છાજની વિગતો જોવા જાણવા મળી હતી. જેમાં ૩૭ (૭૪.૦૦ ટકા) મકાનોને પ્લાસ્ટીકનું છાજ, ૧૦ (૨૦.૦૦ ટકા) મકાનોને પતરાનું છાજ અને ૩ (૬.૦૦ ટકા) મકાનોને ધાબાવાળુ છાજ જાણવા મળ્યું હતું.

**કોઠા નં.૪.૩**

**મકાનનો પ્રકાર અને સામાન્ય સુવિધાઓ**

| ક્રમ | જિલ્લો | પશુછાપરા | | વીજળી છે. | | નાવણિયું છે. | | જાજરૂ છે. | | પાણીની સુવિધા છે. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| ૧. | અમદાવાદ | - | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | - | ૧૦ |
| ૨. | વડોદરા | - | ૧૦ | ૫ | ૫ | - | ૧૦ | - | ૧૦ | - | ૧૦ |
| ૩. | પંચમહાલ | ૧૦ | - | ૧૦ | - | - | ૧૦ | - | ૧૦ | - | ૧૦ |
| ૪. | સુરત,નવસારી વલસાડ | - | ૧૦ | ૫ | ૫ | ૪ | ૬ | ૪ | ૬ | ૫ | ૫ |
| ૫. | સાબરકાંઠા | - | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | - | ૧૦ |
| | કુલ | ૧૦ | ૪૦ | ૨૦ | ૩૦ | ૪ | ૪૬ | ૪ | ૪૬ | ૫ | ૪૫ |
| | ટકા | ૨૦.૦૦ | ૮૦.૦૦ | ૪૦.૦૦ | ૬૦.૦૦ | ૮.૦૦ | ૯૨.૦૦ | ૮.૦૦ | ૯૨.૦૦ | ૧૦.૦૦ | ૯૦.૦૦ |

તપાસ હેઠળના કુટુંબોમાંથી,અન્ય સામાન્ય સુવિધાઓ જાણવા મળી હતી. જેમાં પશુછાપરી ૧૦ (૨૦.૦૦ ટકા) કુટુંબોને, વીજળી ૨૦ (૪૦.૦૦ ટકા) કુટુંબોને, નાવણિયું માત્ર ૪ (૮.૦૦ ટકા) કુટુંબોને, જાજરૂની સુવિધા માત્ર ૪ (૮.૦૦ ટકા) કુટુંબોને અને પાણીની સુવિધા માત્ર ૫ (૧૦.૦૦ ટકા) કુટુંબોને જાણવા મળી હતી. બાકીના કુટુંબો સામાન્ય સુવિધાઓથી વંચિત જાણવા મળ્યા હતા. તેઓએ સુવિધાઓ

વિના ચલાવી લે છે. અથવા બીજેથી પ્રાપ્ત કરીને સંતોષ માને છે અને પોતાની જરૂરિયાત સામૂહિક રીતે મેળવે છે. દા.ત. હેન્ડપંપથી પાણીની સુવિધા પ્રાપ્ત કરે છે.

તપાસ અભ્યાસના આવરેલા કુલ ૫૦ કુટુંબોની જાણવા મળેલી કુલ સભ્ય સંખ્યા ૨૮૪ની હતી. જેમાં ૧૫૭ (૫૫.૨૮ ટકા) પુરુષો અને ૧૨૭ (૪૪.૭૨ ટકા) સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. પુરુષો કરતાં સ્ત્રીઓની સભ્ય સંખ્યા ઓછી નોંધાયેલી જોઈ શકાય છે. કુલ સભ્ય સંખ્યામાંથી વયજૂથ પ્રમાણે વર્ગીકરણના આંકડા જે જાણવા મળ્યા હતા. જેમાં ૨૬ થી ૩૫ના વયજૂથમાં સૌથી વધુ સભ્ય સંખ્યા ૩૨ (૨૦.૩૮ ટકા) પુરુષો અને ૩૦ (૨૩.૬૨ ટકા) સ્ત્રીઓની નોંધાયેલી જોવા મળી હતી. જે મહદ્અંશે યુવાન પરણેલાઓની હતી. એ પણ નોંધાયેલી પુરુષ-સ્ત્રીની વયજૂથ સભ્ય સંખ્યા ૩૨ (૨૦.૩૮ ટકા) પુરુષો અને ૩૦ (૨૩.૬૨ ટકા) સ્ત્રીઓની નોંધાયેલી જોવા મળી હતી. જે મહદ્અંશે યુવાન પરણેલાઓની હતી. એ પણ નોંધાયેલી પુરુષ-સ્ત્રીની વયજૂથ સભ્ય સંખ્યા જોઈએ તો, ૬ થી ૧૪ની વયજૂથમાં ૩૪ (૨૧.૬૬ ટકા) પુરુષો અને ૧૯ (૧૪.૯૬ ટકા) સ્ત્રીઓ એટલે કે બાળકો-યુવાનોની જાણવા મળી હતી. સૌથી મોટી ઉંમરની નોંધાયેલી સભ્ય સંખ્યા જોઈએ તો ૨૬ (૧૬.૬૫ ટકા) પુરુષો અને ૩૨ (૨૫.૧૯ ટકા) સ્ત્રીઓ૪૭થી ઉપરની વયજૂથમાં જાણવા મળ્યા હતા. સૌથી ઓછી નંધાયેલા સભ્યોમાં ૦ થી ૧૪નીવયજૂથમાં ૨૩ (૧૪.૬૫ ટકા) પુરુષો અને ૧૧ (૮.૬૬ ટકા) સ્ત્રીઓ એટલે કે બાળકો જાણવા મળ્યા હતા. આ બધી વયજૂથની સભ્ય સંખ્યામાં કમાનાર કરતાં તેમના ઉપર નભનારાઓની સભ્ય સંખ્યા ઘણી વધી ગયેલ જોવા મળી હતી. કારણ કે શહેરી વિસ્તારમાં તેમનો જડીબુટ્ટીઓ વેચવાનો વ્યવસાય એ બાળકો-સ્ત્રીઓ અને વૃધ્ધો કરી શકે તેવી સ્થિતિમાં ન હોય. કમાનારને વધુ પ્રમાણમાં મહેનત કરવી પડે છે.

કોઠા નં.૪.૪
જાતિ અને વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | વયજૂથ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૦ થી ૧૪ | | ૬ થી ૧૪ | | ૧૫ થી ૨૫ | | ૨૬ થી ૩૫ | | ૩૬ થી ૪૫ | | ૪૦થી ઉપર | | કુલ | |
| | | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | ૧૨ | ૫ | ૧૩ | ૭ | - | - | ૪ | ૪ | ૭ | ૭ | ૧ | ૨ | ૩૭ | ૨૫ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | ૨ | ૪ | ૭ | ૩ | ૧૫ | ૧૦ | ૧૦ | ૯ | ૧ | ૨ | ૬ | ૬ | ૪૧ | ૬૪ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | - | - | - | - | ૫ | ૪ | ૧૧ | ૯ | ૨ | ૨ | ૮ | ૧૨ | ૨૬ | ૨૭ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૪ | ૨ | ૭ | ૫ | - | - | ૫ | ૬ | ૩ | ૨ | ૬ | ૬ | ૨૫ | ૨૧ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | ૫ | - | ૭ | ૪ | ૭ | ૭ | ૨ | ૨ | ૨ | ૨ | ૫ | ૫ | ૨૮ | ૨૦ |
| | | | કુલ | ૫૦ | ૨૩ | ૧૧ | ૩૪ | ૧૯ | ૨૭ | ૨૧ | ૩૨ | ૩૦ | ૧૫ | ૧૫ | ૨૬ | ૩૨ | ૧૫૭ | ૧૨૭ |
| | | | ટકા | ૧૦૦ | ૧૪.૬૫ | ૮.૬૬ | ૨૧.૬૬ | ૧૪.૯૬ | ૧૭.૨૦ | ૧૬.૫૪ | ૨૦.૩૮ | ૨૩.૬૨ | ૯.૫૫ | ૧૧.૮૧ | ૧૬.૬૫ | ૨૫.૧૯ | ૧૦૦ | ૧૦૦ |

કોઠા નં.૪.૫
કુટુંબની સભ્ય સંખ્યા અને પ્રકાર

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | ૧થી ૨ની સભ્ય સંખ્યા | ૩ થી ૫ સભ્ય સંખ્યા | ૬થી વધારે સભ્ય સંખ્યા | કેન્દ્રીય | સંયુક્ત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | - | ૩ | ૭ | ૬ | ૪ | ૧૦ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | ૧ | - | ૯ | ૫ | ૫ | ૧૦ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૧ | ૪ | ૫ | ૧ | ૯ | ૧૦ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૨ | ૩ | ૫ | ૭ | ૩ | ૧૦ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | ૧ | ૯ | - | ૬ | ૪ | ૧૦ |
| | | | કુલ | ૫૦ | ૫ | ૧૯ | ૨૬ | ૨૫ | ૨૫ | ૫૦ |
| | | | ટકા | | ૧૦.૦૦ | ૩૮.૦૦ | ૫૨.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૧૦૦.૦૦ |

આમ જાતિ અને વયજૂથ પ્રમાણે વિસ્તારો, ગામો પ્રમાણે કુટુંબ પ્રમાણેનું વર્ગીકરણ કોઠા નં.૪:૪ માં દર્શાવ્યા પ્રમાણે વિગતવાર જોવાથી ખ્યાલ આવશે.

તપાસના કુટુંબોની સંખ્યા અને વયજૂથ પ્રમાણે જાતિવાર સભ્ય સંખ્યા જોઈ. ઉપરાંત તપાસના કુટુંબોમાંથી કદ પ્રમાણે જે કુટુંબો જાણવા મળ્યા હતા, તે અને કુટુંબનો જે પ્રકાર જાણવા મળ્યો હતો,તે જોઈએ તો ૧ થી ૨ ની સભ્ય સંખ્યાવાળા ૫ (૧૦.૦૦ ટકા) કુટુંબો, ૩ થી ૫ ની સભ્ય સંખ્યાવાળા ૧૯ (૩૮.૦૦ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. ૬થી વધારેની સભ્ય સંખ્યાવાળા સૌથી વધુ ૨૬ (૫૨.૦૦ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. તપાસ અભ્યાસ કુટુંબોમાં ૫ કરતાં વધુની સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો વિશેષ જણાયા હતા. એટલે અહીયાં ૫.૬૮ કુટુંબદીઠ સરેરાશ વ્યક્તિઓ નોંધાયેલી તેમની સભ્ય સંખ્યા ઉપરથી જોવા મળે છે. એટલે ગોંડ-રાજગોંડ લોકોના કુટુંબનું કદ સંખ્યાની રીતે જોઈએ તો આજની આ મોંઘવારીની અને તેમની ગરીબાઈની પરિસ્થિતિમાં વધુ મોટા કદનું કહી શકાય. તેમના કુટુંબોમાંથી જાણવા મળેલી મોટી સંખ્યાની સભ્ય સંખ્યા તેમને ભવિષ્યમાં પણ વધુને વધુ કપરી પરિસ્થિતિમાં મૂકી શકે તેવી આખીય પરિસ્થિતિ,તેમની આર્થિક પરિસ્થિતિ તેમજ રહેઠાણની પરિસ્થિતિ જોતાં લાગ્યા વિના રહેતુ નથી. જો કે અભ્યાસ હેઠળના,તપાસના કુટુંબોમાંથી બે પ્રકારના કુટુંબો કેન્દ્રીય અને સંયુક્તની રીતે જોઈએ તો બન્નેમાં લગભગ સરખા કુટુંબો જણાયા હતા. ૨૫ કેન્દ્રીય અને ૨૫ સંયુક્ત ભાવનાથી પોતાના સામાજિક જીવનમાં કુટુંબ વ્યવસ્થાની રીતે જાણવા મળ્યા હતા.

શહેરી અસર હેઠળ જે કુટુંબો હતા તેમાં સંયુક્ત કરતાં કેન્દ્રીય કુટુંબ વ્યવસ્થા વિશેષ અપનાવેલી જાણવા મળી હતી. જે શહેરી વિસ્તારના કોઠા નં.૪:૫ માં દર્શાવેલા કુટુંબો ઉપરથી સ્પષ્ટ જોઈ શકાશે.

કોઠા નં.૪.૬
વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | પરિણીત | | અપરિણીત | | વિધુર | વિધવા | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | | | પુરુષ | સ્ત્રી |
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | ૧૩ | ૧૩ | ૨૪ | ૧૧ | ૧ | ૧ | ૩૭ | ૨૫ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | ૧૯ | ૧૯ | ૨૧ | ૧૫ | ૧ | - | ૪૧ | ૩૪ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૨૨ | ૨૨ | ૪ | ૧ | - | ૪ | ૨૬ | ૨૭ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૧૩ | ૧૩ | ૧૨ | ૮ | - | - | ૨૫ | ૨૧ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | ૧૨ | ૧૨ | ૧૬ | ૭ | - | ૧ | ૨૮ | ૨૦ |
| | | | કુલ | ૫૦ | ૭૯ | ૭૯ | ૭૬ | ૪૨ | ૨ | ૬ | ૧૫૭ | ૧૨૭ |
| | | | ટકા | | ૫૦.૩૨ | ૬૨.૨૦ | ૪૮.૪૧ | ૩૩.૦૭ | ૧.૨૭ | ૪.૭૩ | ૧૦૦ | ૧૦૦ |

**વૈવાહિક દરજ્જો :**

તપાસના કુટુંબોમાંથી ૧૫૭ પુરુષ અને ૧૨૭ સ્ત્રીઓ મળીને કુલ ૨૮૪ની સભ્ય સંખ્યામાંથી ૫૦.૩ ટકા પુરુષો અને ૬૨.૨૦ ટકા સ્ત્રીઓની પરિણીતોની સભ્ય સંખ્યા જાણવા મળી હતી. જયારે ૪૮.૪૧ ટકા પુરુષો અને ૩૩.૦૭ ટકા સ્ત્રીઓ અપરિણીત જણાઈ હતી. એટલે પરિણીતોની સભ્ય સંખ્યા વિશેષ જણાઈ હતી. કુલ સભ્ય સંખ્યામાંથી ૧.૨૭ ટકા વિધુર અને ૪.૭૩ ટકા વિધવા જાણવા મળી હતી. જે પ્રમાણમાં નહીંવત કહી શકાય તેવી સ્થિતિ જણાઈ હતી.

તપાસના અભ્યાસના વિસ્તારો- ગામોમાંથી પરિણીત, અપરિણીત, વિધુર-વિધવા અંગેની જે સ્થિતિ જાણવા મળી હતી તે કોઠા નં.૪:૬માં દર્શાવ્યા પ્રમાણે જોવાથી વિગતે ખ્યાલ આવશે. પરિણીતોની સંખ્યા વધુ જણાઈ હતી. તેનું કારણ એ જાણવા મળ્યું હતું કે તેઓ યુવક-યુવતીઓને વહેલા પરણાવી દેવામાં માને છે. એટલે અપરિણીતો કરતાં પરિણીતો વિશેષ જાણવા મળે એ સ્વાભાવિક છે.

ગોંડ-રાજગોંડ ના તપાસના કુટુંબોમાંથી ક્ષેત્રકાર્ય દરમ્યાન રૂબરૂ લીધેલી મુલાકાતમાં તેમની વૈવાહિક પરિસ્થિતિની સાથે સાથે પરણેલા કુટુંબના સભ્યોની લગ્નવય જાણવા મળી હતી. જેમાં બધા મળીને કુલ ૧૫૫ પુરુષ-સ્ત્રીઓમાંથી ૭૬ પુરુષ અને ૮૦ સ્ત્રીઓની લગ્નવય જાણવા મળી હતી. હયાત પરિણીત પુરુષ-સ્ત્રી ઉપરાંત, વિધુર-૨, વિધવા-૬ મળી કુલ ૮ જેટલાની વિગતો જાણવા મળી હતી. જાણવા મળેલી ૧૫ થી ૨૦ની વયમાં ૫૨ (૬૮.૪૨ ટકા) પુરુષો અને ૫૮ (૭૨.૫૦ ટકા) સ્ત્રીઓના લગ્ન થયેલા જાણવા મળ્યા હતા. ૨૧ થી ૨૫ની વયમાં ૨૪ (૪૧.૫૮ ટકા) પુરુષો અને ૨૨ (૨૭.૫૦ ટકા) સ્ત્રીઓના લગ્ન થયેલા જાણવા મળ્યા હતા. એટલે જોઈ શકાય છે કે પુરુષ કરતાં સ્ત્રીઓના લગ્નની ઉંમર પુરુષો કરતાં નાની હોવા છતાં તેઓની લગ્નની બેડીમાં જલ્દી પરોવી દેવામાં આવે છે. વિસ્તાર-ગામોની પુરુષ-સ્ત્રીઓની લગ્નવય કોઠા નં.૪.૭ જોતાં વિગતે ખ્યાલ આવશે.

## કોઠા નં.૪.૭
## કુટુંબની લગ્નવય દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | ૧૫ થી ૨૦ ઉંમર | | ૨૧ થી ૨૫ ઉંમર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | ૯ | ૮ | ૪ | ૫ | ૧૩ | ૧૩ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | ૧૦ | ૧૨ | ૮ | ૬ | ૧૮ | ૧૮ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૧૬ | ૧૮ | ૫ | ૭ | ૨૧ | ૨૫ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૯ | ૧૦ | ૪ | ૨ | ૧૩ | ૧૨ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | ૮ | ૧૦ | ૩ | ૨ | ૧૧ | ૧૨ |
| | | | કુલ | ૫૦ | ૫૨ | ૫૮ | ૨૪ | ૨૨ | ૭૬ | ૮૦ |
| | | | ટકા | | ૬૮.૪૨ | ૭૨.૫૦ | ૩૧.૫૮ | ૨૭.૫૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

**સામાજિક સંરચના :**

ગોંડ-રાજગોંડ જાતિ જયાં જયાં વસવાટ કરે છે, તેવા અમદાવાદ, વડોદરા, હિંમતનગર, ગાંધીધામ, રાજકોટ, કેશોદ જેવા શહેરી વિસ્તારો અને પંચમહાલ, વલસાડ, સુરત, નવસારીના ગ્રામ્ય વિસ્તારોમાં વસતી, તેના રહેઠાણની દષ્ટિએ જોઈએ તો,શહેરોમાં અનેકવિધ આર્થિક અને સામાજિક રીતે પછાત રહી જવા પામેલા સમૂદાયો સાથે જેમાં દેવીપૂજક, મુસ્લીમ, ઠાકોર વગેરે સાથે મહદ્અંશે વસવાટી જોવા મળે છે. બાકીના ગોંડ-રાજગોંડ કુટુંબો કે જેવો ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટી છે. તેઓ ભીલ, કુંકણા, વારલી, ધોડિયા પટેલ, ચૌધરા, ગામિત, વસાવા જેવા આદિવાસી સમૂદાયો સાથે વસવાટી છે. ઉપરાંત તેઓ અનાવિલ બ્રાહ્મણ, પારસી, કોળીપટેલ, ઠાકરડા જેવા બિન આદિવાસી સમૂદાયો સાથે કયાં,કયાં વસે છે. જેને કારણે તેઓ ઉપર તેમની આર્થિક અસરો સાથે સામાજિક, ધાર્મિક અસરો પણ વર્તતાની જોવા મળે છે. આ બધી અસરો હેઠળ ગોંડ-રાજગોંડ જાતિનું સામાજિક સ્થાન, કુટુંબ વ્યવસ્થા, વંશ વ્યવસ્થા, ગોત્ર અટકોના સાથેના સંબંધો, વારસા પ્રથા, મિલકત તથા પુરુષ-સ્ત્રીના સ્થાન વિશે તપાસ અભ્યાસ પહેલાં કેટલાક સંદર્ભે સાહિત્યને આધારે અને ક્ષેત્રકાર્ય સમયે તેમની જ જાતિના વડીલો, શિક્ષિતો અને અન્ય બિન સરકારી, સરકારી,તેમજ શિક્ષકો પાસેથી,જોવા કે જાણવા મળ્યું હતું. તે અહીયાં કંઈક અંશે મૂકવાનો પ્રયત્ન કર્યો છે.

**સમાજવ્યવસ્થા :**

અમદાવાદ, વડોદરા, હિંમતનગર, ગાંધીધામ, રાજકોટ, કેશોદ જેવા શહેરી વિસ્તારોમાં વસેલી ગોંડ-રાજગોંડને શહેરના લોકો સાથે માત્ર દેશી દવાઓની જડીબુટ્ટીઓ વેચવા સિવાય, બીજા કોઈ સામાજિક સંબંધો હોય તેવુ જોવા, જાણવા મળતું નથી. તેમને વ્યવસાયિક સંબંધો સિવાય તેમનો કોઈ બીજો સંબંધ જાણવા મળતો નથી. તેમની આસપાસ બીજા સમૂહો સાથે પણ તેમને કોઈ સામાજિક સંબંધો સ્થપાયેલા જાણવા મળતા નથી.

પંચમહાલ, વલસાડ, સુરત, નવસારી જેવા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ગોંડ-રાજગોંડ કુટુંબો,ત્યાંના સ્થાનિક ભીલ, કુંકણા, વારલી, ધોડિયા, પટેલ, ચોધરી, ગામિત, વસાવા જેવા આદિવાસી સમૂદાયો સાથે ઉપરાંત અનાવિલ બ્રાહ્મણો, કોળીપટેલો, પારસીઓ, ઠાકરડા વગેરે બિન આદિવાસી સમૂદાયો સાથે આર્થિક સંબંધો ધરાવે છે. સાથે,સાથે તેમને આ સમૂદાયો સાથે બેટી વ્યવહાર સિવાયના ખાનપાનના સંબંધો જોવા મળે છે. તેમાં તેઓ સામાજિક સ્તરીકરણમાં મહદ્અંશે નીચેના સ્તરે પોતાનો સામાજિક મોભો ધરાવે છે. તેઓ બીજા સમૂદાયોનું ખાનપાન લે છે, પણ બીજા સમૂદાયો તેમને ત્યાં ખાનપાન માટે જતા નથી. તેઓ જે વ્યવસાય કરે છે તેમાંથી બજાર સ્તરે જઈને તેની લે કે વેચ કરે છે. તેઓ આર્થિક શોષણના ભોગ બનતા જોવા મળે છે. તેઓ આર્થિક રીતે ઓછા વિકસીત હોઈ ગરીબાઈ હેઠળ દબાઈને ટેવાઈ ગયેલા હોઈ તેમ પણ જોવા, જાણવા મળે છે. તેમનામાંના વાંસદા, બારડોલી, નવસારી,

વાલોડના વિસ્તારોના જે ગોંડ-રાજગોંડ કુટુંબોમાં શિક્ષણથી કે વ્યવસાયિક રીતે બીજા કરતાં કંઈક જુદા પડે છે. તેઓ આર્થિક-સામાજિક મોભામાં કંઈક વિકસિત હોઈ તેમ જોઈ શકાય છે. જેમને આર્થિક, શૈક્ષણિક વિકાસ સાધ્યો છે તેઓ, બીજા નિમ્નકક્ષાની આર્થિક સ્થિતિવાળા ગોંડ-રાજગોંડ કરતાં પોતાને 'ભદ્ર' ગણે છે ખરા. પરંતુ એવા ઘણા ઓછા કુટુંબો તેવાઓના છે. આર્થિક કે શૈક્ષણિક સ્થિતિનો ભેદ જોવા મળે પણ ગોત્ર સંબંધમાં ઉંચનીચનો ભેદ જોવા મળતો નથી.

**ગોંડ-રાજગોંડમાં શાખ : ગોત્ર વ્યવસ્થા :**

ગુજરાતના બીજા આદિવાસી સમૂદાયોની જેમ ગોંડ-રાજગોંડ જાતિ પોતાને વંશ એ શાખ કે ગોત્રના આધારે ઓળખાવતી હોય છે. એટલે ગોંડ-રાજગોંડ જાતિમાં પણ શાખ કે ગોત્રનું મહત્વ જોવા મળે છે. ગોંડ-રાજગોંડ જાતિના લોકો જીવનના અનેક પ્રસંગોએ તેને લઈને તાણાવાણાની જેમ સંકળાઈને ઐક્ય ભાવના સાથે સંગઠિત થઈને દરેક જણ અનિવાર્યપણે વિશિષ્ટ હક્કો તથા ફરજના ભાગરૂપે અનેક પ્રસંગોએ,પ્રકાર્યાત્મક ભૂમિકાઓ ભજવે છે. તેઓ લગ્ન, જન્મ, મરણ અને તેમના વ્યવસાયિક કાર્યો સહિત અનેક ધાર્મિક-સાંસ્કૃતિક પ્રસંગોએ સર્વે અનેક રીતે પોતપોતાની રીતે મદદ કરીને, આ સગાઈ ગાંઠને મજબૂત બનાવી રાખે છે.

ગુજરાતની આદિવાસી જાતિઓમાં વંશ આધારે વિધવિધ ગોત્રો કે કૂળ જોવા મળે છે. તેઓમાં અનેક વંશોના સમૂહ જોવા મળે છે. સમૂહને 'ગોત્ર' અથવા 'કૂળ' કહેવામાં આવે છે. ગુજરાતમાં વસતી ગોંડ-રાજગોંડ જાતિમાં એકથી વધારે ગોત્રોની સંખ્યા જોવા મળી હતી. જે નીચે મુજબ છે.

**ગોંડ-રાજગોંડના ગોત્રો :**

દક્ષિણ ગુજરાતના ગોંડ-રાજગોંડ જે ધનગર અટકથી ઓળખાય છે. વર્ષો પહેલાં તેઓ ભરવાડો, ગોપાલકો કહેવાતા. તેમનામાંથી ધનગરોના કેટલાક પેટા કૂળો : ગોત્રો જાણવા મળ્યા હતા.

| | |
|---|---|
| (૧) હટકર | (૪) હાસકસ |
| (૨) હોલ્કર | (૫) ગાવતી |
| (૩) ખીલારા | (૬) આહીર |

અમદાવાદ, વડોદરા,હિંમતનગર, ગાંધીધામ, રાજકોટ, કેશોદ વગેરે જેવા શહેરી વિસ્તારોમાં વસતા ગોંડ-રાજગોંડ જાતિના કુટુંબો પાસેથી તેમની જાણવા મળેલી કૂળો-ગોત્રોની અટકો નીચે મુજબ હતી.

| | |
|---|---|
| (૧) સડમાકી | (૬) કૂડાસમ |
| (૨) વલકા | (૭) પેડમ |
| (૩) મરાપલ | (૮) મરાયે |
| (૪) જામકર | (૯) ઉઈકે |
| (૫) ગોળીપણ | |

ગોંડ-રાજગોંડો અનેક પિતૃવંશ બર્હિગામી સમૂહોથી સંગઠિત થયેલા છે: તેને 'ગોત્ર' અથવા 'અટક' કહેવામાં આવે છે. દરેક ગોત્રને પોતાનીઆગવી ઓળખ હોય છે. તે નામ દ્વારા વ્યક્તિને પ્રાપ્ત થાય છે. લગ્ન જેવા સામાજિક સંબંધો બાંધવા માટે ગોત્ર વ્યવસ્થા તેઓમાં ખૂબ અગત્યની ગણવામાં આવે છે. એક જ ગોત્ર-અટકવાળા પોતાને ભાઈબહેન ગણે છે અને તેઓ વચ્ચે લગ્ન કરતા નથી. કરે તો પૂર્વજો નારાજ થાય,તેમ તેઓ માને છે.

દક્ષિણ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા કુટુંબો જે ગોંડ-રાજગોંડ જાતિના છે. ધનગરોના નામે પોતાને ઓળખાવે છે. તે મહારાષ્ટ્રના વિસ્તારના તો છે પણ ઘણા સમય પહેલાં સ્થળાંતર કરીને આવ્યા હોઈ તેમના કેટલાક ગોત્રો છે. તે પછીથી આવેલા ગોંડ-રાજગોંડ જાતિના શહેરી વિસ્તારના કુટુંબો મહારાષ્ટ્રના અન્ય વિસ્તારના હોઈ ગોત્રની રીતે જુદા તેમનાથી તરી આવે છે.

**કુટુંબ વ્યવસ્થા :**

ગોંડ-રાજગોંડની કુટુંબવ્યવસ્થા પિતૃસત્તાક બહિલગ્ન વ્યવસ્થાવાળી છે. ગોંડ-રાજગોંડના જુદા જુદા ઠેકાણે વસેલા,તેમના સમૂદાયમાં કુટુંબવ્યવસ્થાના અલગ અલગ સ્વરૂપો જોઈએ તો ગોંડો-રાજગોંડોમાં જોવા મળતી સંયુક્ત કુટુંબ વ્યવસ્થામાં  સ્થાવર મિલકત, સહનિવાસ, સહભોજનવાળા કુટુંબો જોવા મળે છે. ઉપરાંત રક્ત સંબંધી અને લગ્નસંબંધ ધરાવતા સગાંઓવાળા પણ કોઈ કોઈ સંયુક્ત કુટુંબો જોવા મળે છે. ગોંડ-રાજગોંડ કુટુંબો પિતૃસત્તાક, પિતૃસ્થાની અને પિતૃવંશી છે. તેમની આ વ્યવસ્થામાં ઘર પતિનું હોવાથી અને પત્ની પતિના ઘરે આવતી હોવાથી,સ્વાભાવિક રીતે વર્ચસ્વ પતિનું હોય છે. પત્નીને પતિ અને સાસરી પક્ષથી દબાયેલા રહેવું પડે છે. પત્નીને પતિની આશ્રિત ગણવામાં આવે છે. સામાન્ય રીતે કુટુંબમાં મિલકત પિતા દ્વારા પુત્રને મળે છે. સૌથી નાના દીકરાને માતા-પિતા સાથે રહેતો હોય મળતી મિલકતમાંથી થોડો વધારે હિસ્સો મળે છે. ત્કતા સ્ત્રીનો કે છૂટાછેડા આપેલી સ્ત્રીનો સંપત્તિ ઉપર અધિકાર રહેતો નથી. કુટુંબમાં વિધવા-વિધુર સ્થાન આદરભર્યુ હોય છે. પિતૃઓ પ્રત્યે આદરથી જોવાય છે. બાળકો પરિસ્થિતિ મુજબ દેખરેખ હેઠળ ઉછેરાય છે. તેમનામાં દાદા-દાદી, માતા-પિંતા તેમજ મામા-ફોઈની ભૂમિકા પ્રસંગચિત મહત્વની હોય છે. તેમનામાં જોવા મળતા સગાઈ સંબંધોને લઈને કુટુંબવ્યવસ્થા સુંદર રીતે તાણાવાણાથી ગોઠાવયેલી જોવા મળે છે. જેને લઈને તેમનું સામાજિક માળખું ટકેલું જોઈ શકાય છે.

ગોંડ-રાજગોંડ જાતિમાં આગળ જોયું તેમ પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા હોઈ, ઘરના બધા સભ્યો વડીલ પુરુષની આજ્ઞામાં રહીને કુટુંબમાં રહે છે. કુટુંબના આર્થિક વ્યવહારો, વહીવટ, ધાર્મિક ક્રિયાઓ, -પિતૃપૂજા, ન્યાય જેવી સઘળી બાબતોમાં વડીલ પિતાનું વર્ચસ્વ જોવા મળે છે. યુવાન સ્ત્રીઓ પર ઘરની વડીલ સ્ત્રીની સતા હોય છે. તેમના સમાજજીવનમાં કુટુંબજીવનમાં સ્ત્રીઓનું સ્થાન મહત્વનું જોવા મળે છે. છોકરીનું દહેજ અપાતું નથી. ઘર જમાઈની પ્રથા તેમનામાં જોવા મળતી નથી. એકથી વધારે પત્ની કોઈ કિસ્સામાં જોવા મળે છે.

ગોંડ-રાજગોંડમાં બે પ્રકારના કુટુંબો સ્વરૂપો જોવા મળે છે. (૧) કેન્દ્રીય અને (૨) વિસ્તૃત કે સંયુક્ત કુટુંબ,

કેન્દ્રીય કુટુંબ જેમાં પતિ-પત્ની અને તેના અપરિણત બાળકોનો સમાવેશ થાય છે. જેમાં નિસંતાન કુટુંબો, ખંડિત કુટુંબો, છૂટાછેડા હોય તેવા અને એક વ્યક્તિમાત્ર હોય તેવા કુટુંબનો સમાવેશ થાય છે.

વિસ્તૃત કે સંયુક્ત કુટુંબપ્રથા જેમાં એમ કરતાં વધુ કેન્દ્રીય કુટુંબનોનું જોડાણ થતું હોય તેમ જોવા મળે છે. તેમાં લગ્ન કરેલી વ્યક્તિ ઉમેરાય, ઉપરાંત બે કે ત્રણ પેઢીના પરણિત, અપરિણીત, વિધુર-વિધવા, ત્યકતા કે છૂટાછેડાવાળા કુટુંબ સભ્યો, લગ્ન સગાંઓ, કયારેક નજીકના સગાંઓ વગેરે હોય છે. તપાસ અભ્યાસમાં વિસ્તારવાર કુટુંબ પ્રમાણે કુટુંબપ્રથા જોવા મળી હતી. જે નીચે મુજબ કોઠા નં.૪.૫ માં દર્શાવ્યા પ્રમાણે જોવાથી વિગતે વિસ્તાર કુટુંબ મુજબ જોવાથી ખ્યાલ આવશે.

**સગાઈ સંબંધો-સંબોધનો : વિવિધ સ્વરૂપો :**

ગોંડ-રાજગોંડ જાતિના સામાજિક સંગઠનમાં શાખ-ગોત્ર વ્યવસ્થા ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. તેમનામાં વ્યક્તિગત કે સામૂહિક રીતે ગોત્ર વ્યવસ્થાના એકબીજાના સંબંધોને લીધે એકબીજાને ખૂબ જ મદદરૂપ થવાને કારણે તેમનું સામાજિક સંગઠન મજબૂત છે. એ જ રીતે તેમનામાં જોવા મળતી કુટુંબપ્રથા પછી તે વિસ્તૃત-સંયુક્ત હોય કે કેન્દ્રીય તે પણ મહત્વનો ભાગ ભજવે છે. તેમનામાં જોવા મળતી કેન્દ્રીય અને વિસ્તૃત કુટુંબપ્રથા જેમાં અનેક સગાંસંબંધીઓ સાથે રહે છે. તેમનામાં જોવા મળતી આવી બન્ને પ્રકારની કુટુંબવ્યવસ્થામાં બે પ્રકારના સગાઈ સંબંધોનું માળખું રચાયેલું જોવા મળે છે. (૧) જન્મથી બનેલા લોહી આધારિત અને (૨) લગ્નથી ઉભા થયેલા સગાઈ સંબંધીઓ, ગોંડ-રાજગોંડ જાતિમાં સગાઈ સંબંધો આધારિત અનેક સગાઈ રચાતા સબંધો જોવા મળે છે. તેમાં લોહીના સગાઓને તુંકારથી એક વચનથી બોલાવે છે. જો કે તેમાં વૃધ્ધ-વડીલ સગાઓને માનવી બોલાવે છે. જયારે લગ્નના સગાઓને માનાર્થે કે બહુવચનથી બોલાવે છે. તેમનામાં લોહીના સગાઓમાં વધુ મોકળાશથી, જયારે લગ્ન સગાસંબંધીઓમાં નિષેક કે મર્યાદા રખાય છે. તેમનામાં લોહી આધારિત કે લગ્ન આધારિત સંબંધથી,જે કુટુંબવ્યવસ્થાં રચાઈ હોય છે, તેવા સગાઈ સંબંધીઓ :

(૧) પતિ-પત્ની

(૨) પતિ-પત્ની, અવિવાહિત સંતાનો

(૩) પતિ-પત્ની, પુત્ર, પુત્રવધૂ તેમના બાળકો

(૪) પિતા (વિધૂર) અવિવાહિત પુત્ર-પુત્રીઓ

(૫) માતા (વિધવા) અવિવાહિત પુત્ર-પુત્રીઓ

(૬) પતિ-પત્ની, પતિના ભાઈ-બહેન

(૭) પતિ-પત્ની, અવિવાહિત બાળકો, વિધૂર પિતા

(૮) પતિ-પત્ની, અવિવાહિત બાળકો, વિધવા માતા.

(૯) વિધવા

ગોંડ-રાજગોંડ જાતિમાંથી સગાઈ વ્યવસ્થા સંદર્ભે કેટલાક સંબોધન શબ્દો જાણવા મળ્યા હતા, તે નીચે મુજબ છે.

**સગપણ સંબોધન શબ્દો :**

| ક્રમ | ગોંડી | ગુજરાતી |
|---|---|---|
| (૧) | બૈયે | મા |
| (૨) | બા | બાપ |
| (૩) | ટૂંડા | છોકરા |
| (૪) | ટૂડી | છોકરી |
| (૫) | બાઈકો | પત્ની |
| (૬) | મિદો | પતિ |
| (૭) | સડે | જમાઈ |
| (૮) | આતી | ફોઈ |
| (૯) | મામા | ફુવા |
| (૧૦) | મોસા | માસા |
| (૧૧) | મૈસી | માસી |
| (૧૨) | સેરડુ | દિયર |
| (૧૩) | તાદો | દાદા |
| (૧૪) | આજી | દાદી |
| (૧૫) | તગોરાટ | નંનદ |

ગોંડ-રાજગોંડની કુટુંબ-વ્યવસ્થા સંદર્ભે આગળ જોયું તેમ,પિતૃસત્તાક, ગોત્રબહિલગ્ન વ્યવસ્થાવાળી છે. એટલે પોતાના લોહીના સગાં અને પોતાના ગોત્ર-કુળમાં તેઓ લગ્ન કરતા નથી. તેમ પોતાથી સગોત્ર મોટી વયની વ્યક્તિ સાથે ઠઠ્ઠામશ્કરી કે ખરાબ વાતો કરતા નથી. પોતાનીજાતિ સિવાયની અન્ય જાતિઓ સાથેના માતા-પિતા સંતાનો વચ્ચેના નિખાલસ, નિસ્વાર્થ ભર્યા, આજ્ઞાકારી સંબંધો હોય છે. પતિ-પત્નીના સંબંધો ઘરના કે સગાના દેખતાં મર્યાદાભર્યા રહે છે. પતિ-પત્ની એકબીજાને માધ્યમના ઉપયોગી બોલાવે છે. પુત્રવધૂ કુટુંબના સસરા-સાસુ, જેઠ કે અન્ય વડીલો પ્રત્યે આદર-માનથી અને લાજમર્યાદાથી વર્તે છે. ટૂંકમાં સગાઈ સંબંધી વ્યવસ્થા વર્ગીકૃત અને વિશિષ્ટ સંબોધન એ બન્ને પ્રકારે જોવા મળે છે. સગાઈ સંબંધો- સંબોધનોની એકબીજાની ભૂમિકા સારા નરસા પ્રસંગોએ વ્યક્ત થાય છે. ટૂંકમાં સગાઈ સંબંધો,

પડોશી સંબંધો, પરસ્પરવલંબન વિશેષ ધ્યાન ખેંચે છે. તેને લઈને તેમના સામાજિક માળખાની સંરચનાને સ્થિર, નિયંત્રિત અને ગતિશીલ રાખી વ્યવસ્થિત રીતે ટકાવી રાખવામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.

ગોંડ-રાજગોંડ જાતિના લોહી આધારિત તેમજ લગ્ન આધારિત રચાતા સગાઈ સંબંધોને પરિણામે અનેક પ્રકારના કૌટુંબિક, સામાજિક,આર્થિક સંબંધો થતા જોવા મળે છે. આથી તેમની કુટુંબ વ્યવસ્થામાં અનેક પ્રકારના સગાઈ સંબંધોવાળા વ્યક્તિઓ રહેવાને કારણે કેટલીકવાર એકબીજા વચ્ચે અંદરોઅંદર સાસુ-વહુ, નણંદ-ભાભી, જેઠાણી-દેરાણી, સાળી-બનેવી, સસરા-જમાઈ, દીયર-ભાભી વચ્ચે કયાંક સુમેળભર્યો, તો કયાંક કડવાશને કારણે ઝઘડાઓ થતા હોય છે. તેમાં કેટલાક અલગ રહેવા જાય તો કેટલાકને કુટુંબીઓ સમજાવી સાથે રાખે છે કે સુલેહ કરે છે. કેટલાકના પ્રશ્નો પંચ સમક્ષ પણ મૂકાય છે. કયારેક પતિ-પત્ની વચ્ચે થતા ઝઘડાઓ છૂટાછેડા સુધી પહોંચ્યાના તેમનામાં ઉદાહરણ જોવા-જાણવા મળે છે. તેઓમાં જોવા મળતું. પંચ માત્ર ઝઘડા ઉકેલવાનું કામ કરે છે તેવું નથી. તે ધાર્મિક પ્રસંગે કે તેમના સમાજને લગતી બીજી બાબતો સંદર્ભે પણ નિર્ણયાક ભૂમિકા ભજવે છે. પંચ મારામારી, સ્ત્રી-પુરુષના ઝગડા, પર સ્ત્રીગમન, ચોરી વગેરેમાં તેની ભૂમિકા હોય છે. પંચ કામ ન આવે ત્યારે કોર્ટકચેરીએ તેઓજતા જોવા મળે છે.

**સામાજિક રીત રિવાજો :**

**રજસ્વલા અને સીમંતનો વિધિ :**

ગોંડ-રાજગોંડ જાતિમાં છોકરી પહેલીવાર રજસ્વલામાં બેસે તેને 'હોશિયાર થઈ ગઈ' એમ કહે છે. પરંતુ ત્યાર બાદ કોઈ વિધિ કરાતી નથી. પાંચ દિવસ આભડછેટ પળાય છે. સ્ત્રીને ગર્ભ રહેતો ન હોય તો બાધા માની દંતેદારી માતાએ વિધિ કરે છે. તેમનામાં ખોળો ભરવાનો વિધિ કરાય છે. સગર્ભાને શક્તિ સુજબ ખોરાક ખવડાવે છે. જો કે ઘણા બધા કુટુંબોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી વિશેષ કાળજી લેવાતી નથી.

**પ્રસુતિ અને જન્મવિધિ :**

ગોંડ લોકો માને છે કે ગર્ભ રહેવો એ દેવીની કૃપા છે. સગર્ભા થાય ત્યાંથી માંડીને પ્રસુતિ થતાં પહેલાં સમયમાં સ્ત્રીઓ રોજબરોજના કામો કરતી રહે છે. પ્રસુતિ થયા બાદ દસ બાર દિવસમાં ઘરનું કામકાજ કરવા લાગી જાય છે. પ્રસુતિ તેમણી જાતિની અનુભવી સ્ત્રી દ્વારા કરાવાય છે. જરૂર પડે દવાખાને, ડોક્ટર, નર્સ દ્વારા પ્રસુતિ કરાવાય છે. શહેરોમાં વસેલા દવાખાનો જતા થયા છે તે વિધિઓથી આગા રહીને પ્રસુતિ કરાવતા થયા છે. બાકી તો પરંપરાગત રીતે પાંચ દિવસે પાંચમ મનાવી, ચા-પાણી કે દારૂ વગેરે પીવડાવી, જરૂર પૂરતા માણસોને ખાવા બનાવી જમાડે છે. પાંચમ મનાવી ઘરની સ્ત્રીઓ નામકરણ વિધિ કરી નામ પાડે છે. બાબરીની માનતા રાખી બાબરી ઉતરાવે છે. દંતેશ્વરી માતાએ બાબરીની વિધિ

કરે છે. આ ક્રિયાઓ પછી જન્મથી બાળકો કોઈ વિશેષ ધ્યાન આપ્યા વિના મોટા થાય છે. તેમના પણ પુત્ર જન્મને વધુ મહત્વ અપાતું જોવા મળે છે.

લગ્ન :

ગોંડ-રાજગોંડ જાતિ ગુજરાતના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ત્રણ ભાગમાં વહેંચાઈને વસે છે. તેમનામાં પેટા જૂથો જોવા મળતા નથી. પણ ગોત્રશાખ વ્યવસ્થા,તેમના સામાજિક જીવનમાં અનિવાર્યપણે અગત્યની હોય તેમ માલૂમ પડે છે. તેમનામાંથી ગોત્રો જાણવા મળ્યા છે તે આગળ દર્શાવ્યા છે. ગોંડની પોતાની લગ્ન વ્યવસ્થામાં ગોત્ર બહિલગ્ન વ્યવસ્થા જોવા મળે છે. એટલે પોતાના લોહીના સગાં અને ગોત્રકૂળમાં લગ્ન કરતા નથીપોતાના ગોત્રના ભાઈઓને ''ભાઈ-બેટા'' તરીકે ઓળખે છે અને સમગ્ર વંશને ''કુટુંબી'' તરીકે ઓળખે છે. એ જ રીતે ગોત્રના ભાઈ-બહેન કે સંતાનો તરીકે ઓળખાય છે. તેથી એકજ ગોત્રમાં લગ્ન કરતા નથી. ગોત્ર બર્હિલગ્ન વ્યવસ્થા ધરાવતા હોઈ માતૃ અને પિતૃપક્ષે ત્રણ પેઢીના સગા વચ્ચે લગ્નનો કડક નિષેધ છે. તેઓ કન્યાને પોતાનાથી નીચે કે આર્થિક દરજ્જામાં નબળાં કુટુંબોમાં આપતા નથી. જેઓ શિક્ષિત કે નોકરીવાળા છે. તેઓ શિક્ષિત, નોકરીયાત હોય તેવા છોકરા-છોકરીઓને લગ્ન સંબંધ માટે પસંદ કરવાનું પણ વિચારે છે.

ગોંડ લોકોના જીવનમાં લગ્ન મહત્વનું સ્થાન ધરાવે છે. તેઓ જરૂર પડે વંશવેલો ચલાવવા,બીજા લગ્ન પણ કરે છે. એક કરતાં વધુ પત્ની પણ કોઈ કિસ્સામાં કરે છે.

ગોંડ-રાજગોંડ જાતિમાં છોકરા કે છોકરી ૧૫ વર્ષથી ૨૦ વર્ષ વચ્ચેના થાય એટલે લગ્ન ગોઠવાય છે. ઘરના મા-બાપ, મામા કે વડીલો છોકરા માટે છોકરીવાળાને ત્યાં માગણું કરે છે. આઠ-દસ માણસો લઈને નક્કી થાય ત્યારે જાય છે. ત્યાં તેમને દાળ, રોટલા કે સ્થિતિ પ્રમાણે જમાડે છે. ત્યાં શુકન જોઈને કન્યાનું દહેજ જે કંઈ હોય તે નક્કી કરે છે. કન્યાવાળા જોડે દાપુ કે એકાદ બે ઘરેણાંનું નક્કી કરે છે. તેઓ વસવાટમાં પણ અંદરોઅંદર લગ્ન સંબંધો ગોઠવે છે, પરંતુ ગોત્ર જુદુ હોય તે ખાસ જુવે છે. જેમકે વલકે ગોત્રવાળા વલકેમાં નહીં પણ મરાપલ ગોત્ર કે સડમાકીમાં ગોઠવે છે. પોતાના વિસ્તારથી બીજા શહેરમાં જયાં વસતા હોય ત્યાં તેમની જાતિનામાંથી પણ લગ્ન સંબંધો ગોઠવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં, એકબીજા ગામોમાં લગ્ન સંબંધો ગોઠવે છે. તેમનામાં લગ્ન એકબીજાની પસંદગી કરતાં મા-બાપ વડીલો વધારે પ્રમાણમાં ગોઠવતા જોવા મળે છે. લગ્ન ગમે ત્યારે તૂટે તેવા સમયે બીજે નાતરુ પણ કરાય છે. તેમનામાં બહુપત્નીત્વ, સાળીવટુ, દિયરવટુ, નાતરુ અને વિધવા-વિધુર પુનઃલગ્ન વગેરે લગ્ન સ્વરૂપો જોવા મળે છે. લગ્ન તેમની પરંપરાગત પ્રણાલિકા અનુસાર થાય છે. બ્રાહ્મણ બોલાવતા નથી.લગ્નવિધિ સમાજના માણસો દ્વારા જ કરાય છે. છૂટાછેડા પંચ દ્વારા થતા જોવા મળે છે. દંડ ૧૫૦ કે ૨૦૦ રૂપિયા વસુલી કરાય છે.

લગ્ન નક્કી કર્યો પછી છોકરાપક્ષવાળાને ત્યાં કન્યા માટે કપડાં અને વસ્તુ અપાય છે. પછી ગણેશ બેસાડવાની ઘરે વિધિ કરાય છે. લગ્નના પાંચ દિવસ વર કન્યાને પીઠી-હળદર લગાડાય છે. દરજ્જા

પ્રમાણે રકમના લાગા, દાપા કન્યાને અપાય છે. તે પછીના દિવસોએ જાન માટે કન્યાના ગામે કે શહેરમાં જવા નીકળે છે. જાન ટ્રેનમાં કે ભાડાના વાહનમાં લઈ જાય છે. તેઓમાં નોતરાં પોતાના સગાસંબંધીઓ, મિત્રો અને ગોત્ર શાખના માણસોને અપાતા જોવા મળે છે. તેઓને યથાશક્તિ ખાવા-પીવાની મિજબાની આપવામાં આવે છે. ગીતો ગવાય છે. નોતરાના દિવસોમાં ઘર-કન્યાને હળવા મળવાનો નિષેધ હોય છે. લગ્ન પત્યા પછી થોડા દિવસો કન્યાની આવનજાવન રહે છે. પછી રાબેતા મુજબ લગ્નજીવન ચાલ્યા કરે છે.

**મૃત્યુ-માન્યતાઓ :**

ગોંડ-રાજગોંડ જાતિ પોતાના જીવનકાળ દરમ્યાન અનેક પ્રસંગોમાં કેટલીક શ્રધ્ધાઓ, માન્યતાઓ, અંધશ્રધ્ધાઓ સાથે કેટલીક વિધિઓ કરીને જીવન વ્યતિત કરે છે. તેઓ કોઈ મરી જાય એટલે માને છે કે તેનો દુનિયા સાથેનો નાતો તૂટી ગયો. મૃત્યુને તેઓ મરણ થયું તેમ કહે છે. મરણ થાય એટલે વ્યક્તિનું માથુ ઉત્તર દિશામાં રાખી સુવાડી દે છે. તેની ઉપર સ્ત્રી હોય તો લાલ અને પુરુષને સફેદ વસ્ત્ર ઓઢાડી દે છે. તેઓ મૃત્યુ પ્રસંગે આજુબાજુના પોતાની જાતિના લોકો ભેગા થાય છે. ત્યારબાદ સગાસંબંધીઓને ખબર કરી દે છે. દૂરના સગાઓની રાહ જુવે છે. પછી જ તેની આગળની વિધિ કરાય છે. બાળકના મૃત્યુએ તેઓ તેને દાટતા જોવા મળે છે. મોટી વ્યક્તિ મરણ થાય બાદ, મડદાને હળદર લગાડી, સ્નાન કરાવીને નવા કપડાં પહેરાવી સ્મશાને લઈજાય છે. ત્યાં છોકરા દ્વારા અગ્નિદાહ અપાયછે. મરણ પછી શોકમં થોડા દિવસો બહુ સારુ ખાવાનું કે ઉત્સવ મનાવતા નથી. શોક ઉતર્યા પછી રાબેતા મુજબ જીવન જીવે છે. તેઓ શહેરમાં વસતા હોય છે. તે મરણ પછી બહુ વિધિઓમાં મોટેભાગે પડતા જોવા,જાણવા મળતા નથી. મરણ પાછળની માન્યતાઓ, અંધશ્રધ્ધાઓ તેમનામાં પણ જાણવા મળે છે. મરણ પામેલા વ્યક્તિ હેરાન ન કરે, તે માટે દંતેશ્વરી માતાએ,તેઓ બાધા માનતા રાખી શાંત કરવા પ્રયત્ન કરે છે.

મૃત્યુ પછીની વિધિઓ, આચારો, મૃત વ્યક્તિઓની સદ્ગતિરૂપ તેઓ માને છે. તેવી પ્રબળ માન્યતા તેઓ જોવા મળે છે. મૃત્યુ પછીની વિધિમાં ખામી રહી જાય તો વ્યક્તિ ભટક્યા કરી હેરાન કરે તેવું વલણ પણ તેઓમાં જોવા મળે છે. મૃત્યુ પછીની ટૂંકી વિધિઓ પણ તેમના સામાજિક, ધાર્મિક આચાર, વિચારો સાથે જોડાઈ હોઈ,તેમની સામાજિક રચનાને ટકાવી રાખવામાં તેને અગત્યનો ભાગ ભજવ્યો છે.

**શિક્ષણ :**

અમદાવાદ, વડોદરા, હિંમતનગર અને પંચમહાલ, સુરત, નવસારી, વલસાડ વિસ્તારના આવરી લીધેલા કુટુંબોમાંથી, શિક્ષણ સંદર્ભે જે વિગતો જાણવા મળી હતી. તેમાં શિક્ષણ મેળવેલાની કુલ ૫૦ની સભ્ય સંખ્યામાંથી ચાલુ શિક્ષણવાળા માત્ર ૬ અને પૂરુ થયેલા શિક્ષણવાળા ૪૪ પુરુષ અને સ્ત્રી સભ્યોનો સમાવેશ થતો હતો. કુલ ૫૦ કુટુંબોના ૨૮૪ સભ્યોમાંથી શિક્ષણ અંગેનું આવું ચિત્ર કેટલું બિહામણું લાગે. કુલ પુરુષ સભ્યોમાંથી ૨૦.૩૭ ટકા પુરુષો અને કુલ સ્ત્રીઓમાંથી માત્ર ૧૪.૧૭ ટકા સ્ત્રીઓજ શિક્ષિત જાણવા મળી હતી. બાકીના ૭૯.૬૩ ટકા પુરુષો અભણ અને ૮૫.૮૩ ટકા સ્ત્રીઓ અભણ જાણવા મળ્યા

હતા. ઉપરાંત આજે પણ ગોંડ-રાજગોંડ જાતિનો આખોય જાતિ સમૂદાય આજે પણ શિક્ષણ મેળવવાપાત્ર બાળકોને શાળાએ મોકલતો નથી. તેઓ બાળકો સાચવવા, બકરા, ગાય-ભેંસ ચરાવવા, રમતો રમવા જેવી પ્રવૃત્તિઓમાં જીવનનો સમય શિક્ષણને બદલે આડ પ્રવૃત્તિઓમાં વેડફી નાખે છે.

તપાસ અભ્યાસના અમદાવાદ, વડોદરા, હિંમતનગર વગેરે જેવા શહેરી વિસ્તારના ગોંડ-રાજગોંડ કુટુંબોમાંથી શિક્ષણ અંગેની જે વિગતો જાણવા મળી હતી, તે ખરેખર જાણીને દુ:ખ થાય તેવી હતી. શહેરી વિસ્તારોમાં વસતા હોવા છતાં શિક્ષણ પ્રત્યેનું દુલક્ષ્ય, બેદરકારી કે તેના પ્રત્યેની આળસ તેમના સમાજન જયાં છે ત્યાં જ રાખી મૂકશે. કારણ કે શિક્ષણથી ઘણા બધા આદિવાસી સમૂદાયોમાં યોજનાઓ પ્રત્યેની જાગૃતિ આવી છે અને તેના લાભો મેળવી શક્યા છે. તેઓ શહેરી વિસ્તારની શિક્ષણની સુવિધાનો લાભ નહીં ઉઠાવે તો ગરીબી રેખા હેઠળથી ક્યારેય ઉંચે ઉઠી શકે નહીં. તેમના શહેરી વિસ્તારના કુટુંબોમાંથી મહદ્અંશે પૂરુ થયેલા શિક્ષણવાળા ચાલુ શિક્ષણવાળા માંડ બે પાંચ સભ્યો જાણવા મળ્યા હતા. જે શૈક્ષણિક સ્થિતિના કોઠા.૪.૯ માં જોવાથી પણ પ્રતિતિ થાય છે. પંચમહાલ, સુરત, નવસારી, વલસાડના ગ્રામ્ય વિસ્તારના તેમના કુટુંબોમાંથી કંઈક અંશે શિક્ષિતોની સંખ્યા જાણવા મળી હતી. જે તેઓ માટે સારી નિશાની કહી શકાય તેને લઈને કેટલાક સભ્યો કોઈ કોઈ જગ્યાએ નોકરી કરતા કે અન્ય વ્યવસાયો કરતા જાણવા મળ્યા હતા. એ પરથી કહી શકાય કે શિક્ષણ મેળવેલાની પરિસ્થિતિ કંઈક અંશે સારી કહી શકાય તેવી હતી.

## કોઠા નં.૪.૮
## શૈક્ષણિક સ્થિતિ

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | શિક્ષણ પુરું | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ થી ૨ | | ૩ થી ૫ | | ૬ થી ૭ | | ૮ થી ૧૦ | | ૧૧ થી ૧૨ | |
| | | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો. | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | - | - | - | - | - | - | - | - | - | - |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | - | - | ૨ | - | ૧ | - | - | - | - | - |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | - | ૪ | ૮ | ૪ | ૩ | - | - | - | - | - |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર; કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૨ | ૪ | ૨ | ૨ | ૨ | ૨ | ૧ | - | ૪ | - |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | ૧ | - | - | ૧ | - | - | - | - | ૧ | - |
| | | | કુલ<br>ટકા | ૫૦<br>૧૦૦ | ૩<br>૧.૯૧ | ૮<br>૬.૩૦ | ૧૨<br>૭.૬૪ | ૭<br>૫.૫૧ | ૬<br>૩.૮૨ | ૨<br>૧.૫૭ | ૧<br>૦.૬૪ | -<br>- | ૫<br>૩.૧૮ | -<br>- |

કોઠા નં.૪.૮ (ચાલુ)
શૈક્ષણિક સ્થિતિ

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | મકાન | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ થી ૫ | | ૬ થી ૮ | | ૯ થી ૧૦ | | ૧૧ થી ૧૨ | | અભણ | | કુલ | |
| | | | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | - | - | - | - | - | - | - | - | ૩૭ | ૨૫ | ૩૭ | ૨૫ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | ૫ | ૧ | - | - | - | - | - | - | ૩૩ | ૩૩ | ૪૧ | ૩૪ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | - | - | - | - | - | - | - | - | ૧૫ | ૧૮ | ૨૬ | ૨૭ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | - | - | - | - | - | - | - | - | ૧૪ | ૧૩ | ૨૫ | ૨૧ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | - | - | - | - | - | - | - | - | ૨૫ | ૧૯ | ૨૮ | ૨૦ |
| | | | **કુલ** | **૫૦** | **૫** | **૧** | - | - | - | - | - | - | **૧૨૫** | **૧૦૯** | **૧૫૭** | **૧૨૭** |
| | | | **ટકા** | | ૩.૧૮ | ૦.૭૯ | - | - | - | - | - | - | ૭૯.૬૩ | ૮૫.૮૩ | ૧૦૦ | ૧૦૦ |

**ધાર્મિક જીવન અને ઉત્સવ પ્રસંગે :**

ગુજરાતની અનુસૂચિત જનજાતિઓના સમૂદાયોમાં, તેની સમાજ જીવનની સંરચનાને સ્થિર, ગતિશીલ અને નિયંત્રિત રાખવામાં અનેકવિધ મહત્વના કહી શકાય તેવા પાસાઓમાં તેઓની અર્થવ્યવસ્થા, લગ્નવ્યવસ્થા, વંશ-ગોત્ર વ્યવસ્થા છે. તે જ રીતે તેઓમાં પ્રવર્તમાન ધર્મ વ્યવસ્થા પણ તેમના જીવનને સ્થિર, ગતિશીલ અને નિયંત્રિત કરવામાં મહતવનો ભાગ ભજવે છે. તેમના જીવનમાં જન્મથી મૃત્યુ સુધીના પ્રસંગોમાં ધર્મનો પ્રભાવ જોવા મળે છે. ગોંડ-રાજગોંડ જાતિ સમૂદાય જે શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તાર બન્નેમાં વસેલો છે. તેઓ વર્ષો પર્યતથી સ્થળાંતર થઈને ગુજરાતમાં જયાં જયાં વસ્યા છે ત્યાં ત્યાં તેમને જુના ધાર્મિક ખ્યાલો અને દેવ-દેવીઓ ઉપરાંત નવીન પરિવર્તન સ્વરૂપે, નવા હિન્દુઓના દેવ-દેવીઓને તેમજ ઉત્સવ-તહેવારોને માનતા પણ થયેલા જાણવા મળે છે. જૂના તેમના દેવદેવીઓમાં મુખ્યત્વે ફૂલેદેવ, નારાયણદેવ, શ્રી શંભુ મહાદેવ, સૂરજદેવ, માતાદેવી, બરાદેવી,ઘનશ્યામ દેવ અને દેવઓમાં દંતેશ્વરી દેવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં,ગામનો પૂજારી, તેમની ધાર્મિક વિધિઓ કરે છે. તે જયોતિષ તેમજ ગામના લોકોની સમસ્યાઓનું કારણ શોધે છે. ગોંડ લોકો 'કાચબા' ને ધર્મના પ્રતિક તરીકે પણ માને છે.

ગોંડ-રાજગોંડ લોકો મુખ્ય તહેવારોમાં હોળી, દિવાળી અને બીજા હિન્દુ તહેવારો મનાવે છે. જૂના ગોંડા લોકોમાં ''પોલા'' પશુઓ તહેવાર અને નાગપંચમી સાપનો તહેવાર એ બે બહુ પ્રખ્યાત છે. પણ અહીં ગુજરાતના શહેરી વિસ્તારોમાં એ તહેવારો ખાસ કરીને બહુ ઉજવાતા જાણવા મળતા નથી. તેઓ માતાની પૂજાવિધિ ચૈત્ર પૂનમે કરીને,ઉજવણી કરે છે.

તેઓમાં નૃત્ય મંડળીઓ હતી, પણ શહેરમાં તે લુપ્ત થયેલી છે. તેઓ તહેવારો ઉપર ગાઈને નૃત્ય ગ્રામ્ય વિસ્તારોમાં કરતા જાણવા મળે છે. શહેરોમાં તેની અસરો રહેવા પામી નથી. બાકી ગોંડોાં નૃત્યએ ધાર્મિક ફરજ ગણાતી હતી. જે આજે તેઓમાં પરિવર્તનને કારણે ખાસ જોવા કે જાણવા મળતું નથી.

**વ્યવસાયિક સ્થિતિ :**

અમદાવાદ, વડોદરા અને હિંમતનગરના ગોંડ-રાજગોંડ કુટુંબોને, જે તપાસમાં આવરેલા તે સમગ્ર (૬૦.૦૦ ટકા) કુટુંબોને દેશી જડીબુટ્ટીઓ-દવાઓ વેચવાનો એક માત્ર વ્યવસાય હોય તેવું જાણવા મળ્યું હતું. સમગ્ર ૫૦ કુટુંબોમાંથી પંચમહાલ, સુરત, નવસારી, વલસાડના ગ્રામ્ય વિસ્તારના આવરેલા ૨૦ કુટુંબોમાંથી માત્ર ૩ (૬.૦૦ ટકા) કુટુંબોને ખેતી, ૫ (૧૦.૦૦ ટકા) કુટુંબો ખેતમજૂરી, ૨ (૪.૦૦ ટકા) કુટુંબો પશુપાલન, ૨ (૪.૦૦ ટકા) કુટુંબો છૂટકમજૂરી, ૩ (૬.૦૦ ટકા) કુટુંબો નોકરી, ૩ (૬.૦૦ ટકા) કુટુંબો હિરાઉદ્યોગ, ૧ (૨.૦૦ ટકા) કુટુંબો શાકભાજી વેચવી અને ૧ (૨.૦૦ ટકા) કુટુંબો લારી-ગલ્લા ચલાવવા જેવા નાના નાના વ્યવસાયો કરતા જાણવા મળ્યા હતા.

તપાસના ગોંડ-રાજગોંડ કુટુંબોનું વ્યવસાયિક માળખું જોયું તે મુજબ હોઈ, બીજા કોઈ વ્યવસાયિક કામો, તેઓ જયાં વસવાટ કરે છે, ત્યાં ભાગ્યે જ મળે છે કે તેઓ કરે છે. જેને લઈને તેઓમાંના ઘણા કુટુંબો



ગોંડ વૃધ્ધ સંતોષની મુદ્રામા

હજુ આર્થિક રીતે કંગાળ પરિસ્થિતિમાં જીવનનિર્વાહ કરતા જાણવા મળે છે. તેમનો જૂનો વ્યવસાય (દક્ષિણ ગુજરાતના વસવાટી ગોંડ-રાજગોંડ કેજેવો ધનગર તરીકે ઓળખાય છે. તેઓનો પશુપાલન અને ઉનના ધાબળા બનાવવાનો હતો, તે હવે માત્ર બે જ કુટુંબો પૂરતો સીમિત જોવા, જાણવા મળ્યો હતો. બાકીના કુટુંબોએ ઉપર દર્શાવ્યા પ્રમાણે જુદા જુદા અનેકવિધ વ્યવસાયો કરીને નિભાવ કરવાનું ગોઠવેલું જાણવા મળ્યું હતું. શહેરી વિસ્તારના જડીબુટ્ટીઓની દવા વેચવનાર ગોંડ-રાજગોંડ કુટુંબો પણ તેમના વ્યવસાય સિવાય ભાગ્યે જ કોઈ બીજા વ્યવસાયમાં હોય તેવું જાણવા મળ્યું હતું. જૂના વ્યવસાય સિવાય અને અન્ય રોજગારીના અભાવે તેમની આર્થિક સ્થિતિ વર્ષો વર્ષથી કથળેલી, તેઓના જણાવ્યા અને જાણવા પ્રમાણે જોવા મળે છે. તેઓના બધા જ વ્યવસાયો અત્યંત ઓછી આવક આપતા, માત્ર નિભાવ પૂર્તિ કહી શકાય તેવી આવક આપતા હોઈ, માત્ર તેની ઉપર હવે લાંબો સમય ટકી રહેવું, તેમને માટે અસહ્ય હશે.

## કોઠા નં.૪.૯
## વ્યવસાયિક સ્થિતિ અને કુટુંબનું શ્રમ માળખું

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | ખેતી | ખેત-મજૂરી | પશુ-પાલન | છૂટક-મજૂરી | નોકરી | હિરા-ઉદ્યોગ | શાક-ભાજી | જડીબુટ્ટી દવાઓ | લારી ગલ્લા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | - | - | - | - | - | - | - | ૧૦ | - | ૧૦ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | - | - | - | - | - | - | - | ૧૦ | - | ૧૦ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૩ | ૫ | ૨ | - | - | - | - | - | - | ૧૦ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | - | - | - | ૨ | ૩ | ૩ | ૧ | - | ૧ | ૧૦ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે . | ૧૦ | - | - | - | - | - | - | - | ૧૦ | - | ૧૦ |
| | | | કુલ<br>ટકા | ૫૦ | ૩<br>૬.૦૦ | ૫<br>૧૦.૦૦ | ૨<br>૪.૦૦ | ૨<br>૪.૦૦ | ૩<br>૬.૦૦ | ૩<br>૬.૦૦ | ૧<br>૨.૦૦ | ૩૦<br>૬૦.૦૦ | ૧<br>૨.૯૦ | ૫૦<br>૧૦૦ |

તપાસ અભ્યાસમાં જોયુ તેમ, ગોંડ-રાજગોંડ જાતિના સમાવાયેલા કુટુંબોમાંથી વ્યવસાયિક શ્રમ માળખામાં જડીબુટ્ટીઓ, દેશી દવાઓ વેચવી, એ વ્યવસાય ધરાવતા મહદ્અંશે શહેરી કુટુંબો હતા. એ સિવાય ખેતી, ખેતમજૂરી, નોકરી, છૂટક મજૂરી, પશુપાલન, હિરાઘસવા, શાકભાજીની લારી ચલાવવી, કાપડની છૂટક ફેરી કરવી જેવા વ્યવસાયો કરતા કુટુંબો માલૂમ પડ્યા હતા. જેમાં જડીબુટ્ટીઓનો વેચવાનો વ્યવસાય કરતા કુટુંબોને બીજો કોઈ વ્યવસાય ન હોય તેમની આવક બહુ જ સિમિત જાણવા મળી હતી. બાકીના ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટી એવા ગોંડ-રાજગોંડ કુટુંબો પણ નાના નાના અનેકવ્યવસાયોાં જોડાયેલા હોય તે પણ બહુ ઝાઝી આવક પ્રાપ્તિ કરતા ન હોય તેવી સ્થિતિમાં જાણવા મળ્યા હતા. માત્ર તેમનામાં નોકરી કરતા જે કુટુંબો ક્ષેત્રકાર્ય દરમ્યાન મૂલાકાતમાં હતા, તેમની આવક સ્થાયી અને કંઈક અંશે સારી જાણવા મળી હતી. વ્યવસાયિક શ્રમ માળખું કોઠા નં.૪.૧૦ જોવાથી ખ્યાલ આવશે. શહેર-વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના કુટુંબોમાંથી તેમના વ્યવસાયિક સ્ત્રોતો પ્રમાણેની આવક પ્રાપ્તિ જે થતી હતી. જેના દ્વારા કુટુંબો વર્ષ દરમ્યાનનો પોતાનો જીવનનિર્વાહ ગોઠવતા જાણવા મળ્યા હતા. આવક પ્રાપ્તિ જુદા જુદા આવક સ્ત્રોતો પ્રમાણે જોઈએ તો સૌથી વધુ આવક પ્રાપ્તિનો સ્ત્રોત તેમનો જડીબુટ્ટીના વ્યવસાયની ૩,૩૮,૦૦૦ (૨૮.૫૭ ટકા) જાણવા મળી હતી. જો કે કુટુંબ સંસ્થાની રીતે જોઈએ તો અભ્યાસના ૬૦.૦૦ ટકા કુટુંબોની એ આવક કુટુંબદીઠ સરેરાશ ૧૧,૨૬૬ની ગણાય. જેના દ્વારા ૩૦ કુટુંબોને આખુય વર્ષ નિભાવવુ એ અશક્ય જેવું લાગે, પણ આ તેમની પરિસ્થિતિ જાણવા મળી હતી. એ સિવાય નોકરી કરતા માત્ર ૩ (૬.૦૦ ટકા) કુટુંબોની કુલ ૩ લાખની આવક એટલે કુટુંબદીઠ એક લાખની સરેરાશ આવક જાણવા મળી હતી એટલે આવક પ્રાપ્તિમાં અને થોડી સારી કહી શકાય તેવી રહેણીકરણીમાં એ કુટુંબો સુવ્યવસ્થિત જાણવા મળ્યા હતા. ઉપરાંત ખેતી કરતા પંચમહાલના ગ્રામ્ય વિસ્તારના ૩ કુટુંબોની ૨ લાખની કુલ આવક એટલે કુટુંબદીઠ ૬૦ હજારની આવક પણ ઠીક કહી શકાય તેમ જાણવા મળી હતી. એ સિવાય પશુપાલન, ખેતમજૂરી, છૂટકમજૂરી, હિરાઉદ્યોગ, શાકભાજી-ગલ્લા અને છૂટક વ્યવસાયોની જે આવક પ્રાપ્તિ થતી હતી. એ ઘણી જ ઓછી હોઈ, તેના ઉપર નભતા કુટુંબોને વર્ષ દરમ્યાન ખેંચતાણ કરીને માંડ માંડ નિર્વાહ કરવો પડતો હોય તેમ, ક્ષેત્રકાર્ય દરમ્યાન તપાસના એવા કુટુંબોમાંથી જાણવા મળ્યું હતું.

તપાસ અભ્યાસના કુટુંબોમાંથી કુલ ૧૧.૮૩ લાખ હજારની કુલ આવક પ્રાપ્તિ જાણવા મળી હતી. જે તપાસના ૫૦ કુટુંબોને સંદર્ભે જોઈએ તો કુટુંબદીઠ સરેરાશ ૨૩,૬૬૦ રૂપિયાની આવક થાય. એટલે આટલી ઓછી આવક પ્રાપ્તિથી સમગ્ર વર્ષ નિભાવ ગોઠવવો ઘણું કઠિન થઈ પડે છે. તેવું ક્ષેત્રકાર્ય દરમ્યાન લીધેલી મુલાકાતમાં જાણવા મળ્યું હતું. તેમાંય શહેરી વિસ્તારોમાં ભારે વિટંબણાઓ વચ્ચે આખુય જીવન નિમ્ન સ્તરની જીવન પધ્ધતિથી જીવાતું જોવા, જાણવા મળે છે. દક્ષિણ ગુજરાતના ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળેલા કુટુંબોમાં તેમના પહેલાના અને હાલના વ્યવસાયિક સ્ત્રોતો વચ્ચે બદલાય સાથે કંઈક ફેરફાર નોંધાયો છે. તેને કારણે પણ તેમની આવક પ્રાપ્તિ ઉપર અસર થવા પામેલી જાણવા મળે છે. તેમ

છતાં ગોંડ-રાજગોંડ જાતિ તેમની કામની ધગશને કારણે, અત્યંત કઠણ કામો કરીને પણ આ પરિશ્રમી પ્રજા તેમનો રોટલો તો રળી લે છે. તેમના આંગળીને વેઢે ગણી શકાય તેટલા કુટુંબો અજાણ હોઈ, અજાગ્રત હોઈ અને વળી બીજા વ્યવસાયો તેનાથી તેમનો આર્થિક વિકાસ શક્ય બને તેવા ન હોઈ. તેમનો આર્થિક વિકાસ તેમની જોવા,જાણવા મળતી શૈક્ષણિક સ્થિતિ, તેમના વ્યવસાયો, રહેઠાણ માટેનું ઘણી જગ્યાએ ઘર વિહોણાપણું, તેમની આળસું પ્રકૃતિ વગેરેને કારણેને શક્ય બને તેવા કોઈ ચિહ્નો હોઈ તેવું દેખાતું નથી. તેમનું ધૂધળું આર્થિક માળખું તેમના વિકાસની આડે આવતું સૌથી મોટું પરિબળ હોય તેમ લાગ્યા વિના રહેતું નથી.

## કોઠા નં.૪.૧૦
## વ્યવસાયોની આવક દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | ખેતીની આવક | ખેતમજૂરી આવક | નોકરીની આવક | છૂટક મજૂરી | જડીબુટ્ટીઓ આવક | હિરા-ઉદ્યોગ | છૂટાછવાયા .... આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | - | - | - | - | ૧૦૮૦૦૦ | - | - |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | - | - | - | - | ૧૨૫૦૦૦ | - | - |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૨૦૦૦૦૦ | ૪૦૦૦૦ | - | - | - | - | - |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ **જોગીપાડા** | ૧૦ | - | - | ૩૦૦૦૦૦ | ૫૦૦૦૦ | - | ૧૦૦૦૦૦ | ૫૦૦૦૦ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | - | - | - | - | ૧૦૫૦૦૦ | | |
| | | | કુલ<br>ટકા | ૫૦ | ૨૦૦૦૦૦<br>૧૬.૯૧ | ૪૦૦૦૦<br>૩.૩૮ | ૩૦૦૦૦૦<br>૨૫.૩૬ | ૫૦૦૦૦<br>૪.૨૩ | ૩૩૮૦૦૦<br>૨૮.૫૭ | ૧૦૦૦૦૦<br>૮.૪૫ | ૫૦૦૦૦<br>૪.૨૩ |

### કોઠા નં.૪.૧૦ (ચાલુ)
### વ્યવસાયોની આવક દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | પશુપાલન આવક | શાકભાજી-ગલ્લા આવક | કુલ આવક | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | - | - | ૧૦૮૦૦૦ | ૧૦૮૦૦ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | - | - | ૧૨૫૦૦૦ | ૧૨૫૦૦ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૮૦૦૦૦ | - | ૩૨૦૦૦૦ | ૩૨૦૦૦ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | - | ૨૫૦૦૦ | ૫૨૫૦૦૦ | ૫૨૫૦૦ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | - | - | ૧૯૫૦૦૦ | ૧૦૫૦૦ |
| | | | કુલ<br>ટકા | ૫૦ | ૮૦૦૦૦<br>૬.૭૬ | ૨૫૦૦૦<br>૨.૧૧ | ૧૧૮૩૦૦૦<br>૧૦૦.૦૦ | ૨૩૬૬૦ |

ગોંડ-રાજગોંડ જાતિના તપાસમાં સમાવાયેલા કુટુંબોમાંથી વર્ષ દરમ્યાન તેમના રોજબરોજના અનેકવિધ નાના-મોટા ખર્ચાઓ થતા જાણવા મળ્યા હતા. જેમાં ખાધા ખોરાકીના (અનાજ, તેલ, દૂધ,શાકભાજી, ખાંડ, ગોળ, ઈંડા, મરઘા, માછલી, મસાલા), કપડાંલત્તાના સામાજિક (જન્મ, લગ્ન, મરણ), ધાર્મિક, શૈક્ષણિક તેમજ આરોગ્ય વિષયક-દવા, દારૂના ખર્ચાઓ, વ્યસનો (બીડી, તમાકુ, ગુટકા, દારૂ-તાડી) વગેરેના જાણવા મળ્યા હતા. આ બધા ખર્ચાઓ ગોંડ-રાજગોંડ જાતિના કુટુંબો આગળ ઉપર દર્શાવ્યું તેમ, શહેરોમાં દેશી દવાની જડીબુટ્ટીઓના વ્યવસાયમાંથી, પંચમહાલ, દક્ષિણ ગુજરાતના તેમના કુટુંબો ખેતી, ખેતમજૂરી, હિરાઉદ્યોગ, શાકભાજી લારી, દુકાનમાં નોકરી દ્વારા છૂટકમજૂરી, પશુપાલન જેવા નાના નાના વ્યવસાયો દ્વારા જે આવક પ્રાપ્તિ કરે છે તેમાંથી કરે છે. માંડ થોડા કુટુંબો નોકરી કરીને તેમના કેટલાક ખર્ચાઓ કરતા જાણવા મળ્યા હતા. તેમના આ કુટુંબોની વ્યવસાયોમાંથી પ્રાપ્ત થતી આવકો નિશ્ચિત હોતી નથી. દિનપ્રતિદિન સખંત મજૂરી કરીને,જે કંઈ મળે છે તેમાંથી જરૂરિયાત પ્રમાણે ખર્ચ કરતા જાણવા મળે છે. તેઓના કહેવા પ્રમાણે વિશેષ ખર્ચાઓ તેઓ કરી શકવાને સમર્થ નથી. તેમની આવક સિમિત હોઈ મોટા ખર્ચાઓ કરી શકતા નથી. તેમની આવકનો મોટાભાગનો ખર્ચ ખાધાખોરાકી પાછળ કુટુંબદીઠ સરેરાશ ૧૫,૩૦૦ (૬૭.૪૧ ટકા) જેટલો વાર્ષિક કરતા જાણવા મળ્યા હતા. જે તેમનો સૌથી વધારે થતો ખર્ચ જાણવા મળ્યો હતો. એ સિવાય સામાજિક ખર્ચાઓમાં તેઓ કુટુંબદીઠ ૩૭૪૦ (૧૬.૪૮ ટકા)નો બીજો મોટો ખર્ચ કરતા જણાયા હતા. બાકીના તપાસના કુટુંબોમાંથી બહુ સામાન્ય ખર્ચાઓ તેમને સ્પર્શતા હતા, જેમાં કપડાં લતા પાછળ ૧૪૩૦ રૂપિયાનો કુટુંબદીઠ એટલે કે (૬.૩૦ ટકા), ધાર્મિક વિધિ વિધાનો, ઉજાણીઓ પાછળ માત્ર ૭૨૦ રૂપિયાનો કુટુંબદીઠ (૩.૧૮ ટકાનો મુસાફરી ખર્ચ કુટુંબદીઠ ૫૨૦ રૂપિયાનો (૨.૨૯ ટકા), વ્યસનો પાછળ ૬૪૧ રૂપિયાનો કુટુંબદીઠ (૨.૮૧ ટકા), શિક્ષણ ખર્ચ ૧૪૦ રૂપિયાનો કુટુંબદીઠ (૦.૬૨ ટકા), દવાદારૂ પાછળ ૧૧૪ રૂપિયાનો કુટુંબદીઠ (૦.૫૦ ટકા), ગરમ મસાલા પાછળનો માત્ર ૯૪ રૂપિયાનો કુટુંબદીઠ સરેરાશ (૦.૪૧ ટકા) વગેરે, જેવા ખૂબ જ સામાન્ય કહી શકાય તેવા ખર્ચાઓ કરી શકતા હતા. તેવું તેમના ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું. તપાસના સમગ્ર કુટુંબોમાંથી કુટુંબદીઠ વાર્ષિક ૨૨૭૪૮ રૂપિયાનો ખર્ચ વર્ષ દરમ્યાન જાણવા મળ્યો હતો. તેના ઉપરથી જ ખ્યાલ આવે છે કે સમગ્ર વર્ષ દરમ્યાન તપાસના આ કુટુંબો કેવીક કરકસર કરીને જીવનનિર્વાહ ગોઠવતા હશે. ખૂબ જ ઓછી ચીજવસ્તુઓથી ચલાવી લઈને તેમને જીવવાની ફરજ પડે છે. તેમાંય તપાસના બધા જ કુટુંબોની આવક પ્રાપ્તિ બહુ વધારે મોટી જાણવા મળી નથી. તેવા કેટલાક કુટુંબો ખૂબ જ નિમ્નકક્ષાનું જીવન ધોરણ અપનાવીને જીવન વ્યતિત કરતા જાણવા મળ્યા હતા. નોકરીવાળા અને ખેતી ખેતમજૂરી કરતા કુટુંબો કંઈ અંશે સાધન ધરાવીને કંઈકઅંશે માત્ર નિભાવલક્ષી જીવન જીવે છે. બાકીના કુટુંબોની આવક, ખર્ચની મર્યાદા હોઈ અત્યંત કથળેલી હાલતમાં જીવનનિર્વાહ કરે છે.

રોજબરોજના ખર્ચાઓની માહિતી ઉપર નજર કરીએ તો જે શહેરી વિસ્તારોમાં વસવાટી કુટુંબો ક્ષેત્રકાર્ય દરમ્યાન જવા, જાણવા મળ્યા હતા. તેમની આવક અને ખર્ચની વિગતો જે જણાઈ હતી. તેના

ઉપરથી તેમની ગરીબાઈનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. તેઓ માંડ ૯ ટકાથી ૧૧ ટકા રકમ થતી આવકમાંથી ખર્ચી શકતા જાણવા મળ્યા હતા. તેમના આવકખર્ચનું આંકડાકીય ચિત્ર જોતાં વિસ્તારવાર, તેઓના કુટુંબોની પરિસ્થિતિ જાણવા મળી હતી તે દર્શાવી છે. તે જોતાં સ્પષ્ટ થશે કે તેઓની ખર્ચની માત્રા ખૂબજ નિમ્ન સ્તરની તેઓ ધરાવે છે.

કોઠા નં.૪.૧૧
રોજબરોજના ખર્ચાઓ

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | ખાદ્યાખોરાકી | કપડાં પગરખાં | સામાજિક ખર્ચાઓ | આર્થિક ખર્ચાઓ | શિક્ષણ ખર્ચ | મુસાફરી ખર્ચ | દવા-દારૂ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | ૬૫૦૦૦ | ૧૦૦૦૦ | ૨૫૦૦૦ | ૬૦૦૦ | ૫૦૦ | ૩૦૦૦ | ૧૦૦૦ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | ૭૫૦૦૦ | ૯૫૦૦ | ૨૭૦૦૦ | ૫૦૦૦ | ૫૦૦ | ૩૫૦૦ | ૧૨૦૦ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૨૫૦૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ | ૯૦૦૦ | ૧૫૦૦ | ૭૦૦૦ | ૨૦૦૦ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૩૨૦૦૦૦ | ૨૫૦૦૦ | ૮૦૦૦૦ | ૧૨૦૦૦ | ૪૦૦૦ | ૯૦૦૦ | ૨૫૦૦ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | ૫૫૦૦૦ | ૧૨૦૦૦ | ૨૫૦૦૦ | ૪૦૦૦ | ૫૦૦ | ૩૫૦૦ | ૧૫૦૦ |
| | | | કુલ | ૫૦ | ૭૬૫૦૦૦ | ૭૧૫૦૦ | ૧૮૭૦૦૦ | ૩૬૦૦૦ | ૭૦૦૦ | ૨૬૦૦૦ | ૮૨૦૦ |
| | | | કુટુંબદીઠ | | ૧૫૩૦૦ | ૧૪૩૦ | ૩૭૪૦ | ૭૨૦ | ૧૪૦ | ૫૨૦ | ૧૧૪ |
| | | | ટકા | | ૬૭.૪૧ | ૬.૩૦ | ૧૬.૪૮ | ૩.૧૭ | ૦.૬૨ | ૨.૨૯ | ૦.૫૦ |

## કોઠા નં.૪.૧૧ (ચાલુ)
## રોજબરોજના ખર્ચાઓ

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | દારૂ-તાડી વ્યસનો | ગરમમસાલા | કુલ ખર્ચ | કુટુંબદીઠ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | ૪૦૦૦ | ૧૦૦૦ | ૧૧૫૫૦૦ | ૧૧૫૫૦ | ૧૦.૧૮ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | ૫૦૦૦ | ૧૨૦૦ | ૧૨૭૯૦૦ | ૧૨૭૯૦ | ૧૧.૨૭ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૮૦૦૦ | ૫૦૦ | ૩૨૩૦૦૦ | ૩૨૩૦૦ | ૨૦.૪૬ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૧૦૦૦૦ | ૧૨૦૦ | ૪૬૩૭૦૦ | ૪૬૩૭૦ | ૪૦.૮૬ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | ૫૦૦૦ | ૮૦૦ | ૧૦૭૩૦ | ૧૦૭૬૧ | ૯.૪૩ |
| | | | કુલ<br>કુટુંબદીઠ<br>ટકા | ૫૦ | ૩૨૦૦૦<br>૬૪૧<br>૨.૮૧ | ૪૭૦૦<br>૯૪<br>૦.૪૧ | ૧૧૩૭૪૦૦<br>૧૦૦.૦૦<br>૧૦૦.૦૦ | ૨૨૭૪<br><br>૨.૦૦ | <br>૧૦૦.૦૦<br> |

દેવું:

ગોંડ-રાજગોંડ તપાસના કુટુંબોમાંથી તેમની આવક અને રોજબરોજના ખર્ચાઓની વિગતો જાણવા મળીહતી. એ સિવાય તેમના કુટુંબોમાંથી દેવા વિષયક પરિસ્થિતિ જાણવાનો પ્રયાસ કરાયો હતો. જેમાં તપાસના ૫૦ કુટુંબોમાંથી ૨૪ (૪૮.૦૦ ટકા) કુટુંબોએ પોતાને નાનુ પણ દેવું કરવાની ફરજ પડે છે તેમ જણાવ્યું હતું. તેમનું દેવું સ્થાનિક આજુબાજુના નાના ગલ્લા કે દુકાન જણાવ્યું હતું. જેઓ શહેરી વિસ્તારમાં વસેલા છે: તેમને સ્થાનિક કક્ષાએ તેમના ઘર વિહોણાપણું અને માત્ર જડીબુટ્ટીઓના વ્યવસાયને લઈને કોઈ દેવું આપવા ધિરાણ કરતું નથી, એટલે ૨૬ (૫૨.૦૦ ટકા) કુટુંબોને તેવા કારણોસર દેવું જણાવ્યું નહોતું.

દેવા વિષયક પરિસ્થિતિમાં કોનું દેવું હતું તેવા પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં તેઓએ સ્થાનિક નાની દુકાનોની, સગાઓનું અને એકાદ ને સરકારી દેવું થયેલું જણાવ્યું હતું. તેમની વ્યવસાયિક પરિસ્થિતિ અને આવક પ્રાપ્તિના સ્ત્રોતો ઓછા હોય તેમને ઘણી આર્થિકભીડમાં પણ ચલાવી લેવાની ફરજ પડે છે. તેમને ધિરાણ મેળવવું છે. પણ આવી સ્થાનિક પરિસ્થિતિને લઈને તેમને કોઈ કંઈ આપતું નથી. એટલે દેવા વિષયક પરિસ્થિતિ બહુ કુટુંબોની જોવા-જાણવા મળી નહોતી. જે છે તે માત્ર નામ પૂરતું જ દેવું હોય, તેવી પરિસ્થિતિ તેઓની છે.

## કોઠા નં.૪.૧૨
## દેવા વિષયક સ્થિતિ

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | દેવું | | દેવું કોનું છે ? | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા | ના | દુકાન | સરકારી | સરાફ | સગાઓ | બેંક | કુલ |
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | ૧૩ | ૩ | ૭ | ૨ | - | - | ૧ | - |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | ૪ | ૬ | ૩ | - | - | ૧ | - | ૪ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૭ | ૩ | ૫ | - | - | ૨ | - | ૭ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ **જોગીપાડા** | ૧૦ | ૮ | ૨ | ૫ | ૧ | - | ૨ | - | ૮ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | ૨ | ૮ | ૨ | - | - | - | - | ૨ |
| | | | કુલ | ૫૦ | ૨ | ૮ | ૨ | - | - | - | - | ૨ |

ગોંડ-રાજગોંડ જાતિના આવરેલા વિસ્તારોના કુટુંબોમાંથી તેમની કેટલીચ સ્થાવર મિલકતો જાણવાની કોશીશ કરી હતી. જેમાં શહેરી વિસ્તારમાં જે કુટુંબો વસવાટી છે જેઓ માત્ર દેશી દવાઓની જડીબુટ્ટીઓ વેચીને પોતાનો નિર્વાહ ગોઠવે છે. તેવા કુટુંબો પાસે પોતાનું કહી શકાય તેવું ઘર નથી. તેઓ તો માત્ર ગેરકાયદેસર રીતે ખુલ્લા પ્લોટોમાં માત્ર પ્લાસ્ટીકના તંબુઓમાં વસે છે. એટલે તેઓ પાસે ઘરની જેમ મિલકત હતી તે તેમની પોતાની છે જ નહિ. માત્ર ઘરવખરી અને બીજા સામાનના હિસાબે ઘરની કિંમત આંકીને જાણવા જે મળી છે તે મિલકત ખૂબજ ઓછી જોવા મળી હતી. માત્ર પંચમહાલ અને સુરત, વલસાડ, નવસારીના ગ્રામ્ય વિસ્તારો કુટુંબોમાંથી જે ઘર મિલકત જણાઈ હતી, તેની સ્થાવર મિલકત કંઈક થોડી જાણવા મળી હતી. ખેતી પણ તે ગ્રામ્ય વિસ્તારના થોડા કુટુંબો કરતા હતા. તેમની જમીનની સ્થાવર જાણવા મળી હતી. બીજા શહેરી કુટુંબોને ખેતી કે ખેતીના સાધનોની સ્થાવર હતી જ નહિ. પશુઓની જે સ્થાવર મિલકત જાણવા મળી હતી તે ગ્રામ્ય વિસ્તારના માત્ર ૨૦ કુટુંબોની જ હતી. બીજા નાના ઓજારો પણ તે જ ગ્રામ્ય કુટુંબો ધરાવતા જણાયા હતા.

તપાસ અભ્યાસના કુટુંબોમાંથી કુલ સ્થાવર મિલકત માત્ર ૪.૬૩ હજારની જાણવા મળી હતી. તેના ઉપરથી જ ખ્યાલ આવે છે કે ગોંડ-રાજગોંડ જાતિની રહેઠાણની તેમજ ભૌતિક સાધન સામગ્રીમાં કેટલી ખરાબ પરિસ્થિતિ છે તેમની જાણવા મળેલી સ્થાવર મિલકતોમાં ખેતી, મકાન, પશુઓ અને ઓજારોની જે કંઈ થોડી હતી તે કોઠા નં.૪.૧૪ માં જોવાથી વિગતે ખ્યાલ આવશે.

## કોઠા નં.૪.૧૩
## સ્થાવર મિલકત દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ-વિસ્તાર | કુટુંબ સંખ્યા | ખેતી | મકાન | | ઓજારો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | સીટી તાલુકો | ઘોડાસર (રામગઢ મહોલ્લો) | ૧૦ | - | ૩૦૦૦૦ | - | - | ૩૦૦૦૦ |
| ૨. | વડોદરા | વડોદરાસીટી | પાણીગેટ (એકતાનગર) | ૧૦ | - | ૩૦૦૦૦ | - | - | ૩૦૦૦૦ |
| ૩. | પંચમહાલ | શહેરા | શેખપુર | ૧૦ | ૨૫૦૦૦ | ૬૦૦૦૦ | ૩૦૦૦૦ | ૫૦૦૦ | ૧૪૦૦૦૦ |
| ૪. | સુરત, નવસારી, | બારડોલી વાલોડ, નવસારી ધરમપુર, કપરાડા | કડોદ વારોલી જંગલ અનાવલ જોગીપાડા | ૧૦ | ૧૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦ | ૩૦૦૦ | ૨૩૮૦૦૦ |
| ૫. | સાબરકાંઠા | હિંમતનગર સીટી | કાટવા રોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ | - | ૨૫૦૦૦ | - | - | ૨૫૦૦૦ |
| | | | કુલ<br>કુટુંબદીઠ | ૫૦ | ૩૨૦૦૦<br>૪૦૦૦૦ | ૪૭૦૦<br>૩૬૫૦૦૦ | ૧૧૩૭૪૦૦<br>૫૦૦૦૦ | ૨૨૭૪<br>૮૦૦૦ | ૪.૬૩<br>૪.૬૩ |

## પ્રકરણ-૫

## તારણો, સમસ્યાઓ અને વિકાસલક્ષી સુઝાવો

**તારણો :**

ગોંડ-રાજગોંડ જાતિના,અભ્યાસના ક્ષેત્રકાર્ય દરમ્યાન અમદાવાદ, વડોદરા, હિંમતનગરના શહેરી વિસ્તારોમાંથી અને પંચમહાલ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાંથી કેટલાક અનુભવી વૃધ્ધો, વડીલો, શિક્ષિતો પાસેથી મેળવેલી માહિતીના આધારે અને સાથે સાથે કેટલાક સરકારી કર્મચારીઓ શિક્ષિકોની લીધેલી મુલાકાતો દ્વારા પ્રાંપ્ય માહિતીના આધારે, તદ્ઉપરાંત ગોંડ-રાજગોંડ જાતિની કેટલીક વિગતો,આમ માણસો,ગોંડ-રાજગોંડ જાતિના કે બીજી જાતિના વ્યક્તિઓના અનુભવોને આધારે અને ક્ષેત્રકાર્યમાં પૂછેલા પ્રશ્નોના પ્રત્યક્ષ-પરોક્ષ નિરીક્ષણને આધારે મળેલી માહિતીના સંદર્ભે તેમજ જૂના સંદર્ભ સાહિત્યને આધારે તેમની સામાન્ય સ્થિતિ, તેમની જીવનનિર્વાહની પરિસ્થિતિ, તેમનામાં જોવા મળતી તેમની વિકાસની અતિ મંદ પ્રક્રિયાં ઘર-ઘરવખરી અંગેની પરિસ્થિતિ, વ્યવસાયિક સ્થાનિક તેમજ,સ્થળાંતરિક પરિસ્થિતિમાં તેમની જાણવા મળતી વિટંબણાઓની પરિસ્થિતિનું જોવા મળતું અત્યંત બિહામણું વરવું કહી શકાય તેવું ચિત્ર, તેમની ખોરાક, પાણી, શિક્ષણ, સ્વાસ્થ્ય સંબંધિત આખીયે વેરવિખેર કહી શકાય તેવી કટોકટી ભરી વિકટ સ્થિતિઓનું તેમની પરંપરાગત સાંસ્કૃતિક જીવનની ઢબમાં જોવા મળેલું અનોખું પરિવર્તનનું સ્વરૂપ વગેરે જેવા તેમના જીવનને સ્પર્શતા લગભગ તમામ પાસાંઓના તારણો, તેમની ગરીબાઈની પરિસ્થિતિમાંથી,જે ઉભા થયેલા જોવા, જાણવા મળ્યા હતા. તે અહીં મારા સંશોધન ક્ષેત્રની મર્યાદાઓ સાથે મૂકવા પ્રયત્ન કર્યો છે. સંભવ છે કે સમય મર્યાદાને ધ્યાને રાખવાની હોઈ અને ગુજરાતના આટલા મોટા વિસ્તારોમાં પથરાયેલી આ જાતિને,ભરપુર પ્રયત્નો પછી શોધી શકાય હોય, કોઈ ત્રુટિ રહેવા પામી હોઈ.

(૧) ગોંડ-રાજગોંડ જાતિનો વસતિ સમૂદાય ખૂબ ઓછી સંખ્યા ધરાવે છે. તેમ છતાં તે ગુજરાતના ઘણા બધા વિસ્તારોમાં પથરાયેલોજાણવા મળે છે. ઉપરાંત આ જાતિનો આખોય સમૂદાય વેરવિખેર વિસ્તારોમાં જુદા જુદા નામે એટલે કે જાતિના નામ અને વિભિન્ન ગોત્ર, વંશના વાડાઓમાં વહેંચાયેલો જોવા મળે છે. જેમ કે શહેરી વિસ્તારમાં વસે છે તે પોતાને ગોંડ-રાજગોંડથી તો ઓળખાવે છે. પણ પેટા અટકો ગોત્રોમાં, સડમાકી, વલકા, મરાપલ, જામકટ, કડાસમ, પેડમ, ઉલ્કે અટકો જાણવા મળી હતી. દક્ષિણ ગુજરાતમાં ધનગર જાતિ અટક અને ગોત્રોમાં હટકર, હોલકર, ખીલારા, ગાવલી, હાસકસ, આહીર વગેરે હતી. તે રીતે દક્ષિણના કપરાડા-ધરમપુરના ધનગરો વારલી જાતિની ગોત્ર અટકો ધરાવતા હતા.

આમ આખીય જાતિ શહેરી વિસ્તારમાં અને દક્ષિણ ગુજરાતના તેમજ પંચમહાલના ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટી જોવા મળે છે.

(૨) ગોંડ-રાજગોંડો શહેરમાં ખુલ્લા પ્લોટોમાં પછાત જાતિઓ મુસ્લીમ, હરિજન, દેવીપૂજક જેવા જાતિ સમૂદાયો સાથે વસવાટી છે. જ્યારે દક્ષિણ ગુજરાતના તેમજ પંચમહાલના ગ્રામ્ય વિસ્તારોમાં તે બીજા સમૂદાયો- દેસાઈ, કોળી પટેલ, મુસ્લીમ, ઢોડિયા પટેલ,વારલી, ચોધરી, ગામિત વગેરે ભીલ, ઠાકોર જાતિઓ સાથે વસવાટી છે.

(૩) ગોંડ-રાજગોંડ શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. તે બન્ને જગ્યાએ તેઓ પોતાનો મૂળ વ્યવસાય કરતા માલૂમ પડતા નથી. શહેરોમાં આજે દેશી ઔષધીઓ વેચીને જીવનનિર્વાહ ગોઠવે છે. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે.તે જૂના ઉનના ધાબળા વણવાનો વ્યવસાય ખોઈ બેઠા છે. તેવો ખેતી, ખેતમજૂરી, હિરાઉદ્યોગ, બાંધકામ, લારી ચલાવવી, તૈયાર કપડાં વેચવા, શાકભાજી વેચવી, પાપડ વણવા જેવા વ્યવસાયો કરે છે.

(૪) ગોંડ-રાજગોંડ જાતિ દક્ષિણ ગુજરાતના કપરાડા, ધરમપુરના વિસ્તારોને બાદ કરતાં તેઓ રસાળ અને સમૃધ્ધ એવા વાંસદા, ગણદેવી, બારડોલીના વિસ્તારોમાં અને અમદાવાદ, વડોદરા, હિંમતનગર, રાજકોટ, ગાંધીધામ જેવા શહેરી વિસ્તારોમાં વસવાટી છે. શહેરોમાં હજુ ઘરથાળની જગ્યાના અભાવે શહેરી ખાલી ખુલ્લા પ્લોટોમાં પ્લાસ્ટીકના કોથળાના, તાડપત્રીમાં બનાવેલા ઝૂંપડાઓ વસે છે. સપાટ વિસ્તારોમાં જે ગ્રામ્ય વિસ્તારો વસે છે તે સાંકડા ઈંટ, માટી- સીમેન્ટના ચણતરવાળા પતરા છાજેલા નાના ઘરોમાં વસે છે. વસવાટની સુવિધાઓના અભાવ સાથે તેઓ વસે છે.

(૫) ગોંડ-રાજગોંડ જેઓ ધનગર નામે ઓળખાય છે. તેઓ જંગલ વિસ્તારમાં વારલી, કુંકણા, કોલઘા, ઢોડિયા આદિવાસી જાતિઓ સાથે તેમનાથી કોલઘા સિવાય નીચા સામાજિક દરજ્જાથી સાથે વસે છે. વાંસદા, ગણદેવી, બારડોલી, નવસારીના વિસ્તારોના ગામોમાં અનાવિલ, કોળીપટેલ, પારસીઓ, મુસ્લીમોનો તેમજ હરિજન જાતિઓ સાથે વસે છે. તેઓ ચોધરી, ઢોડિયા, ગામિત, વસાવા જાતિઓના સાથે પણ વસે છે.

શહેરી વિસ્તારોમાં જેવા વસે છે તેઓજગ્યાના અભાવ સાથે ઘર, મકાન બનાવી શકતા નથી. માત્ર તંબુ બનાવીને રહેછે. તેઓ સમૃધ્ધ સમૂદાયો, શિક્ષિત વર્ગો સાથે વસવાટી હોવા છતાં ધંધા રોજગારી ધરાવતા સંસાધનોવાળા વિસ્તાર વચ્ચે વળેલા હોવા છતાં કલ્પી ન શકાય એટલે નિમ્નસ્તરે (શહેરોમાં માત્ર દવાની જડીબુટ્ટીઓ)ની વ્યવસાયીક વિશિષ્ટતા સાથે જીવન વ્યતિત કરી જીવનનિર્વાહ કરતા જોવા મળે છે.

(૬) ગોંડ-રાજગોંડ જાતિના,દક્ષિણ ગુજરાતના વસવાટી કુટુંબો થોડી જમીન ધરાવે છે. બાકીના ખેતમજૂરી, પશુપાલન, છૂટક મજૂરી કરીને જીવન નિર્વાહ ગોઠવે છે. પંચમહાલમાં પણ એ સ્થિતિના ગોંડ કુટુંબો જોવા મળે છે. શહેરી વિસ્તારમાં જમીન શું ઘર માટે જમીન નથી તેથી આ જાતિના મોટાભાગના

કુટુંબો ગરીબાઈની અવસ્થામાં જે મળે તેનાથી ચલાવી જીવન નભાવે છે.

(૭) માત્ર દક્ષિણના વાંસદા, બારડોલી કે નવસારીના ગ્રામ્ય વિસ્તારના કુટુંબોમાં શિક્ષણની સુવિધાઓને લઈને તેઓ શિક્ષણ પામેલા જોઈ શકાય છે. બાકીના કપરાડા-ધરમપુર અને શહેરી વિસ્તારના બતાવાયેલા કુટુંબોમાં શિક્ષિણની સ્થિતિ ખૂબ જ દયનીય જોવા મળે છે. ભાગ્યે બે પાંચ સભ્યો થોડુ શિક્ષણ મેળવી શક્યા હોઈ તેવું આમુય ચિત્ર જોવા મળે છે. તેમને તેમની આર્થિક સ્થિતિએ જ અશિક્ષિત નથી રાખ્યા તેમની પોતાની બેદરકારી, અજાગ્રતા અને તેમનામાં દારૂ, બીડી, તમાકુ, ગુટકા જેવા વ્યસનો પણ તેમને અશિક્ષિત રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે.

(૮) ગોંડ-રાજગોંડ જાતિના જે કુટુંબો શહેરી ખુલ્લા પ્લોટોમાં માત્ર દેશી દવાઓ, જડીબુટ્ટીઓ વેચીને જીવે છે. તેમનો ખોરાક પોષક તત્વો,તેમજ ગુણવત્તાની રીતે ઘણો જ ઉતરતી કક્ષાનો કહી શકાય તેવો છે. હાલની તેમની આર્થિક કંગાળિયતતાને જોતાં તેમના ખોરાકમાં સુધારો જોવા મળતોનથી. જો કે અભ્યાસના કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ ખોરાક પાછળ સૌથી વધુ ખર્ચ જરૂર કરે છે. પણ તેમાં પોષક તત્વોના અભાવવાળો ખોરાક કહી શકાય તેવો જોવા, જાણવા મળે છે. આમ સમાજની સરખામણીમાં ખોરાક પાછળ તેઓ સવિશેષ ખર્ચ કરી શકતા નથી.

(૯) ખાવા, પીવામાં જે પાણીનો વપરાશ કરે છે. તેમાં પણ તેમની વસવાટની જગ્યા એવી છે જયાં સીધે સીધુ કયાંય પાણી મળે તેમ નથી. શહેરના ખુલ્લા પ્લોટ નજીક જે હેન્ડપંપ કે નળ જાહેરમાં હોય ત્યાંથી તેઓ પાણી ભરી ઉપયોગમાં લે છે. ગ્રામ્ય વિસ્તારમાં જે કુટુંબો વસે છે. ત્યાં તળાવ, કૂવા, નદી, વહેળા, નહેરના પાણીનો ઉપયોગ જરૂર કરે છે. પાણીની અછતવાળી જગ્યાએ વસવાટી હોય પાણી માટેની મુશ્કેલી હોય ગમે તેવું પાણી કયારેક વાપરતા જોવા કે જાણવા મળે છે.

(૧૦) ઘર અને ઘરવખરીની ચીજવસ્તુઓ તદન સામાન્ય ન ગમે તેવી સ્થિતિમાં જોવા મળે છે. તેમની આર્થિક પરિસ્થિતિને લઈને તેમના ઘરની અને ઘરવખરીની ચીજવસ્તુઓ બહુ સારી હાલતમાં જોવા મળતી નથી.

(૧૧) ગોંડ-રાજગોંડ જાતિના ત્રણ ભાગો એટલે દક્ષિણના જંગલ વિસ્તારના કુટુંબો, બારડોલી, નવસારી, વાંસદાના ગ્રામ્ય વિસ્તારતના કુટુંબો અને ત્રીજા શહેરી વિસ્તારના ખુલ્લા પ્લોટમાં વસેલા કુટુંબો એ દરેકના વ્યવસાયો જુદા જુદા જોવા મળે છે. જેમ કે દક્ષિણના જંગલના વસવાટી કુટુંબો ખેતી ખેતમજૂરી અને પશુપાલન કરીને જીવે છે. જંગલથી દૂર સપાટ-નવસારી, બારડોલી, વાંસદાના ગ્રામ્ય કુટુંબો હિરાઉદ્યોગ, નોકરી, લારીગલ્લા ચલાવવા, ઈસ્ત્રી કરવી૪ ખેતીમાં ખેતમજૂરી કરવી જેવા વ્યવસાયો કરે છે. જયારે શહેરી ગોંડ કુટુંબો માત્ર જડીબુટ્ટીઓ આધારે જીવનનિર્વાહ ગોઠવે છે. એટલે એ ત્રણે જગ્યાના ગોંડ કુટુંબો માત્ર નિભાવલક્ષી વ્યવસાયોને આધારે, ભારે મુશ્કેલી સાથે જીવનનિર્વાહ કરે છે.

(૧૨) રાજય સરકાર દ્વારા ચાલતી આદિવાસી વિકાસ યોજનાઓના લાભો પ્રાયોજના કચેરીઓ દ્વારા અપાતા હોવા છતાં, શહેરી વિસ્તારના તેમના કુટુંબોને તેનો લાભ કયાંય મળ્યો હોઈ તેમ જાણવા મળ્યું નથી. જે ગ્રામ્ય વિસ્તારોમાં છે ત્યાં પણ લોકો દ્વારા મહદ્અંશે કોઈ લાભ થયો હોય તેવી તેમને જાણકારી નથી.

(૧૩) ગોંડ-રાજગોંડ કુટુંબો જે વિસ્તારોમાં વસે છે. ત્યાં આરોગ્ય વિષયક સુવિધાઓ તેમને ભાગ્યે મળતી જોવા મળે છે. તેમનું આરોગ્ય, તેમનો ખોરાક, રહેણીકરણી તેમજ તેમની શારીરિક સ્થિતિ જોતાં સારી કહી શકાય તેવી સ્થિતિમાં જોવા કે જાણવા મળતા નથી. તેઓ તેમની આરોગ્ય વિષયક પરિસ્થિતિ સારી બતાવતા નથી. તેમની વસવાટી ઢાલને લઈને તે અંગે તેઓ ખુલ્લા પ્લોટોમાં, ગંદગીવાળી જગ્યાઓએ પોતે વસતા હોઈ સતત ચિંતિત રહે છે.

(૧૪) ગોંડ જાતિની સાંસ્કૃતિક પરંપરાઓ ઉપર આંતર તેમજ બાહ્ય પરિબળો દ્વારા સતત પરિવર્તન થયેલુ જોવા, જાણવા મળે છે. તેઓ નાચગાન, વાજિંત્ર, નૃત્યો રાખતા કે કરતા માલૂમ પડતા નથી. તેમને શહેરીકરણની અસરે,તેમની સાંસ્કૃતિક ભાવનાઓને, વારસાઓને ભારે હાની પહોંચાડી છે. તેઓ શહેરી અસરો સાથે નવીનતમ જીવન જીવે છે. તેઓ માતાની પૂજાવિધિ કરે છે. પણ જૂના સમયની જેમ હાલમાં તેમાં માત્ર ઔપચારિકતા હોય તેવું પણ જોવા મળે છે.

**સમસ્યાઓ અને વિકાસલક્ષી સૂચનો :**

ગોંડ-રાજગોંડ જાતિની કોઈ આગવી ઓળખ ગુજરાતમાં નથી. તેઓ વિશે સરકારમાં કે સમાજમાં બહુ જાણકારી જોવા મળતી નથી. તેઓ અજાણ્યા જેવા છે. તેઓ સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક આરોગ્ય વિષયક પરિસ્થિતિ વગેરેમાં,કોઈ પણ રીતે સારી સ્થિતિમાં જોવામળતા નથી. તેઓ આર્થિક-ભૌતિક પરિસ્થિતિમાં બહુ નિમ્નકક્ષાએ જીવન વ્યતિત કરતા જોવા મળે છે. તેઓના રહેઠાણના મકાનો પણ સારી સ્થિતિવાળા મકાનોની તુલનામાં અત્યંત ખરાબ હાલતમાં માત્ર પ્લાસ્ટીકના તંબુઓમાં વસે છે.

અભ્યાસના કુટુંબોને ખ્યાલમાં રાખીને, તેઓના સમગ્ર વિસ્તારોને આધારે આ જાતિની જે સમસ્યાઓ જાણવા મળી હતી,તે તેમના બધા પાસાંઓંને કદાચ લગભગ સ્પર્શે છે. તેમના સમગ્ર પાસાંઓને લઈને ગોંડ-રાજગોંડમાં વ્યક્તિગત, સામૂહિક તેમજ બીજી સીધી ન સ્પર્શતી હોય,તેવી અનેક,એક સમસ્યાઓ જોવા, જાણવા મળી હતી.

ગોંડ-રાજગોંડ જાતિની અને તેમના વસવાટી વિસ્તારોની તેમજ આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, રાજકીય અને આરોગ્યલક્ષી તેમની,જે આખીય પરિસ્થિતિ હતી. જે આગળ ઉપર જોઈ. સરકારશ્રી દ્વારા આદિવાસી વિસ્તારો તેમજ જાતિ સમૂદાયોના જુદા જુદા પાસાઓ સંદર્ભે વિકાસની અનેકવિધ

યોજનાઓ અવિરત પ્રયત્નો ચાલે છે. તેની ગોંડ-રાજગોંડ જાતિને ક્યાં કેવી અસરો થવા પામી છે, વર્તમાન પરિસ્થિતિમાં શું ચાલી રહ્યું છે. તેમજ તેમની તત્કાલીન સમસ્યાઓ, જરૂરિયાતો શું છે. તેમના માટે શું શું કરવું જોઈએ. તેના કેવા ઉપાયો કરી શકાય. શું સુઝાવો હોઈ શકે ? ગોંડ જાતિના સભ્યો દ્વારા અને મને મારા ક્ષેત્રકાર્યના અનુભવોના આધારે જે જોવા, જાણવા મળ્યા, તે આધારે અહીં કેટલીક મર્યાદાઓને ખ્યાલમાં રાખીને બતાવવા પ્રયાસ કર્યો છે.

**(૧) નિમ્નકક્ષાનું જીવન અલિપ્તપણું સમસ્યા :**

ગોંડ-રાજગોંડ જાતિનો સમૂદાય ખાસ કરીને ત્રણ જુદા જુદા વિસ્તારોમાં છૂટોછવાયો પથરાયેલો જોવા મળે છે. શહેરી વિસ્તારોમાં જયાં ખુલ્લા પ્લોટો છે ત્યાં, જયાંથી તેઓ શહેરોમાં જડીબુટ્ટીઓની દવાઓ વેચીને સાવ સામાન્ય ગુજારો થઈ શકે તેટલું જ મેળવે છે. બાકીના ગ્રામ્ય વિસ્તારોના વસતા તેમના પંચમહાલ, વલસાડ જિલ્લાના કુટુંબો જેવો ખેતી પશુપાલન કે જંગલની ચીજવસ્તુઓ જે મળે તેમાંથી ગુજારો કરે છે. સુરત, નવસારી ગ્રામ્ય વિસ્તારના કુટુંબો હિરા ઘસવા, લારીમાં શાકભાજી વેચવા, દરજીકામ કરવું, દુકાનમાં કામ કરવું, ખેતમજૂરી કરવી વગેરે જેવા વ્યવસાયો કરી જે મળે તેનાથી નભાવે છે. આમ સમગ્ર કુટુંબોને તેના વ્યવસાયિક ક્ષેત્રને લીધે, મૂળભૂત રીતે જયારથી વસ્યા ત્યારથી વ્યવસાયિક રીતે અને શૈક્ષણિક રીતે પાછળ રહી જવા પામ્યા હોઈ આર્થિક રીતે કંગાળ પરિસ્થિતિમાં પરંપરાગત રીતે નભતા હોઈ કોઈ વિકાસની સીડી ચઢી શક્યા નથી. તેમની ઓળખ કે જાણકારી પણ સમાજને ભાગ્યે છે. બાકીની દુનિયાથી અલિપ્ત હોઈ, જયાં વસે છે ત્યાં ત્યાં અત્યંત પછાતપણા હેઠળ સામાન્ય પ્રકારનું જીવન જીવે છે. તેમના આ પછાતપણા માટે ગરીબાઈ માટે તેમના વ્યવસાય અને તેમની પાસેના સાધનોનો અભાવ, તેમજ અશિક્ષિતપણુ પણ તેટલું જ જવાબદાર હોય તેમ લાગે છે.

**ઉપાય :** આ જાતિ જયાં જયાં વસે છે તે વિસ્તારોનો અભ્યાસ કરી,તેમને રહેઠાણના સંદર્ભે તેમના વ્યવસાયિક પાસાંઓને ખ્યાલમાં રાખીને મદદ કરવી જોઈએ. શક્ય હોય ત્યાં વ્યવસાયો બદલાવીને તેમાં પણ ધ્યાન આપીને,તેમને સ્થિર કરવા જોઈએ. જયાં વ્યવસાયો પણ ભાંગ્યા છે. તેમાં પણ તેમને મદદ માટે તેવો જે કહે છે તેમાં સારી પરિસ્થિતિનો તાગ કાઢીને યોગ્ય ગોઠવણી કરવી જોઈએ. સરકાર કે સમાજમાં તેમની ઓળખ હજુ નથી, જેને લઈને તેઓ સરકારી લાભોથી વંચિત રહેતા હોય તો તેને સંદર્ભે યોજનાકીય સમજ આપીને, તેમના વ્યવસાયોમાં જે જરૂરી હોય તેમાં મદદ માટેની યોજના મૂકવી જોઈએ. શિક્ષણના અભાવે વ્યવસાયિક તકોનો અભાવ હોઈ તેમને તેમના જડીબુટ્ટીઓ વેચવાના,તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નાના નાના વ્યવસાયો જે છે. તેમાં થોડી થોડી મદદ શક્ય બને તેમ કરાય તો પણ તેમના નિમ્ન કક્ષાના જીવન ધોરણમાં કંઈક તો સુધારો જરૂર જણાશે.

(૨) **મકાન : રહેઠાણની સમસ્યા :**

કોઈપણ જાતિનું જીવનધોરણ સુધારવા માટેની ઘણીબધી પરિસ્થિતિઓમાં રહેવા માટેની જગ્યા અને મકાનો ઘણો મોટોભાગ ભજવી જાય છે. ગોંડ-રાજગોંડ જાતિ જયાં જયાં શહેરી વિસ્તારમાં વસે છે ત્યાં પોતાની માલિકી જમીન કે ઘરો નથી. જયાં ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે ત્યાં તેમના મકાનો તો છે, પણ એટલી સારી હાલતમાં નથી જે સ્થળ ઉપર જઈએ તો જ ખ્યાલ આવે. મતલબ કે મકાનો કંગાળ હાલતમાં નાના સંકળાશવાળા જોવા મળે છે. આ વાત ગોંડ જાતિ અજાણી હોઈ અને જાતિની આર્થિક સ્થિતિ, તેમની વ્યવસાયિક સ્થિતિ સારી ન હોઈ તેમની વસવાટી જગ્યા કે ઘર બનાવવા જરૂરી સાધનો તે જાતે મેળવી શકે તેમ નથી. તેમની રહેઠાણની જગ્યાની અને ઘરની સમસ્યા ઘણી વિકટ જોવા મળે છે.

**ઉપાય :** ગોંડ જાતિને રહેઠાણ માટેની જગ્યા બધા જ શહેરી વિસ્તારોમાં છે. તો તેવો જયાં ખુલ્લા પ્લોટોમાં વસે છે. ત્યાં અથવા જયાં શક્ય હોય ત્યાં,જેઓ ઘણા બધા વર્ષોથી વસે છે. તે પૂરાવા મેળવીને તેમને જમીન ફાળવવી જોઈએ. જેમ તેઓ સાવ ગેરકાયદેસર ખુલ્લા પ્લોટોમાં વસે છે અને જયારે પ્લોટો ખાલી કરાવે છે ત્યારે જો કાયમી સમસ્યા શહેર વિકસતાં વારંવાર થાય છે. તે સંદર્ભે શક્ય હોય ત્યાં આદિવાસી વિકાસ યોજનાઓમાં ગૃહનિર્માણ માટેની જે યોજનાઓ છે તે શહેરી આદિવાસી માટે અમલી બનાવીને,તેમને નાના મકાનો સંદર્ભે વિચારી શકાય. જયાં ગ્રામ્ય વિસ્તારોમાં મકાનો નાના અને સંકળાશવાળા અને ખૂબ જ કંગાળ હાલતમાં છે. ત્યાં તેમને સમારકામ સંદર્ભે સહાયો ઉપલબ્ધ કરાવી શકાય,તો તેમના રહેઠાણ પ્રશ્નો હલ થાય તેમ છે.

(૩) **નબળી આર્થિક સ્થિતિની સમસ્યા :**

ગોંડ-રાજગોંડ જાતિના અનેકવિધ પ્રશ્નો,ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા-જાણવા મળેલા છે. તેમાંય તેમના સમગ્ર જીવનને સ્પર્શે એવો યક્ષ પ્રશ્ન છે. તેમની આર્થિક સ્થિતિનો,જેની સાથે તેમના ભાવિ વિકાસનો આધાર છે. તેમની પરંપરાથી ચાલી આવતી કંગાળ આર્થિક સ્થિતિ ન સુધરે તો,તેમના જીવનના કોઈ પ્રશ્નોનો ઉકેલ શક્ય જ નથી. શહેરી વિસ્તારોમાં માત્ર દેશી દવાઓની જડીબુટ્ટીઓ વેચીને,તેઓ તેમના સમાજજીવનના પ્રશ્નો,તેમજ જીવનધોરણ નભાવી શકે નહિ. ગ્રામ્ય વિસ્તારોમાં તેમના જે કુટુંબો નામ માત્ર જમીન ખેડીને કે ખેતમજૂરી તરીકે કામ કરીને જીવન નભાવે છે. તે પણ જીવનનિભાવવા પૂરતું છે. તેઓની દૈનિક,તેમજ માસિક/વાર્ષિક સરેરાશ આવક ખૂબ જ ઓછી છે. તેથી તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ નિમ્નકક્ષાની જોવા મળે છે.

**ઉપાય :** આ જાતિની આર્થિક સ્થિતિ તેમનામાં જોવા મળતા એક બે વ્યવસાયોની આસપાસ જ સંકળાયેલી છે. તેમની આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે,તેમના સ્થાનિક વ્યવસાયમાં જરૂરી મદદ કરવી જ રહી. એ સિવાય તેમને જયાં શક્ય હોય ત્યાં બીજા વ્યવસાયો પણ ઉભા કરી આપવા

જોઈએ. જેમ કે શહેરોમાં માત્ર દેશી દવાઓ જ વેચીને નિર્વાહ ગોઠવે છે. પણ શક્ય હોય ત્યાં શાકની લારી, સાયકલ સ્ટોર, ચાની લારી, પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ વેચવી, ગૃહઉદ્યોગો (અગરબત્તી બનાવવી, સાબુ બનાવવા, મીણબત્તી વગેરે) ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં ખેતી, ખેતમજૂરી, પશુપાલન કરે છે. ત્યાં ઓછી ખેતીવાળાને પશુપાલન તરફ વાળવા જોઈએ, ખેતમજૂરી બધા દિવસની ન મળે, એક થી વધારે વ્યવસાયોમાં ભલે ગૃહઉદ્યોગ કે નાના હોય, છતાં પૂરક વ્યવસાયને કારણે તેમની આર્થિક પરિસ્થિતિમાં જરૂર સહાયક બનશે. તેમનામાં જેઓ થોડા શિક્ષિત છે, તેમને શોધી કાઢીને,કંઈ ને કંઈક ઠેકાણે નોકરીઓ આપવી જોઈએ.

(૪) **ખોરાક, પાણી, પીણાં :**

ગોંડ-રાજગોંડ લોકો પોતાનો ખોરાક,તેમની પોતાની આર્થિક પરિસ્થિતિ જ કંગાળ હોય તેથી ખૂબ ઓછો મેળવી શકે છે. તેઓનો ખોરાક ગુણવત્તા અને પોષક તત્વોની રીતે ખૂબ જ ઉતરતી કક્ષાનો કહી શકાય તેવો છે. માંડ થોડા લોકો તંદુરસ્ત હશે. જો કે તેમના સામાન્ય કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ ખોરાક પાછળ બીજી વસ્તુઓ કરતા ખર્ચ વધુ થતો જોવા મળે છે, પણ પોષક તત્વોના અભાવને કારણે તેમની શારીરિક સ્થિતિ સારી નથી. ઘણા કુટુંબોની સામાન્ય પ્રકારની આવકને લઈને ખોરાકથી માંડીને સામાન્ય ખર્ચાઓ પાછળ તેમને એક જાતનો પ્રતિબંધ આવી જાય છે. સસ્તુ અનાજ દુકાનેથી મળે,તે ખરીદવાને પણ તેમનામાં તો ઘણા કુટુંબો સમર્થ નથી.

તેઓ જ્યાં વસે છે, ત્યાં પાણી માટેનો જાહેર નળ કે હેન્ડપંપ હોય છે. એટલે પાણી સંગ્રહ કરવાની તેમની સ્થિતિ પણ નથી. તેથી આવે ત્યારે જ પાણી વાપરી શકે છે. એટલે ન્હાવા, ધોવાની સુવિધાનો અભાવ જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારમાં નદી, કૂવા, વહેળા છે. ત્યાં પાણી વહીને લાવે છે.

પીણાંમાં તેઓ ચા, દારૂ પીવે છે. જેઓ સારી સમજવાળા છે તેવા કેટલાક ચા પીવે છે. બાકીના દારૂ-તાડી પીતા જોવા મળે છે.

**ઉપાયો :** ખોરાક માટે તેમને કમાણીના સાધનો વધારો તો જ તેમની આર્થિક પરિસ્થિતિ સુધરે અને સારુ અનાજ લાવીને સારો બીજો ખોરાક લાવી ખાઈ શકે. તેમને ગરીબી રેખા હેઠળ મળતા અનાજો અપાય તેવી સસ્તા અનાજની દુકાને સુપેરે વ્યવસ્થા ગોઠવવી જોઈએ. સારા ખોરાક સંદર્ભે તેમને વખતો વખત કોઈને કોઈ કાર્યક્રમ ગોઠવીને ખોરાક માટે જાગ્રતિ આવે તેમ કરવું જોઈએ. તેના પોષક તત્ત્વો, તંદુરસ્તીના જે કેમ્પ ગોઠવવા જોઈએ. જેમ જાગ્રતિ આવે તો ફેર પડે. પાણી સંદર્ભે તેમને જ્યાં વસે ત્યાં પાઈપલાઈન દ્વારા નજીકમાં જાહેર વધારે નળો મૂકીને ગોઠવણી કરવી જઈએ. જરૂર પડે નજીકમાં પાણીનો પ્લાસ્ટીક ટાંકી મૂકી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. દારૂ,

ચા, તાડી વિશે તેમને બીજા કુટુંબોએ તેવા વ્યસનો જે ત્યજયા છે. તેમના દ્વારા તેમને માર્ગદર્શન પૂરુ પડાય તો વ્યસનોની કુટેવોમાંથી તેઓ બહાર આવશે.

(૫) **શૈક્ષણિક સ્થિતિ :**

અમદાવાદ, વડોદરા, હિંમતનગર, રાજકોટ, કેશોદ, ગાંધીધામ જેવા શહેરી વિસ્તારોમાં ગોંડ જાતિના કુટુંબો માત્ર ખુલ્લા પ્લોટોમાં ઘર વિહોણા વસે છે. ત્યાં માત્ર દેશી દવાઓ વેચીને જીવન ગુજારો કરે છે. તેથી તેમની આર્થિક પરિસ્થિતિ બહુ બહેતર ન હોવાને લઈને અને માતા-પિતાની બિનકાળજી હોવાને લઈને તેમના બાળકો આજે પણ નિશાળે જતા નથી. તેમનામાંથી ભાગ્યે જ કોઈ કોઈ કિસ્સામાં માંડ પ્રાથમિક કક્ષાનું બે ચાર ધોરણનું શિક્ષણ પામેલા જોઈ શકાય છે. શહેરી વિસ્તારમાં વસતા હોવા છતાં,તેમની શૈક્ષણિક સ્થિતિ ખૂબ કથળેલી જોવા મળે છે. જેવો ધરમપુર, કપરાડા, વાંસદાના ગ્રામ્ય વિસ્તારોમાં છે.ત્યાં પણ બહુ શિક્ષિતો જોવા મળતા નથી. માત્ર બારડોલી, નવસારી, ચીખલીના ગ્રામ્ય વિસ્તારોમાં જયાં શિક્ષણની સુવિધાઓ છે ત્યાં તેમના શિક્ષણ પામેલા જોવા મળે છે. તેમની શિક્ષણની અજાગ્રતિ તેમને આગળ આવવા દેતી ન હોય તેવું ચિત્ર છે. તેમના શિક્ષણના પછાતપણાને લઈને જાગ્રતિ જોવા મળતી નથી.

**ઉપાય :** ગોંડ-રાજગોંડ સમૂહના લોકો જયાં શહેરોમાં વસે છે, ત્યાં નજીકમાં શિક્ષણ સુવિધા તો છે. પણ તેમને પ્રેરણા આપવી જોઈએ અને સાથે સાથે તેમના વ્યવસાયિક માળખામાં સુધારો કરી તેમને શિક્ષણ તરફ વાળવા જોઈએ. શક્ય બને તો વસવાટ પાસે શૈક્ષણિક વાન ઉભી રાખી,તેમના બાળકોને શિક્ષણની સુવિધા પૂરી પાડવી જોઈએ. આદિ-યોજનાઓમાં થતા શૈક્ષણિક ખર્ચમાંથી આવા શહેરી આદિવાસી કે જે અભણ છે તેમને સંદર્ભે સુવિધા પૂરી કરવા પગલાં લઈ સ્થાનિક જગ્યાએ શૈક્ષણિક સંકુલ ઉભુ કરી શકાય તો શક્ય છે કે તેનાથી તેમનામાં શિક્ષણનો પ્રસાર, પ્રચાર થશે. તેમના બાળકો માટે શૈક્ષણિક સાધનો, પુસ્તકો, ભોજન, રહેઠાણની પૂર્તિ કરાય તો વિશેષ ફેર પડશે તેમાં શંકા નહિ હોય.

(૭) **સ્વાસ્થ્ય-આરોગ્ય :**

ગોંડ-રાજગોંડ જાતિનું આરોગ્ય ભલે તેઓ દવાની જડીબુટ્ટીઓ વેચતા હોય પણ બહુ આરોગ્યપ્રદ હોય,તેવું તેમને જોયાં પછી લાગતું નથી. તેમની આર્થિક પરિસ્થિતિને લઈને, તેમના ખોરાક, પાણીની સુવિધાઓના અભાવે સારું કહી શકાય તેવું આરોગ્ય તમેને વસવાટી વિસ્તારમાં જોવા જાણવા મળતું નથી. ખુલ્લામાં ગંદી વસાહતમાં વસતા હોવાથી, ઉજાસ વિનાના વાતારવણને લઈને તેમની આરોગ્યની સ્થિતિ સારી જોવાતી નથી. સંડાસ, બાથરૂમ કે બીજી સુવિધાઓના

અભાવ તેમના આરોગ્યને ભારે હાની પહોંચાડે છે. જયાંથી પાણી ભરે છે કે સંડાસ, કપડાં કે સ્નાનાદી પ્રવૃત્તિઓ કરે છે. તે જાહેર નળે ત્યાં પૂષ્કળ ગંદકી હોય છે. આ બધી સુવિધાઓના અભાવો વચ્ચે તેમનું આરોગ્ય કથળેલું જોવા મળે છે.

**ઉપાય :** તેમના આરોગ્ય સંબંધિ,તેમના ખોરાક, પાણી અંગે ધ્યાન આપી,તેમાં સુધારો લાવવા માટે ઘટતાં પગલાં લઈ .સસ્તો ખોરાક પણ જે પૌષ્ટીક હોય તેવું ગોઠવાય,સાથે પાણીની સુવિધા અને તેનો નિકાસવ્યવસ્થિત બને તેમ ગોઠવવું જોઈએ. જાહેર જાજરૂ, બાથરૂમ કે કપડાં ધોવાના એકાદ બે જાહેર સ્થળો બનાવાય તો શક્ય છે. જે હારમારીમાં તેઓ જીવે છે, તેમાં તો સુધારો જરૂર થશે. જાહેર આરોગ્યની રીતે તેમના વસવાટી વિસ્તારમાં દવાનો છંટકાવ કરાવાય. તેમને ખુલ્લી જગ્યાના અભાવમાં થોડી વધારે જગ્યા ફાળવાય તો ગંદકી જોવા મળે છે. તેમાં કંઈ તો સુધારો થશે. ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય કેન્દ્રોની સાથે સાથે આવા સમૂદાયોને માટે થોડી આરોગ્યની સુવિધાઓ વધારવામાં આવે તો ત્યાં પણ તેમના આરોગ્યમાં કંઈ અંશે રાહત થશે.

**(૮) અંધશ્રધ્ધાઓ, દુષણો, વ્યસનો :**

ગોંડ-રાજગોંડ જાતિના લોકો વર્ષો પર્યતથી સ્થળાંતર કરીને મહારાષ્ટ્રના નાસિક, સતારાના વિસ્તારોમાંથી આવીને વસેલા છે. પરંતુ તેમને તેમનો સ્થળાંતરનો કોઈ ખ્યાલ આજે તેમનામાંના મોટાભાગને નથી. પરંતુ ગોંડ લોકોમાં અંધશ્રધ્ધા, ખોટી માન્યતાઓ પહેલાં પ્રવર્તતી હતી જે જૂના તેમના અભ્યાસમા નોંધાયેલી છે. તેના કરતાં આજે શહેરી વિસ્તારોમાં હોઈ પહેલાંની જેમ અત્યારે મેલીવિધિઓ ખોટી માન્યતાઓ કરતા જાણવા મળતા નથી. માતાની પૂજાવિધિ કરેછે. પણ પવિત્ર નાળિયેર, અગરબત્તી વગેરેથી કરતા જોવા મળે છે. તેમ છતાં અંધશ્રધ્ધાઓને લઈને ભૂવા-ભગત વગેરેમાં માને છે અને વિધિઓ કરે છે ખરા. તેમનામાં હજુ અર્ધા લોકો માંસાહાર કે વિધિમાં વિધાનો જકડાયેલા છે. કેટલાકને દારૂ, બીડી, તમાકુ વગેરેના વ્યસનો ભારે માત્રામાં ઘેરી વળેલા જોવા મળે છે. આ અંધશ્રધ્ધાઓ, વ્યસનો તેમના વિકાસને આડે આવતા જોઈ શકાય છે.

**ઉપાય :** તેમને જાગ્રત કરીને ખોટી અંધશ્રધ્ધા અને માન્યતાઓમાંથી છોડાવવા માટે શિક્ષણ માત્ર સૌથી વધુ ઉપયોગી થઈ શકે તેમ છે. દેવ-દેવીઓની, ભુવા ભગતની બાધા માનતાઓમાં જે જકડાયેલા છે, તેમને સારી ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે સાંકળી, શિક્ષિત બનાવી સારા માર્ગે વાળવા જોઈએ. આજે તેમનામાં થોડા લોકો ખોટી માન્યતાઓ, જડતાઓ અને વ્યસનોથી અલગ થઈને સારું જીવન જીવે છે. તેમના સંપર્કો જેમ બને તેમ વધારીને તેમના લોકો દ્વારા જ તેમના ઘર કરી ગયેલા આ દુષણો, વ્યસનો અને ખોટી માન્યતાઓને દૂર કરી શકાશે.

(૯) **સંસ્કૃતિ :**

દેશની સૌથી વધુ આદિવાસી વસતિ ધરાવતી ગોંડ-રાજગોંડ જાતિનો પુરાણો સાંસ્કૃતિક ઈતિહાસ ઘણો જ સમૃધ્ધ છે, તેવું તેમના ઈતિહાસના પાને વાંચવા મળે છે. એ જ ગોંડ-રાજગોંડોની વસતિ સ્થળાંતર કરીને ઘણી પેઢીઓ પહેલાંથી ગુજરાતમાં વસેલી જાણવા મળે છે. પરંતુ તેમના સંસ્કૃતિક ઈતિહાસ વિશે પ્રકાશ પાડી શકતી નથી. પણ તેમનું અજાણપણું, સાદુ, સરળ જીવન ગરીબી હેઠળનું જીવન ભલે તેમને તેમ જીવવા ફરજ પાડે આ જાતિની સંસ્કૃતિ ઉપર શહેરી અસરો કે વિસ્તારની અસરો થયેલી તેમની વાતો ઉપરથી જાણવા મળે છે.

ઉપાય : તેમના અભ્યાસ ઉપરથી લાગે છે કે તે અજાણી હોઈ, નજર બહાર હોઈ તેમનો કોઈ સાંસ્કૃતિક ઈતિહાસ જોવા મળતોનથી. પણ તેમની જીવનપદ્ધતિ તેમના સાંસ્કૃતિક વારસાની દેન છે. તે સાચવવા માટે તેમને જે સંઘર્ષ કરવો પડે છે તે શહેરને લીધે છે. તો તેમના આ સાંસ્કૃતિવારસા સંદર્ભે લેખિત સાહિત્ય અને મ્યુઝિયમ જ એક ઉપાય છે. તેમ કરીને તેમની થોડીક પણ સાચવણી કરવી જોઈએ. જેથી સાવ નિમૂલન બનતી આ જાતિની સાંસ્કૃતિક પ્રથાઓ થોડીય તો સચવાશે.

સરકારશ્રી દ્વારા ચાલતા, આદિવાસી વિકાસ વિભાગ દ્વારા, આદિવાસી વિસ્તારો અને આદિવાસી સમૂદાયો માટે, તેમના વ્યક્તિગત અને સામૂહિક, અનેકાએક કલ્યાણકારી વિકાસના કાર્યક્રમો અવિરત ચાલુ રખાયા છે. આઝાદી બાદ વિકાસ ઘટક યોજનાઓથી શરૂ કરીને, આજે પ્રાયોજના કચેરી દ્વારા ન્યુ ગુજરાત પેટર્ન જેવી, નવીન વિકાસની ક્ષિતિજો સંદર્ભે, અનેક અવનવી યોજનાઓ દાખલ કરીને, તેનો અમલ કરાયો છે. આદિવાસી જાતિ સમૂદાયો અને વિસ્તારોને અનુસંધાને યોજનાઓનું સઘન અમલીકરણ કરવાથી તેના વિકાસના ફળો ઘણે બધે ઠેકાણે જોવા-જાણવા મળે છે. જે જાગ્રત છે તેમને આ યોજનાઓના લાભોનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો છે. જે જાગ્રત નથી,તે લાભોથી વંચિત છે. ત્યાં સમસ્યાઓ ઠેર ની ઠેર દેખાય છે. આમ તેમની અંગત તેમજ વિસ્તારની સામૂહિક સમસ્યાઓ એવા એકબીજા કારણોસર ઉકેલાઈ શકાય હોય તેમ લાગતું નથી. તેને માટે હજુ વધુ પ્રયત્નો આદરીને બનતાં પગલાં ઝડપથી લેવા જોઈએ. વંચિતોને અને વિસ્તારોને શોધીને તે પણ ગ્રામ્ય વિસ્તારમાં હોઈ કે શહેરી વિસ્તારમાં હોય તેમણે શોધી યોજનાઓના લાભો પૂરાવા પડશે. તો જ કદાચ યોજનાઓના ઘડતરનો પૂરેપૂરો અર્થ સરશે. તેમાં પણ યોગ્ય વ્યક્તિ કે વિસ્તારને ખ્યાલમાં નહીં રખાય તો આઝાદી બાદ જેમ બનતું આવ્યું છે તેમ યોજનાઓ કાગળ ઉપર જ સારી લાગશે અને ખર્ચેલા નાણાંનો અથ શરતો ન હોય તેમ ચોક્કસ દેખાશે.

**વિકાસ અને પરિવર્તન :**

ભારત દેશ આઝાદ થયો કે તરત જ નવી રચાયેલી સરકારે દેશના વિકાસના ખ્યાલમાં સતત આવી રહેલા પરિવર્તનના સંદર્ભે જરૂરી સુધારા વધારા સાથેના પગલાં લઈને, સ્વતંત્રા બાદ આયોજિત

વિકાસ સંદર્ભે પંચવર્ષીય યોજનાઓ દાખલ કરીને અમલી બનાવીને માત્ર વૃધ્ધિનો જ ખ્યાલ નહીં પણ વિકાસની નવી કેડીનો અભિગમ અપનાવ્યો હતો. પ્રથમ પંચવર્ષીય યોજનાથી લઈને આજે દસમી પંચવર્ષીય યોજના સુધીમાં આયોજિત વિકાસ માટેની દરેક યોજનામાં ભિન્ન ભિન્ન સેકટરવાર (ખેતી, શિક્ષણ, સિંચાઈ યોજનાઓ) વગેરે જેવા અનેકવિધ પાસાંઓને ધ્યાનમાં રાખીને એક યા બીજી યોજનાઓમાં ભાર આપીને, જે તે પાસાંઓ સંદર્ભે વિકાસ માટેના સતત પ્રયત્નો આદર્યા હતા. તેમાં આ આયોજિત વિકાસ માટે વર્ષોવર્ષ અભિગમ પણ બદલાયા હતા. આ વિકાસ માટેની સતત આગેકૂચમાં ઘણે ઠેકાણે તેનાથી વિકાસ સાથે પરિવર્તન આવેલું જોઈ શકાય છે. તેનાથી દેશના ઊંડાણના, દુર્ગમ વિસ્તારોમાં વસતા સમૂદાયોમાં પરિવર્તન આવેલુ જોઈ શકાય છે. આયોજિત વિકાસ યાત્રામાં કેટલાક સમાજો એકબીજા કારણોસર કદમ મિલાવી ન શકવાને કારણે પાછળ રહી જવા પામ્યા છે.

દેશમાં અનુસૂચિત જનજાતિઓ માટેના આયોજિત વિકાસના અભિગમો વર્ષો વર્ષ તેમાં કંઈને કંઈ બદલાવ સાથે વિકાસ કાર્યક્રમ હેઠળ આવરીને અમલી બનાવાયા હતા.જેમાં આઝાદીથી અત્યાર સુધીમાં નીચે મુજબ અનેક પગલાંઓ લીધા હતા.

(૧) અનુસૂચિત જનજાતિ માટે ખાસ વિકાસ આયોજન (૧૯૫૧)

(૨) પંચશીલનો સ્વીકાર (૧૯૫૬)

(૩) અનુસૂચિત જનજાતિ વિકાસ માટે બહુહેતુક વિકાસ ઘટકો(બ્લોક)ની શરૂઆત (૧૯૬૧)

(૪) સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ (T.S.P.) ની શરૂઆત (૧૯૭૪)

(૫) આદિજાતિ વિસ્તારમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ અને ૫૦ ટકા આદિજાતિ કુટુંબોને ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ આવરી લેવા (૧૯૮૫)

(૬) 'ટ્રાયફેડ' (PTribal Co. operative Marketing Development Federation) ની સ્થાપના (૧૯૮૭) રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ/જનજાતિ નાણાંકીય વિકાસ નિગમની સ્થાપના (૧૯૮૯)

(૭) ૭૩મો ૭૪મો બંધારણીય સુધારો અને ગ્રામસભા દ્વારા આદિજાતિની વિકાસમાં ભાગીદારી (૧૯૯૩) Extension to the Scheduled areas) Pesh(૧૯૯૬)

(૮) કલ્યાણથી વિકાસ અને વિકાસથી સશક્તિકરણના ખ્યાલનો વિકાસ (૧૯૯૭) આદિજાતિ મંત્રાલયની સ્થાપના (૧૯૯૯) અનુસૂચિત જનજાતિ નાણાંકીય નિગમ અલગ બનાવવું (૨૦૦૧)

ઉપરોક્ત પગલાંઓ અનુસૂચિત જનજાતિના વિકાસને માટે લઈને અનેકવિધ કાર્યક્રમો હેઠળ અને છેલ્લે ન્યુ ગુજરાત પેટર્ન સહિતના, ગુજરાત સરકારના આદિવાસી વિકાસ વિભાગ દ્વારા વર્ષો પર્યન્તની મહેનતને કારણે,ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં અને જુદા જુદા આદિવાસી સમૂદાયોમાં કેટલેક ઠેકાણે ભારે માત્રામાં પરિવર્તન આવ્યું છે. તો કેટલેક ઠેકાણે એકબીજા કારણોસર કયાંક પછાતપણુ તો કયાંક

વંચિતો જોવા પણ મળે છે. તેમાં કયાંક ઝડપી પરિવર્તન તો કયાંક ખૂબ જ મંદગતિએ પરિવર્તન આવેલું છે. અહીયાં અભ્યાસ હેઠળની શહેરી વિસ્તારોમાં (અમદાવાદ, વડોદરા, હિંમતનગર, રાજકોટ, કેશોદ, ગાંધીધામ) અને ગ્રામ્ય વિસ્તારોમાં પંચમહાલ-શહેરા, સંતરામપુર, વલસાડ, ધરમપુર,કપરાડા, નવસારી, વાંસદા, ચીખલી, સુરત-બારડોલી, વ્યારાના ગામડાંઓમાં આઝાદીકાળ પહેલાંથી વસવાટી ગોંડ-રાજગોંડ જાતિ ઉપર અનેકવિધ પરિબળો દ્વારા સમયાન્તરે ઘણી બધી અસરો થવા પામી છે. જેમાં તેના વિકાસને સંદર્ભે પણ જોવા જઈએ તો વ્યક્તિગત કે સામૂહિક સરકારી પ્રયત્નો થયા હોય તેવું જોવા જાણવા મળતું નથી.

ગુજરાતની આદિવાસી જાતિઓમાં તેમના સાંસ્કૃતિક માળખામાં અનેતેમના વિવિધ પાસાંઓમાં અનેકવિધ આંતરબાહ્ય પરિબળોને કારણે અવિરત પરિવર્તનો આવી રહ્યા છે. તેઓ તેનાથી મૂળ તેમની પરંપરાગત રીતભાતો કાંતો છોડી રહ્યા છે અથવા તેમાં ઢીલાસ આવી છે. કેટલીક પરંપરાઓને તેમને સાચવી રાખેલી પણ જોવા મળે છ. એટલે આવી પરિસ્થિતિમાં ભેદ કરવો મુશ્કેલ પણ બને છે. છતાં આંતર બાહ્ય પરિવર્તનની પ્રક્રિયા ધીમી કે ઝડપી જોઈએ છીએ, તે માનવી પડે છે. જયાં તેઓ સંપર્કમાં ખૂબ જ ઓછા છે, ત્યાં પરંપરાગત માળખું સચવાયેલું છે. ગોંડ-રાજગોંડ જાતિમાં પણ તેમના વિવિધ પાસાંઓમાં પરિવર્તન આવી રહ્યું છે. ગોંડ-રાજગોંડ જાતિ આગળ દર્શાવ્યું તેમ શહેરી વિસ્તારોમાં અને કેટલેક ઠેકાણે ગ્રામ્ય વિસ્તારોમાં છૂટક છૂટક પથરાયેલી છે. તે અતિ અલ્પ સંખ્યા ધરાવતી અને લગભગ અજાણી આદિવાસી જાતિ છે. તે ખૂબ પ્રચલિત જાતિ નથી. પરંતુ વ્યવસાયિક કુશળતાવાળી જાતિ છે. જે જયાં જયાં શહેરી વિસ્તારમાં વસે છે અને બીજે દવાની જડીબુટ્ટીના વ્યવસાય સંબંધિ જાય છે. ત્યાં કુશળતાથી ધંધો કરે છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ જે વ્યવસાય કરે છે તે ખેતી, ખેતમજૂરી, પશુપાલન, હિરા ઘસવા કે છૂટકમજૂરી કરવી, તેમાં પણ કુશળતાથી રોજગારી મેળવે છે. તેઓ જયાં વસે છે, ત્યાં શહેરી અસરો તેમજ ગ્રામ્ય વિસ્તારની બીજી જાતિઓની અસરો હેઠળ પરિવર્તનની ઢબ અપનાવે છે. જે તેમને જોવા, જાણવાથી ખ્યાલ આવે છે. એ રીતે તેઓમાં શહેરી, ગ્રામ્ય વિસ્તારોની બે પ્રકારની રહેણીકરણીની પરિવર્તનની અસરો વર્તતાની જોવા મળે છે.

ગોંડ-રાજગોંડ જાતિ સમૂદાયના શહેરી વિસ્તારોમાં,જે કુટુંબો વસે છે. તેમાં માત્ર શહેરી પહેરવેશ કે ખાનપાનની અસરો વર્તતાતી જોવા મળે છે. તેમના વ્યવસાયિક જીવનમાં કે રહેઠાણમાં ઘણા બધા વર્ષોથી હજુ ઘણુ ઝાઝુ પરિવર્તન જોવા મળતું નથી. તેઓ હજુ બીજા વ્યવસાયો તરફ વળ્યા હોઈ એવું ચિત્ર જોવા-જાણવા મળતુ નથી. જેઓ ગ્રામ્ય વિસ્તારના જંગલ વિસ્તારમાં વસે છે, તે પણ ખેતી, ખેતમજૂરી, પશુપાલન સિવાય બીજી વ્યવસાયો કરતા માલૂમ પડ્યા નથી. તેમનામાં બાહ્ય સંપર્કના અભાવે શિક્ષણ કે પહેરવેશમાં ખાસ પરિવર્તન જોવા મળતું નથી. વિકાસની ગતિ પણ તેની આ વંચિતતાની સ્થિતિને લીધે બહુ સરાહનીય જોવા મળતી નથી. આ જાતિના વાંસદા, બારડોલી, નવસારી, વાલોડ વિસ્તારના જે ગ્રામ્ય વિસ્તારના, કેટલીક વિકસિત જાતિઓ સાથેના તેમના વસવાટી સંપર્કો છે. ત્યાં પોશાક, વ્યવસાય

કે શિક્ષણમાં અનુકરણીય પરિવર્તન જોવા-જાણવા મળે છે. ત્યાં વ્યવસાયો જે જૂના પશુપાલન કે ઉન વણવાના હતા તે લુપ્ત થયેલા છે, તેના સ્થાને શિક્ષિતો નોકરી કરે છે. બાકીના કેટલાક કુટુંબો હિરાઉદ્યોગ, લારી-ગલ્લા ચલાવવા, ચાની લારી ચલાવવી, ખેતમજૂરી કરવી કે બાંધકામમાં મજૂરી કરે છે. આમ ગોંડ-રાજગોંડ જાતિમાં વિકાસ અને પરિવર્તનની માત્રાઓ ત્રણે વિસ્તારોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે જોવા કે જાણવા મળે છે. ટૂંકમાં સમગ્ર જાતિ વિકાસથી વંચિતતા ધરાવતી, અજાગ્રત તેમજ અજાણી હોય, તેમના વિકાસના સંદર્ભે હજુ વિચારાશે નહીં, તો તેમની આ ચાલી આવતી પરંપરાગત ઢબની પરિસ્થિતિમાંથી તે કયારેય પોતાની જાતે આવી શકશે નહીં. કારણ કે આપમેળે તે પોતાનો વિકાસ સાધી શકશે. એવી કોઈ આશા રખાય એ તેમનો સ્થાનિક પરિસ્થિતિ તેમના સંસાધનો, શિક્ષણ તેમની પ્રવર્તમાન પરિસ્થિતિ તે કરવાને પ્રેરણા આપી શકે નહીં.

**ગરીબાઈ અને પરાવલંબન :**

ગોંડ-રાજગોંડ જાતિના કેટલાક કુટુંબો, જેઓ અમદાવાદ, વડોદરા, હિંમતનગર, રાજકોટ, આદિપુર-ગાંધીધામ જેવા શહેરી વિસ્તારોમાં ઘરવિહોણા ખુલ્લા પ્લોટોમાં વસવાટી છે. તેઓ મહદ્અંશે છૂટક દેશી દવાઓ વેચીને માત્ર જીવનનિર્વાહ કરે છે. એ સિવાયના બાકીના જાણવા મળેલા પંચમહાલ-શહેરા અને સંતરામપુરના ગ્રામ્ય વિસ્તારના તથા વલસાડના કપરાડા-ધરમપુરના ગ્રામ્ય વિસ્તારના જેઓને જંગલ વિસ્તારની અસરો છે. તેઓ ખેત, ખેતમજૂરી, પશુપાલન, જંગલ આધારિત જે મળે તે વ્યવસાયો આધારિત જીવનનિર્વાહ ગોઠવે છે. એ સિવાયના બારડોલી, નવસારી, વલોડ, વાંસદાના ગ્રામ્ય વિસ્તારોમાં જે વસે છે તેઓ ત્યાં હિરાઉદ્યોગ, ખેતમજૂરી, પાપડ વણવા, બાંધકામ કરવું, તૈયાર કપડાં વેચવા, શાકભાજી વેચવી, કરિયાણાની દુકાને, લારી ચલાવવી અને નોકરી કરવી જેવા નાના-નાના વ્યવસાયો કરીને જીવનનિર્વાહ ગોઠવે છે.

ગોંડ-રાજગોંડ જાતિની સમગ્ર વસતિમાંથી માંડ થોડા કુટુંબો શિક્ષણને લઈને નોકરી કરતા જોવા મળે છે. એ સિવાય થોડા કુટુંબો ખેતી, ખેતમજૂરી, પશુપાલન કરે છે. તેમની આર્થિક પરિસ્થિતિ માત્ર ખાધે પીધે સુખી હોય તેવી જોવા મળે છે. બાકીના કુટુંબો જેમની બહુ સંખ્યા હજુ વ્યવસાયિક સ્થિરતા વિહોણી હોઈ ગરીબાઈ અને પરાવલંબનની અવસ્થામાં જીવે છે. માંડ ૪૨૫ જેટલા કુટુંબો અને ૨૫૦૦ જેટલી અંદાજિત વસતિ ધરાવતી,આ જાતિની સમગ્રતયા પરિસ્થિતિ વિશે તો તેમની સમાજની આંતરિક બાબતોને ઢંઢોળીએ તો જ પહોંચી શકીએ તે વિના શક્ય નથી. ગોંડ-રાજગોંડ સમાજની ગરીબાઈ અને પરાવલંબનની જે સ્થિતિ જોવા મળે છે. તેમાં મહદ્અંશે નીચેના પરિબળો ભાગ ભજવે છે.

(૧) ગોંડ-રાજગોંડ જાતિના જે કુટુંબો,શહેરી વિસ્તારોમાં ખુલ્લા પ્લોટોમાં ઘરવિહોણી અવસ્થામાં વસે છે. તેઓ અણઅધિકૃત રીતે જે વસે છે. તેમની એ પરિસ્થિતિ,તેમના વિકાસને આવનારા પરિબળોમાં સૌથી અગ્રસ્થાને હોય તેમ જોવા-જાણવા મળે છે.

(૨) સમગ્ર જાતિની વસતિ સંખ્યામાં શિક્ષિતોની સંખ્યા નામ માત્ર પૂરતી છે. તેમનામાં જોવા મળતું અશિક્ષિતોનું પ્રમાણ પણ તેમના વિકાસને આડા આવતા પરિબળોનું એક મહત્વનું પરિબળ જોવા મળે છે.

(૩) આ જાતિના કેટલાક કુટુંબો, જેઓ હજુ જંગલ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં ડુંગરાળ, ખીણોવાળા, પથ્થરાળ જમીન વિસ્તારમાં વસે છે. તેઓ અપૂરતી ખેતીની જમીન અને ઘણા ઊંડાણના વિસ્તારમાં વસવાટ હોઈ, અપૂરતી વિકાસની તકોને લઈને, તેમના વિકાસમાં આડખીલીરૂપ હોઈ તેમ તેઓનું માનવું છે. જેમ કે સિંચાઈનો ખેતીમાં અભાવ, અપૂરતા ખેતી પેદાશોના ભાવ મળવા, બજાર વ્યવસ્થાનો અભાવ વગેરે.

(૪) જેઓ વાંસદા, નવસારી, વાલોડ, બારડોલીના સમૃધ્ધ શિક્ષણની સુવિધાઓ ધરાવતા વિસ્તારમાં વસે છે. પણ તેઓનું વ્યવસાયિક માળખું સારું ન હોવાથી તેમનો વિકાસ રુંધાય છે. તેમ જોવા-જાણવાથી પ્રતિત થાય છે. જેમકે હિરાઉદ્યોગની મંદી, ખેતમજૂરીમાં અપૂરતી રોજગારી, નાના નાના ગૃહઉદ્યોગો- લારી ચલાવવી, પાપડ વણવા, દુકાનમાં નોકરી કરવી, બાંધકામમાં મજૂરી, શાકભાજી વેચવી વગેરે.

(૫) આવક કરતાં જાવક વધારે છે. શહેરી અસરો અને છેલ્લા ગામોની વંચિતતાની દશા, આ બન્ને આ જાતિને ભારે વિટંબણામાં મૂકે છે. ખાદ્યાખોરાકી, સામાજિક, ધાર્મિક ખર્ચાઓ, વ્યસનો તેમને ખર્ચાઓમાં મુશ્કેલીમાં મૂકે છે.

(૬) તેઓ દારૂ-તાડી, ચા, બીડી, તમાકુ, ગુટખા જેવા વ્યસનો પાછળ આવકનો ઘણો હિસ્સો ખર્ચી નાખે છે. તેનાથી તેઓ વિકાસ શક્ય બને તેમ જોવા મળતું નથી.

(૭) શહેરી વિસ્તારોમાં વસતા હોવા છતાં, શિક્ષણનો અભાવ તેઓમાં જોવા મળે છે. તે તેમના વિકાસની આડે આવે છે. તેમનામાં જોવા મળતુ શિક્ષણનું નિમ્નસ્તર ,તેમના વિકાસની આડે આવનાર પરિબળોના મહત્વનું જોવા મળે છે. શહેરમાં હોવા છતાં અશિક્ષિતોનું પ્રમાણ ઘણું વધારે જોવા મળે છે.

(૮) તેઓ દિનપ્રતિદિન ગરીબ બનતા જાય છે. તેઓ તેમની ગરીબાઈમાંથી સ્વયં બહાર પોતે આવી શકે તેવી સ્થિતિમાં તેઓ પોતે નથી,તેવું આખુ ચિત્ર જોવા મળે છે.

(૯) તેઓ વ્યવસાયિક એક બે કરે છે તેવું શહેરનું ચિત્ર છે. જેના આધારે તેઓ કયારેય સારી દશામાં આવી શકે તેમ નથી.

# સંદર્ભસૂચિ

(૧) Census of India 1921 Vol. I. Pt. I.P. 112

Ibid 1931, Vol I.V + IP 391 and Ibid, 1941 and Census of India, Paper No. I.P. 10-17.

(૨) Census of India - 1971, 1981, 1991,2001

(૩) Distribution of Scheduled Tribes in States / UTS

Source : Census of India, 1991

(૪) Land and People of Indian.

(૫) States and union Territori-GS in -36 Volumes

Edited by S.C. Bhatt and .....

K- Bhargat, Gujarat, Volume-8

Publication, Kalpaz, Delhi-110052, 2001

(૬) Tribal Demograhphy inIndia - Census of India-1921, Vol.I

Pt. IP. 112, Ibid,

1931, Vol. I. Pt.IP. 391 and Ibid, 1971 and

Census of India, Paper No.IP. 10-17.

(૭) ગોંડ- ભારતની એક પ્રમુખ જનજાતિનો અભયાસ - ૧૯૮૩, ડો. નાયક/પંડ્યા

(૮) ગોંડ બ્રાહ્મણો એક અભ્યાસ - ઉષા ઠાકોરભાઈ બકાગવ, ૧૯૬૫

(૯) સુરત જિલ્લાની ગોંડ (ધનગર) જ્ઞાતિની આર્થિક-સામાજિક તપાસ, વર્ષ-૧૯૬૪